Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तक संख्या 20 ज/99
आगत सं० 22 ...
तिथि 91.2.2002
गुरुकुल पुस्तकालय काँगड़ी.

पुस्तकालय
गुरुकुल काँगड़ी.

20 ज / 99

॥ ગીતા ગુર્જરી ॥

(गीता गुर्जरी)

શ્રી મદ્ ભગવદ્ ગીતા સમશ્લોકી

કાશ્મીરી અને ભોજપત્રી પાઠભેદ તથા અધિક શ્લોકો મળી
૭૪૫ શ્લોકોનો સંપૂર્ણ અનુવાદ.

કર્તા

श्रीचरणतीर्थ

(રસેશાચાર્ય શ્રી ચરણતીર્થ મહારાજ)

(પૂર્વાશ્રમ—રાજવૈદ્ય જી. કા. શાસ્ત્રી)

સંવત ૨૦૦૪ ચૈત્ર, રામનવમી

ઈસ્વીસન ૧૯૪૮ એપ્રિલ

रसशाला इलेक्ट्रीक प्रिन्टींग प्रेस-गोंडल.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પ્રકાશક

રસશાળા ઔષધાશ્રમ
ગોંડલ, કાઠીઆવાડ.

—: બધા અધિકાર સ્વાધીન :—

ओ३म्
पुस्तक संख्या २० ग/११
पञ्जिका-संख्या २२५२२
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टॉक प्रमाणीकरण १९८४-१९८५

પરિચય:

૧ શ્રીમદ્ ભગવદ્ ગીતા પર આજ સુધીમાં પ્રકટેલાં દુનીયાની દરેક ભાષામાં સુમારે ત્રણસો જેટલાં ભાષાંતરો હોવા ઉપરાંત ઘણું લખાયું છે. તોય પ્રત્યેક વિદ્વાન તદ્‌વિષયક લખવા પ્રેરાય છે ત્યારે તેને ગીતા સંબંધે ઘણું નવીન ને રહસ્યપૂર્ણ લખવાનું સ્ફુરે છે. અર્જુન જેવા વિષાદે ઘેરાયેલી અત્યારની દેશકાલીન કે વિશ્વ પરિસ્થિતિનો વ્યામોહ ઉડાડતા ને સંસારને તેની નિયતિ પ્રતિ દોરતા એ અદીઠ સારથીની રણબંસી સમી ગીતાનું અનુશીલન જ સહુ પાઠકને પોત પોતાની ભૂમિકાજોગો તેવો અનુભવ કરાવી રહે છે માની કે જો સર્જ્યું હશે તો કદાચ તરતમાં વિશ્વને પાટલે થવા નિર્માયેલા એ કાલ પુરુષના વિરાટ દર્શન યોગે સહુને સહેજે જોવા-જાણવા મળશે વિચારી. આ પરિચય લેખની મર્યાદા જોઈ તેવું કાંઈ લખવું અત્ર અપ્રસ્તુત ગણી ઠેલું છું.

૨ આજસુધીમાં ગીતા પર ગુજરાતીમાં ૩ સમશ્લોકી ભાષાંતર પ્રસિદ્ધ થયાં છે. તેમાં આ એક ઉમેરાય છે. ગુજરાતી ગીતા સાહિત્યમાં એક અનોખાં ને અનુઠાં કાવ્યરત્નનો ઉમેરો કરતી આ ગુર્જરી ટીકા અને તેના કર્તા વૈદરાજ જીવરામ કાલીદાસ શાસ્ત્રીજીનો પરિચય આપવામાં પોતીકો પરિચય પામવા જેવું છે એવા તેઓ લબ્ધપ્રતિષ્ઠ અને જગપ્રસિદ્ધ છે, એટલો દોષ વહોરીને પણ ગુણકથન, વૈભવગાન કે મહિમાવાદનનો પ્રશસ્ત ભાવ વ્યક્ત કરી શકાયાનો ગૌરવ-અધિકાર સુખભાવે આનંદવા માગુ છું

આ સમશ્લોકી સંસ્કૃતના એક મહાન આંતરરાષ્ટ્રીય વિદ્વાન ને આયુર્વેદ, જ્યોતિષ, ઈતિહાસ, કર્મકાંડ, સંસ્કૃત કાવ્ય નાટક અલંકાર, સ્તોત્ર તંત્ર વગેરે વિષયોના ગ્રથકર્તાની માતૃભાષાની સેવા કે પ્રસાદી સમી છે વૈદરાજે આજ સુધીમાં પ્રસિદ્ધ કરેલા ગ્રંથો પૈકી ગુજરાતી કવિતાના રૂપનો આ બીજો ગ્રંથ છે પહેલો ગ્રંથ દસ વર્ષો પહેલા એક જ્યોતિષ ગ્રંથને ગુજરાતીમાં સમશ્લોકી-ગીતિવૃત્તમાં રચી પ્રકટ કરેલો.

૩ વૈદરાજે સન ૧૯૧૦ માં રસશાળા ઔષધાશ્રમની સ્થાપના કરી ને તે દ્વારા પ્રજાને સસ્તાં શાસ્ત્રસિદ્ધ ઔષધો પૂરાં પાડવાનુ આયુર્વેદની પુનઃપ્રતિષ્ઠાનું જીવનવ્રત આદર્યું. તદુપરાંત પોતે સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન રહ્યા. એટલે ગ્રંથસંગ્રહ અને શાસ્ત્રસંશોધનનું કાર્ય પણ સાથોસાથ કર્યા કર્યું. રસશાળાના વ્યાપારના નફાનો ઉપયોગ તેમણે હસ્તલિખિત તથા મુદ્રિત ગ્રંથોનાં સંગ્રહ, સંશોધન તેમજ પ્રકાશનમાં મુખ્યત્વે કર્યો છે. આજે રસશાળાના સરસ્વતી ગ્રંથભંડારમાં છાપેલાં ૨૦ હજાર ઉપરાંત લગભગ ૩૭ વિભિન્ન વિષયોનાં દસ હજારથી વિશેષ હસ્તલિખિત ગ્રંથો છે. તેમાં સેંકડે એંશી ટકા સંસ્કૃત ને બીજા પ્રાચીન ગુજરાતી, પ્રાકૃત કે અન્ય ભાષાના ગ્રંથો છે. જેની કિંમત લગભગ સોળ લાખ રૂપિયા ઉપરાંત અંકાય છે.

પોતે અંગ્રેજી ન જાણતા છતાં સંસ્કૃત વિદ્યાને પ્રભાવે પ્રતાપે એક વિદ્વાન જગતનો મિત્ર થઈ શકે છે તેનું વૈદરાજ આકર્ષક આદર્શ દ્રષ્ટાંત છે. પોતાની પ્રતિભાશાળી વિદ્વત્તાને લીધે તેઓ હિંદ ઉપરાંત ઈંગ્લેંડ, ઇટાલી, જર્મની, સ્વિટ્ઝરલેંડ, પોર્ટુગલ, પેલેસ્ટાઈન ફ્રાંસ વગેરે યુરોપીય ને મેકસીકો, આરજેન્ટાઇના. બ્રાઝીલના અમેરિકા યુનાઇટેડ સ્ટેટ્સ આદિ પશ્ચિમ ગોળાર્ધના દેશોમાં સંખ્યાબંધ પ્રશંસકો, મિત્રો ને શિષ્યો ધરાવે છે. આંગળીને વેઢે ગણાય તેટલા આપણા આંતરરાષ્ટ્રીય હિન્દી સપૂતો માંહેના ... નેતાઓ, કવિઓ, વિદ્વાનો,

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાસાયણિકો કે સંશોધકોમાં વૈદ્યરાજનું સ્થાન પ્રથમ કોટીનું છે. તે તે દેશોની વિવિધ સંસ્થાઓ તરફથી તેમને અનેક પદવિઓ એનાયત થઇ છે. બાયોગ્રાફીકલ ઈન્સાઇકલોપીડિયા ઓફ ધિ વર્લ્ડ, ન્યુયોર્ક તરફથી બહાર પડેલ વર્લ્ડ બાયોગ્રાફીની ૧૯૪૭ ની સાલની ૨૦૦૦ પાનાની આવૃત્તિ કે જેમાં હિંદના મહાન પુરુષો ગણાતા મહાત્મા ગાંધીજી, પં. શ્રી જવાહરલાલ નેહરૂ જેવા ૫ પુરૂષોનાં જીવન ચરિત્ર ને સ્થાન મળ્યું છે તેમાં વૈદ્યરાજજીનો પણ સમાવેશ થયો છે. વીચી ફ્રાન્સની ઇન્ટરનેશનલ ઓડર ઓફ ધી સી ક્રાઉન તરફથી તથા બેલ્જીયમ તરફથી નાઈટ કમાંડર ની પદવી મળેલ છે તે સિવાય અરજેન્ટાઇના, ઇટાલી, બ્રાઝીલ, યુનાઇટેડ સ્ટેટ્સ અને બીજા દેશોની વિવિધ સંસ્થાઓએ પોતાના મેંબર કે ઇંડિયાના પ્રેસીડેંટ ચુંટેલ છે હાલમાં જ જાણવામાં આવ્યું છે કે નોર્વેનું છેલ્લી સાલનું નોબલ પ્રાઇઝ વૈદ્યરાજ ને આપવા માટે તેમના યુરોપ અમેરિકાના વિદ્વાન મિત્રોએ તે સંસ્થાને ભળામણ કરી છે.

હિંદમાં આયુર્વેદ ને સંસ્કૃતના ક્ષેત્રમાં તેમનું ઉચ્ચું સ્થાન છે. સને ૧૯૪૧ માં લાહોર ખાતે મળેલાં અખિલ ભારતવર્ષીય આયુર્વેદ મહાસંમેલને તેમને પ્રમુખ ચુટી બહુમાન આપ્યું હતું. તે વેળાનું તેમનું પ્રમુખકીય ભાષણ, આયુર્વેદને જગતની પ્રચલિત વૈદક પદ્ધતિઓમાં અગ્રસ્થાને સ્થાપતું અને શારીર વિજ્ઞાનમાં નવો પ્રકાશ પાડતું છે.

અકિંચન સ્થિતિમાં જન્મી ઉછરી, વિષમ સંજોગો વચ્ચે ઝૂઝી વિદ્યા સંપાદન કરી થોડામાં થોડી મૂડીથી એક કર્તવ્યનિષ્ઠ વિદ્વાન્ જીવનમાં કેવા સાર્વત્રિક સફળતા મેળવી શકે છે તે રસશાળા ઔષધાશ્રમની મુલાકાત લેનારાઓ જોઇ શકે છે.

૪ મારા સ્વર્ગસ્થ પિતાશ્રીના વખતથી એમની સાથે અમારે કૌટુંબિક સ્નેહ ચાલ્યો આવ્યો છે, છેક બાલ્યકાળથી હું તેમના પરિચયમાં હોવાથી એમનાં એકધારાં સાદાં સરલ, તપોમય ઋષિજીવન ને જ્ઞાનથી પરિચિત ને પ્રભાવિત રહ્યો છું તેમણે સંગ્રહેલા હજારો હસ્ત· લિખિત ગ્રથોનું તેમણે પરિશીલન કર્યું છે. તે દસહજાર ગ્રંથોનું સૂચીપત્રક પ્રકટ થયેથી તેની મૌલિકતા સર્વ વિદિત થશે. રસશાળાના બહોળા વ્યાપાર વહિવટની ખટપટમાં પગ માથા સુધી પરોવાયેલા છતાં આવાં શાસ્ત્રીય કામ માટે તેમનામાં ટકી રહેલાં ને વૃદ્ધિંગત થયેલાં રસ, સમય ને શક્તિ જ એમનું વ્યક્તિત્વ છે.

૫ શાસ્ત્રજ્ઞ છતાં ચાલુ રાજકારણથી લગીરે અજ્ઞાત કે અલિપ્ત નથી. તેના પણ ઉંડા અભ્યાસી છે. વર્તમાન રાજકાર્ય કુશળ મુત્સદીઓ અને બીજાઓ તેમનાથી સલાહ મેળવતા રહે છે. આવું સાર્વદેશિક તલસ્પર્શી જ્ઞાન જ એમની પ્રતિભા છે.

છેલ્લાં પાંચેક વર્ષથી તેમના પુત્રોએ રસશાળાનો ઘણો ખરો બોજો હળવો કરી દીધો છે એટલે પોતે છ મહિના પહેલાં વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો છે. આમ કરવામાં પણ તેમનો આશય શાસ્ત્રની નિર્ધારિત સેવા કરવા માટેની અનુકૂળતા પ્રાપ્ત કરવાનો છે. સન ૧૯૧૦ થી ૧૯૪૭ સુધીનાં ૩૮ વર્ષમાં વૈદ્યરાજે એકધારી શાસ્ત્રની, પ્રજાની, દેશના એક ખુણામાં રહી મૌનપણે જે સેવા કરી છે એ એમનું તપ છે. એ ૩૮ વર્ષોમાં એવો એક પણ દિવસ ભાગ્યેજ વીત્યો હશે કે જે દિવસનો એકાદ કલાક નકામો ગાળ્યો ગણાવાય, રસશાળાના તમામ કાર્યકરોને રવિવાર કે તહેવાર કે બીજી ઘણી રજાઓ સાંપડતાં વિશ્રાંતિ મળે છે ત્યારે વૈદ્યરાજને આઠે વાર અઠ્ઠાના જેવા વીતે છે. સ્નેહી સગાં સંબંધીઓ કે અતિથિઓનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગમન કે વ્રતઉત્સવ સંસ્કારજન્ય વિશેષપ્રસંગ પુરતા તેઓ કામ આડે નિવૃત્ત થતા દેખાય છે એટલી ને એવી સ્થિતિને જો વિશ્રાંતિ લેખાય તો તે તેઓ પામે છે. જેથી તેમના કુટુંબિઓ, પરિચિતો કે અંતેવાસીઓનું મન સંચવાઇ રહે છે. બાકી તો બારે માસ તેઓ ૧૪ થી ૧૮ કલાક સુધી એક જુવાનને શરમાવે તેવું કામકાજ આજે ૬૩ વર્ષની અવસ્થાએ કરી રહ્યા છે. વીસહજાર વાર જમીનમાં ફેલાયેલી રસશાળાના બગીચામાં પણ બારમહીને બે ચાર વાર કોણ જાણે તેમને લટાર મારવાનો વખત મળતો હોય તો! ને તે કોઇ કારણ પુરતું નીકળવું પડયું હોય તો જ. સિવાય પોતાની બેઠકના બારણા બહાર કે પગથીયાં નીચે પગ મુકવાનું ને મન પ્રાણને બહેલાવવા નાટક સિનેમા દર્શન, ઉદ્યાનભ્રમણ કે સભા સરઘસે થી માંડી આજે જીવનમાં પ્રવેશેલાં અનેકવિધ રોકાણો કે હળવા આમોદ-પ્રમોદથી તેઓ દૂર રહ્યા છે. આવાં પ્રવૃત્તિમય, સ્થિરાસની, શાંત, નિરૂપદ્રવી, એકાંતપ્રિય સાત્વિક જીવનને ગીતાની પરિભાષામાં ઘટાવીએ તો સમત્વ યોગી, નિઃસ્પૃહ, નિષ્કામ, નિર્મોહ કે સ્થિતપ્રજ્ઞ યજ્ઞભાવી લેખાવી શકય.

૬ રસશાળાના સરસ્વતી ગ્રંથભંડારનાં દસહજાર હસ્તલિખિત પુસ્તક સંગ્રહમાં ગીતાની જ ૧૦૭ હસ્તપ્રતો છે. તેમાં કાશ્મીરી પાઠને અનુસરતી અને ભોજપત્ર પર લખેલી ગીતાની ખાસ વિશેષતા છે કાશ્મીરી પાઠવાળી ગીતામાં ૨૩૦ પાઠભેદો અને ૨૩ શ્લોકો વિશેષ છે. કાશ્મીરમાં સંસ્કૃતમાં અને જર્મનીના પ્રો. શ્રોડરે રોમન લિપિમાં તે ગીતા દસકાઓ પહેલાં છપાવેલી. રસશાળાની ભોજપત્રની હસ્તપ્રત કાશ્મીર પાઠને મળતી છે. તેમાં ૨૩૪ પાઠભેદ અને ૧૪ શ્લોક વધારાના છે. આ કાશ્મીરી પાઠ ઉપર સન ૧૯૩૬ ના વર્ષે વૈદરાજે ચંદ્રઘંટા સંસ્કૃત ટીકા અને પાઠભેદ ઉપર સિદ્ધીદાત્રી ટિપ્પણી તથા તેનું ગુજરાતી તથા અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ કર્યું. એ ગીતા હિંદ અને યુરોપ અમેરિકાના વિદ્વાનોમાં ઘણો આદર પામી છે. ને ત્યાંના ખ્યાતનામ વિદ્વાનોએ ત્યાં ખાતેનાં વર્તમાન પત્રો ને સામયિકોમાં તેની લંબાણુ પ્રશસ્ત સમાલોચનાઓ કરી છે. સન ૧૯૨૯ માં રસશાળા ગ્રંથ ભંડારમાં ભોજપત્ર પર લખાયેલી ગીતાની એક હસ્તપ્રત પ્રાપ્ત થઈ જેમા ૨૩૭ પાઠભેદો અને ૫૧ શ્લોક વધુ છે. આ બન્ને હસ્તપ્રતોની મૌલિકતા એ છે કે તેમાં હાલમાં વંચાતી પ્રચલિત ગીતાના ૭૦૦ શ્લોક પુરા છે. ને તે ઉપરાંત જુદા જુદા અધ્યાયમાં જુદે જુદે પ્રસંગે શ્રી કૃષ્ણે ઉચ્ચારેલા તુટતા શ્લોકો છે.

૭ સન ૧૮૩૬ માં છપાવેલી ગીતાની ગુજરાતી-અંગ્રેજી ત્રીશ ત્રીશ પાનાની પ્રસ્તાવનામાં તેમણે ગીતાના 'પ્રશ્ન' સંબંધે કેટલીક બાબતો વિશદ કરેલી. પણ સન ૧૯૪૧ માં છાપેલી ભોજપત્રી ગીતામાં ૬૦ પાનાની સંસ્કૃત અને ૯૦ પાનાંની અંગ્રેજી પ્રસ્તાવનાએ તો વિદ્વાનોને ચકિત કર્યા છે. ગીતા પરત્વેના ઘણા પ્રશ્નો એમાં છણાયા છે છતાં તેઓ કહે છે કે હવે પછી ચંદ્રઘંટા સંપૂર્ણ ટીકાટિપ્પણી સાથેની જે ગીતા પ્રકટ થનાર છે તેની પ્રસ્તાવના આગળના કરતાં ઘણી વિસ્તૃત થશે ને બાકી રહેલા કે નવા ઉપસ્થિત થયેલા ગીતા સંબંધેના વિવાદ-ગ્રસ્ત પ્રશ્નોને તેઓ વિશદ કરશે.

૮ એ તો સર્વવિદિત છે કે ગીતા એ શ્રીકૃષ્ણ ને અર્જુન વચ્ચે મહાભારત યુદ્ધના પ્રારંભમાં થયેલા સંવાદનો શ્રી વેદવ્યાસે શ્લોકબદ્ધ કરેલો મહાભારતાંતર્ગત ધર્મગ્રંથ છે. શ્રી વ્યાસને પોતાને પોતાની ગીતારૂપી કૃતિમાં વિશેષતા લાગવાથી ગીતા પૂરી થયા પછીના મહાભારતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળના અધ્યાયમાં તેમણે ગીતાની શ્લોકસંખ્યા સંબંધે સ્પષ્ટીકરણ કરતાં કહેલ છે કે "શ્રીકૃષ્ણના ૬૨૦, અર્જુનના ૫૭ સંજયના ૬૭ અને ધૃતરાષ્ટ્રનો ૧ મળી ગીતાની શ્લોકસંખ્યા ૭૪૫ની છે." એક હજાર ત્રીશ વર્ષો પહેલાં થઈ ગયેલા અરબસ્તાનના સંસ્કૃત વિદ્વાન અલ્બેરૂનીએ પોતાના ઐતિહાસિક ગ્રંથમાં ગીતાની શ્લોકસંખ્યા ૭૪૫ લખી છે. અને ત્યારપછી અરબ્બી, ઉર્દુ પર્શ્યન ભાષામાં ગીતાનાં ભાષાંતર કરનારા તે તે વિદ્વાનોએ પણ ગીતાની શ્લોકસંખ્યા ૭૪૫ની સ્વીકારી છે. ત્યારે હાલમાં વંચાતી ગીતામાં ૭૦૦ શ્લોક છે. ભગવાન શ્રી આદિ શંકરાચાર્યે ૭૦૦ શ્લોકની કે ૭૪૫ શ્લોકની ગીતા પર ભાષ્ય લખેલું એ વાત અનિશ્ચિત છે કારણ કે તેઓએ પોતાના ભાષ્યમાં જે જે ટીકાઓનો ઉલ્લેખ કર્યો છે તે હાલ સુધી ઉપલબ્ધ નથી. ગમે તેમ પણ તેઓએ સ્વીકારેલા પાઠનો તેમના પછીના શ્રી રામાનુજ, મધ્વ નિંબાર્કાદિ આચાર્યોએ સ્વીકાર કરી પોતપોતાના સાંપ્રદાયિક સિદ્ધાંત પ્રમાણે ખેંચતાણ કરી છે. અને કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત વગેરે વાદનું દરેકે પ્રતિપાદન કર્યું છે. તેવું સાંપ્રતક જે ગીતા પર પોતાનાં મનન ને મંતવ્યો પ્રકટાવનારા સહુ વિદ્વાનોને માટે પણ બન્યું છે. તેથી તેમ ગીતાના ખૂટતા શ્લોક સંબંધે અન્વેષણ ન થવાથી ૭૦૦ શ્લોક સંખ્યાવાળી ગીતા જ ચલણી બની રહી છે. મુદ્રણકળાના આ જમાને છપાઈને એકવાર કે સર્વ પ્રથમ ૭૦૦ શ્લોકવાળી પ્રકટ થયા પછી તે જ ગીતા ઉપર દેશવિદેશોની ભાષાઓમા રૂપાંતરો થયાં કર્યાં છે, જે સ્વાભાવિક છે.

ગીતાના ઉપદેશનો હેતુ તો સ્પષ્ટ છે અસંદિગ્ધ છે, કે સગાસંબંધીઓનો વિનાશ જોઈ અર્જુન યુદ્ધથી અચકાઈ ઉભો. તેને યુદ્ધમાં પાછો પ્રેરી પ્રોત્સાહીને જોડીને શત્રુઓનો સંહાર કરવાનું કાર્ય ગીતાના ઉપદેશ પછી શ્રીકૃષ્ણે અર્જુન પાસે આટોપાવ્યું. પાંચ હજાર વર્ષ પહેલાં ઉપદેશાયેલો શ્રીકૃષ્ણ-અર્જુન વચ્ચેનો સવાદ કોઈપણ જાતના સાંપ્રદાયિક વાદને પ્રાધાન્ય આપતો નથી. ગીતા ઉપરની વૈદ્યરાજની સંસ્કૃત અંગ્રેજી ગુજરાતી ટીકાઓની એ જ વિશેષતા છે કે પોતે જાતે સ્માર્ત-શ્રીશંકરાનુયાયી હોવા છતાં ગીતા બાબત એક સ્વતંત્ર વિચારક તરીકે સિદ્ધ થાય છે.

૯ શ્રી કૃષ્ણ-અર્જુન વચ્ચેના સંવાદને શ્રી વેદવ્યાસે શ્લોકબદ્ધ કર્યો. તે અસલ શ્લોકોમાં શુદ્ધ અર્થ શું નીકળે છે કે શ્રી કૃષ્ણ અર્જુનને શું ઉપદેશે છે તે વસ્તુની વ્યાપ્તિ અને હેતુ મનમાં રાખીને કોઈપણ વાદ-પક્ષમાં ખેંચાયા વગર તેમણે ટીકાઓ કરી છે કે જેથી ગીતા સંબંધે વિદ્વાનોએ બાંધેલા ઘણા સિદ્ધાંતો પલટી જાય છે. એ સામાન્યતા કે વિશેષતાએ જ દુનિયાના વિદ્વાનોને તેમણે આકર્ષ્યા છે તેમજ સચ્ચો, વાસ્તવદર્શી શુદ્ધ અર્થ ને વિચાર પ્રેર્યો છે. રાષ્ટ્રની રાજભાષાને સ્થાનેથી ચ્યુત થયેલી ને અત્યારે મૃત કહેવાતી સંસ્કૃત ભાષામાં રચાયેલી ગીતાને સમજાવવા ટીકાટિપ્પણીઓ કરવી પડે તેટલે દરજ્જે આ દેશમાં ગીર્વાણ ગીરાની ઉપેક્ષા થયાનું આ બધું પરિણામ છે કે પ્રાંતિક ભાષાની પ્રાકૃતતાથી ઊંચે ન આવી શકતી અબોધ સ્થિતિનું એ ફળ છે. આવડા વિશાળ દેશને તેના પ્રાંત પ્રાંતોથી અળગા પાડી દેતી રાજતંત્રી સ્થિતિની વિષમતાના યુગનાં એ બધાં લક્ષણો છે, એ આ યુગમાં નીવારાતાં પુનઃ સંસ્કૃત ભાષાનો ઉત્કર્ષ, સત્કાર અને વાપર ફેલાતો જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ સંસ્કૃત ભાષાના આવા વિદ્વાન પોતાની માતૃભાષા ગુજરાતીમાં ગીતાનું સમશ્લોકી કરવા પ્રેરાય એ તે સંસ્કૃતની સેવા સમું ગુર્જર સાહિત્યને આનંદ ને ગૌરવદાયી છે. છતાં કોઈ પણ સંસ્કૃત કાવ્યનું પોતાની ભાષામાં સમશ્લોકી રૂપ આકારવું એમાં સંસ્કૃત ભાષા પરનો વિશાળ કાબુ હોવા જેટલું જ માતૃભાષા પરનું સ્વામિત્વે અગત્યનું ને મુખ્ય બને છે. એ દ્રષ્ટિથી જોતાં આ સમશ્લોકી ભાષાંતર સરલ, સાર્થ, રસિક રહસ્યપૂર્ણ મર્મસ્પર્શી ને આનંદકર બન્યું છે. સદ્‌૦ કવિ શ્રી ન્હાનાલાલ, સત્સંગી શ્રી મશરૂવાળા ને ભાઈ હરિલાલ જાનીના સમશ્લોકી અનુવાદો તથા ગીતા સંબંધે દેશી વિદેશી બીજું ઘણું કહેવાય તેટલું સાહિત્ય મેં વાંચ્યું વિચાર્યું છે. તે બધાને આતરી લેતી આ ભોજપત્રી ૭૪૫ શ્લોક સંખ્યાની ગીતાની વૈદરાજની સમશ્લોકી 'ગીતા ગુર્જરી' ટીકાએ મને ભારે મુગ્ધ કર્યો છે. મારા કથનની પુષ્ટિ અનુભવવા આ ગુર્જરી ગીતા વાંચનારાઓને આગ્રહ કરૂં છું કે તેઓ બીજા સમશ્લોકી ગુજરાતી અનુવાદોથી સરખાવી જોતાં જઈ કે સંસ્કૃત સમજનારાઓ મુળ શ્લોકો સામે રાખીને આ સમશ્લોકી વાંચે. વૈદરાજ હવે પછી બીજા પણ સંસ્કૃત કાવ્ય નાટક કે ધાર્મિક ગ્રંથોનું ગુજરાતીમાં પદ્યાત્મક રૂપાંતર કરવામાં થોડો સમય આપ્યા કરશે તો તેથી ગુજરાતી સાહિત્યમાં સાચી રંગત–સમૃદ્ધિ ઉમેરાશે. જે કામ કરવાની તેમને ઉત્કંઠા આ સમશ્લોકી li કૃત્તિ પછી થયેલી મને લાગી છે.

૧૧ અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે વૈદરાજે સન ૧૯૩૯ માં કાશ્મીરી પાઠ ઉપર ગૂજરાતી ટીકા લખી ત્યારે ને ત્યારપછી આ ગીતા ગૂર્જરી સમશ્લોકી રચી ત્યાંસુધી તેમણે ગીતા ઉપરનાં ગુજરાતી કે બીજી ભાષાનાં ભાષાંતરો સમાલોચના કે ગૂજરાતીમાં છે તે ત્રણેય સમશ્લોકી અનુવાદોમાંનું કશું જોયું વાંચ્યું સાંભળ્યું નહતું એટલુંજ નહિ પરંતુ ગૂજરાતીમાં સમશ્લોકી ગીતાઓ છપાયેલી છે તેની પણ તેમને માહેતી ન હતી.

ચાલુ વર્ષ સં. ૨૦૦૪ ના પોષના વદી પખવાડિયાના દિવસોમાં શ્રી ડાહ્યાલાલ જાનીએ વૈદરાજને પોતાની 'ગીતા-માધુરી'' નું પુસ્તક ભેટ મોકલી તેઓશ્રીની અધિક શ્લોકો તથા પાઠભેદવાળી ગીતાની તે વિશેષતાનો પોતાની હવે પછીની 'ગીતા માધુરી' ની નવી આવૃત્ત માટે ઉપયોગ કરવા દેવાની અનુમતિ માગી. ત્યારે ગીતા માધુરીના સમશ્લોકી ૨૦–૨૫ મુખ્ય મુખ્ય શ્લોકો મૂળ સાથે સરખાવી જોવાની પ્રેરણા તેમને થઈ. પરંતુ તેથી તેમના મનનું સમાધાન થયું નહી ને તેજ વખતે પોતે જાતે જ પોતાની ૭૪૫ શ્લોકવાળી ગીતાનું સમશ્લોકી કરી નાખવા સંકલ્પ કરી પ્રવૃત્ત થયા. તા. ૧૧–૩–૪૮ ના દિવસે શ્રી જાની ને પોતે પત્ર લખ્યો ને તેજ દિવસે આ ગીતા ગૂર્જરીનાં સમશ્લોકીનો પ્રારંભ કરી તા, ૧–૪–૪૮ સુધીના બાવીશ દિવસોમાં હમેશના ૩–૪ કલાકનો સમય કાઢી લગભગ ૮૧ કલાકમાં તેમણે ગીતા ગૂર્જરીનું કામ તેના ન્યાસ, ધ્યાન ને માહાત્મ્ય સાથે પૂરૂં કરી રસશાળા છાપખાનાને આપી દીધું હતું. અતિથિ થઇ હું જ્યારે એમને મળ્યો ત્યારે આ ટીકાનું મુદ્રણ કામ અરધે પહોંચી ચૂક્યું હતું. ગૂજરાતી સાહિત્યની આવી પ્રવૃત્તિમાં વૈદરાજને મંડાયેલા જોવાનું મારે માટે હર્ષ ને ગર્વનો વિષય હોઈ આ પરિચયનું મેં સામે ચાલીને માગી લીધું. ગોંડળ આવવાનું મારે બનતું ત્યારે તેઓ ઘણેભાગે સંસ્કૃત ગ્રંથોનું પરિશીલન કે લેખન કાર્યમાં પરોવાયેલા જોવા મળતા. આ વેળા બીજી જ દિશા ખેડતા દીઠા. સંસ્કૃતમાં કવિતા લખવાનું તો તેમનું સ્વાભાવિક હતું. સન ૧૯૧૫ માં ૩૪ વર્ષો પહેલાં મહાત્માજીને રસશાળામાં આપેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનપત્રમાંની તેમની સંસ્કૃત કાવ્ય રચના જોઇ હતી. એ મને મેં જ્યારે શ્રી કનૈયાલાલ મુનશીએ પ્રાપ્ત કરી પ્રકટ કરેલા સત્યસંહિતાના પ્રાચીન જ્યોતિષ ગ્રંથ માંહેથી મહાત્માજીના ભવિષ્ય કથનની હજુ હમણાં તાજેતરમાં "જીવન પ્રકાશ" માસિકમાં ફરી છપાયેલી શ્લોકાવળી જોઇ ત્યારે સ્મૃતિ થઇ આવેલી. આફ્રિકાથી સ્વદેશમાં પગ મુકતા ને ગોંડલ સીધા આવેલા બૅરિસ્ટર મોહનદાસ ગાંધીને માનપત્રમાં 'મહાત્મા' સંબોધવાનું પણ વૈદરાજનું સર્વ પ્રથમ ઉચ્ચારણ હતું. એવો ભાવિ દર્શી આર્ષભાવ આજે તો ફુલ્યો ફાલ્યો-પાંગર્યો મ્હોર્યો મ્હેકયો છે. એ ૩૪ વર્ષોના ગાળામાં તો તેમણે સંસ્કૃતમાં ગદ્યપદ્યાત્મક ઘણું ઘણું લખ્યું છે.

૧૨ વૈદરાજનાં ગુજરાતી ગદ્યાત્મક ભાષાંતરો બીજા આધુનિક ગૂર્જર સાક્ષરોનાં ભાષાંતરોથી કે વર્તમાન માન્ય ગુજરાતી ભાષા ધાટીથી જુદાં પડતાં દેખાય છે. એ વિષે તેમને તેમની પોતાની માન્યતા અને સિદ્ધાંત હોવાં સ્વાભાવિક છે. તેમનો તે સબંધે એવો મત છે કે સમય સમય પરત્વે બદલાતાં રહેતાં ભાષાનાં રૂપમાં મૂળ તો પ્રજાજીવન જ કારણભૂત છે. વિદ્વાનોને પ્રજા પાછળ ખેંચાવું પડે છે તોજ સાહિત્ય પ્રજાભોગી બને છે, નહિ તો અસ્પર્શ્ય રહે છે, તેઓ કહે છે કે ૫૦૦-૩૦૦-૧૦૦ વર્ષો પહેલાના ગૂજરાતી ભાષાના હસ્તલિખિત પુસ્તકો કે જે રસશાળા ગ્રન્થ ભંડારમાં ૨૫૦ ની સંખ્યામાં છે તે જોતાં ઉત્તરોત્તર ગૂજરાતી ભાષા પોતાનું રૂપ પલટતી રહી છે. તેનાં કારણરૂપ પ્રજાજીવનનું વહન જ છે. તે વખતના ગૂર્જર વિદ્વાનોને પ્રજા પાછળ દોરાવું પડતું એમ તે તે સમયના વિદ્વાનોની એક સરખી કૃતિ કે ભાષા શૈલિથી જાણી શકાય છે. આજે જેમ જુદા જુદા ગૂજરાતી વિદ્વાનો જોડણી કે બીજી વાતે પોતપોતાની ઇચ્છા પ્રમાણે વિધાન કરે છે ને દરેક એમ આગ્રહ સેવે છે કે પોતે નક્કી કરેલી ભાષાશૈલી જ પ્રજાએ ગ્રહણ કરવી જોઇએ પણ તેમ વ્યવહારૂ બનતું નથી ને ન બને એવો સૃષ્ટિનો, પ્રજાના સંસ્કારાદિનો સનાતન ત્રિકાલાબાધિત નિયમ છે.

જેવી રીતે ૫૦૦ વર્ષોથી પલટાતી આવતી આજની ગૂજરાતી ભાષા અત્યારનું સ્વરૂપ પામી છે તે બીજાં પાંચસો કે હજાર વર્ષે અમુક રૂપમાં બદલાઇ બેસશે એમ અનુમાની શકાય છે. આ દ્રષ્ટિથી વૈદરાજ લોકની પાછળ અનુસરાતી ભાષાશ્રેણિને સ્વીકારી આજસુધી જુદા જુદા વિષયો પર તેમણે લખેલા ગદ્યપદ્યાત્મક ગૂજરાતી ગ્રંથોમાં એ શૈલિને વળગી રહ્યા છે. તેમણે રચેલી આ ગીતા ગુર્જરીમાં પણ ભાષાની દ્રષ્ટિથી પોતે નિર્ણિત કરેલા નિયમને અનુસર્યા છે. એમનો એ પણ સિદ્ધાંત છે કે જે ભાષા જે રૂપમાં પ્રજામાં બોલાય છે તે રૂપે જ લખાવી જોઇએ કોસ હાંકતો ખેડુ પણ વગર મુંઝવણે સમજી શકે તેવી ભાષા-સરલતાનો અમદાવાદ ખાતે મળેલાં ગૂજરાતી સાહિત્ય સંમેલનના પ્રમુખ તરીકે મહાત્મા ગાંધીજીએ પણ આદેશ ને આગ્રહ કર્યાં હતા તે જોતાં વૈદ્યરાજજી ની આ વાત મેળની છે. આ દ્રષ્ટિબિન્દુ સન્મુખ રાખી તેમણે રચેલી આ સમશ્લોકી 'ગીતા ગૂર્જરી' માં કાવ્યની મધુરતા, પ્રાસાદિકતા, રસિકતા તેમજ દરેક વસ્તુને તેના મૂળ સંસ્કૃતને યથાર્થ રૂપમાં સાચવીને ઉતારવાની ઉત્તમતા જોઇ શકાશે.

૧૩ તેમણે આ ટીકામાં સંસ્કૃત શબ્દો તેના શુદ્ધ રૂપમાં જળવાયા રહે અને છંદોભંગ ન થવા પામે છતાં છંદ સહજ, શ્રાવ્ય, સ્વાભાવિક રસભરિત રહે એ રીતે ગૂંથણી કરી છે. એટલે માત્ર ગૂજરાતી વાંચનારાને જ આ સમશ્લોકી રસિક થઇ પડશે એટલુંજ નહિ પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવનાગરી લિપિમાં છપાવાય તો હિન્દી મરાઠી વાચનારાઓને પણ ગમી જશે. તેમ સંસ્કૃત વિદ્વાનોને પણ આ ગુર્જરી સમશ્લોકી લાલિત્ય પૂર્ણ અને રસિક લાગશે એમ હું માનુ છું.

વૈદરાજે......હવે તો શ્રી રસેશાચાર્ય શ્રી ચરણતીર્થ મહારાજે આ સમશ્લોકી સંબંધે જુદી પ્રસ્તાવનાથી સ્પષ્ટીકરણ કરેલ છે એટલે તે સંબંધે હું કાંઈ લખતો નથી.

આ 'ગીતા ગૂર્જરી' સમશ્લોકી ભાવવાહી, રહસ્યપુર્ણ, આનંદદાયી, સરલ, સાર્થ હોવા ઉપરાંત ગીતા પરની બીજી સમશ્લોકી ટીકાઓથી જુદી ભાત પાડતી છે. ગૂજરાતી ગીતાગ્રાહી વાંચકોમાં એ પાઠપ્રિય થઇ પડશે એવી સઆશ ચાહના સાથે :

ગોંડલ
સં. ૨૦૦૪ની રામનવમી
તા. ૧૮-૪-૪૮

ઉમેશ કવિ.
(ભાવનગર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

૧ છેલ્લાં સાડત્રીશ વર્ષથી હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કરવામાં હું પ્રવૃત્તિ કરૂં છું મહાભારતમાં કહેલ ૭૪૫ શ્લોકવાળી ગીતા મેળવવાની આતુરતા ૧૭ વર્ષથી મને હતી તેને લઇ આજે રસશાળાના ગ્રં. ભં. માં ૧૦ હજાર હસ્તલિખિત પુસ્તકોમાં ૧૦૭ ગીતાની હસ્તપ્રતો થઇ છે. મારી ગીતા ભક્તિયે કાશ્મીરી પાઠની અને ભોજપત્રી ગીતા આપી મારી ભાવના સફળ કરી. મેં સને ૧૯૩૬ માં કાશ્મીરી પાઠને અનુસરતી ગીતા ઉપર ત્રણ અધ્યાયની સંસ્કૃત ટીકા અને સંપૂર્ણ ગુજરાતી ભાષાંતર સાથે ઇંગ્રેજી ટિપ્પણી અને અનુવાદ પ્રસિદ્ધ કરેલાં. સને ૧૯૪૧ માં ભોજપત્રી ગીતા મૂળ શ્લોક અને સંસ્કૃત ઇંગ્રેજી લાંબી પ્રસ્તાવનાઓ સાથે બહાર પાડી. ત્યારપછી ગીતા પર અધુરી રહેલી સંસ્કૃત ટીકા લખવાનો કે ગીતા સંબંધે બીજાના અને મારા અતઃકરણ માં ઉદ્‌ભવેલા પ્રશ્નોની છણાવટ કરવાનો વખત મળેલ નથી, કારણુ લડાઇના વાતાવરણુ માં રસશાળાને અનેક આવરણોમાંથી પસાર થવું પડેલુ તેની અને બીજી ઘણી રોકાણુ એક પછી એક ઉપસ્થિત થતી.

૨ હજી પણ વસ્તુઓની દુર્લભતા અને મોંઘાઇ તો લડાઇ ના સમય જેવી કે તેથી વધુ કષ્ટદાયક પ્રવર્તે છે. ગીતા સંબંધે મારૂં અધુરૂં કામ પુરૂં કરવા મારા હિંદના અને યુરોપ અમેરિકાના મિત્ર વિદ્વાનો આગ્રહ કરે છે. આયુર્વેદના જ્ઞાતાઓ સંહિતા ગ્રંથો ઉપર લખવાનું માગે છે. તાંત્રિકો મારા સંગ્રહ માંના તંત્ર ગ્રંથો સંબંધે પ્રકાશ પાડવા માગણી કરે છે. રસાયન શાસ્ત્રીઓ મારી પાસેના ધાતુવાદના મોટા હસ્ત પ્રત સંગ્રહ માંથી સાચું તત્ત્વ બહાર લાવી દેશને ઉપયોગી થાવા માટે પ્રયોગ શાળામાં બેશી જઇ શાસ્ત્રોનાં રહસ્યો બહાર પાડવા આગ્રહ કરે છે, બીજાં નાનાં મોટાં શાસ્ત્રીય અને વ્યાવહારિક કામો તો ઘણાંય કરવાની સૂચનાઓ મળે છે. આમ મારા એક શરીરથી અનેક કામની આશાઓ મિત્રો અને વિદ્વાનો રાખે છે. મને તે દરેક કામમાં પ્રીતિ છે અને હું તે દરેક કામ પૂર્ણ કરૂં એવો ઉત્સાહ પણ છે પણ તેમાં સફળતા ઇશ્વર ઇચ્છા પ્રમાણે મળશે

૩ ગીતા ઉપરની ઘણી સંસ્કૃત ટીકાઓ આવશ્યકતા પ્રમાણે મેં વાંચી છે તે એ દ્રષ્ટિથી કે ગીતાનો અર્થ ભાવ તત્વ હું જે રીતે સમજયો છું તેમાં કયો ટીકાકાર કેટલો જુદો પડે છે કે સહમત થાય છે, અથવા મારી સમજણમાં કાંઈ ભુલ છે. ગીતા ઉપરનાં હિંદી ગુજરાતી કે બીજાં ભાષાંતર કે સમશ્લોકી મેં આજ સુધી વાંચેલ નહી તે એવી માન્યતાથી કે મૂળ સંસ્કૃતમાં હું જે સમજી શકયો છું તેથી વિશેષ ભાષાંતરમાં મારે જાણુવા સમજવા જેવી વસ્તુ હોવા સંભવ નથી. ગુજરાતીમાં ગીતાનું સમશ્લોકી થયાનું તો મારી જાણમાં ન હોતું. શ્રી ડાહ્યાલાલ ભાઈ જાનીની સમશ્લોકી ગુજરાતી ગીતા મને થોડા દિવસ પર મળેલી ત્યારે જાણ્યું. મેં પ્રસિદ્ધ કરેલી ગીતાઓમાં છપાયેલા વધુ શ્લોકોને પોતાની હવે પછીની આવૃત્તિમાં ગુંથવા માગણી કરી ત્યારે મેં તેમની **ગીતા માધુરી** ના જુદા જુદા અધ્યાયના થોડા ગુજરાતી શ્લોકો મૂળ ગીતા સાથે મેળવી જોયા ત્યારે મને કાવ્ય રચનામાં ભાવમાં કે મૂળશ્લોકના અર્થમાં મારી સમજણ પ્રમાણે સંતોષ ન થયો, આ એક દ્રષ્ટિબિંદુની ભિન્નતા પણ હોય. દરેકને પોતાની કૃતિમાં વિશેષતા કે સંપૂર્ણતા લાગે છે તેનું પણ આ મારી માન્યતામાં કારણુ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ જે વસ્તુ પ્રત્યક્ષ અને બીજા માટે તૈયાર કરેલી છે તેનું મૂલ્ય, ઉપયોગ કરનારે જ આંકવાનું હોય છે, એટલે બીજી કૃતિઓ સાથે આ કૃતિ પણ પ્રજા સામે મુકાતાં તે તુલના કરી શકશે. આ સમશ્લોકી તૈયાર કરવાની પ્રેરણા શ્રી ડાહ્યાલાલ ભાઈ તરફથી ગણાય. તેમણે ગીતા માધુરી ન મોકલી હોત અને મારી છાપેલી ગીતામાંના વધુ શ્લોક ઉમેરવાની માગણી ન કરી હોત તો આ કૃતિ પ્રજા પાસે મુકવાની તક મને મળત નહી, તેટલે અંશે આ સમશ્લોકી પ્રજા પાંસે રજુ થવાનો જશ ભાઈ જાનીને ફાળે જાય છે આ સમશ્લોકી લખ્યા પછી મને લાગ્યું કે મારે આ કામ ઘણા વખત પહેલાં કરવાની જરૂર હતી. સંસ્કૃત નહી સમજનારાઓ માટે ગુજરાતી ગદ્ય ટીકા કરતાં વિશેષ મહત્તા પદ્ય ટીકાની છે એમ મને હવે લાગ્યું છે. આથી સંસ્કૃત ઓછું જાણનારી પ્રજામાં ધાર્મિક ભાવના જળવાઇ રહે છે. સંસ્કૃત નહિ જાણનારી પ્રજાને ધર્મમા દ્રઢ રાખનારૂં ધાર્મિક સાધન ભાષાકાવ્ય છે. મેં ગીતાની આવા વિચારે ગુજરાતી સમશ્લોકી તા–૧૧-૩-૪૮ ને દિવસે શરૂ કરી તા. ૧-૪-૪૮ ના રોજ તે કામ પુરૂં કર્યું. આ ગીતા ગુર્જરી અર્ધીક છપાણી હતી ત્યારે મારા સ્નેહી ભાઇ ઉમેશ કવિ ભાવનગરથી અહીં આવી ચડ્યા. તેના કહેવાથી હું જાણી શક્યો કે ગુજરાતીમાં સમશ્લોકી ભાઈ જાની શિવાય કવિ શ્રી. નાનાલાલ ભાઇયે તથા શ્રી. કીશોરલાલ ભાઇ મશરૂવાળાયે પણ કરેલ છે અને બીજા વિદ્વાનોએ ગુજરાતીમાં ગીતા સંબંધે ઘણું લખ્યું છે જાણી ખુશી થયો.

૪ આ સમશ્લોકી ગીતા સંસ્કૃત નહી જાણનારાને તો માર્ગ દર્શક થાશે જ પણ સંસ્કૃત જાણનારાને પણ આનંદ આપશે એમ મને લાગે છે. આ સમશ્લોકી લખ્યા પછી મને થયું છે કે ગુજરાતીને સમૃદ્ધ બનાવવા ધાર્મિક પુસ્તકો સ્તોત્રો સંસ્કૃત કાવ્યો નાટક વગેરે ગુજરાતી પદ્યાત્મક રચના ઘણી જરૂરની છે. ઇશ્વર ઇચ્છાયે અવકાશ મળશે તે પ્રમાણે મારાથી બનતો ફાળો હું આપીશ.

આ સમશ્લોકી માં મેં નીચે પ્રમાણે વ્યવસ્થા રાખી છે.

અ મૂળશ્લોકમાં જે શબ્દ જે વિભક્તિ કર્તા કર્મ કે ક્રિયાપદ જે રીતે વપરાણાં છે જે ભાવ ધ્વનિ કે શુદ્ધ અર્થ નીકળે છે તે પ્રમાણે કવિતામાં ઉતારવાની કાળજી રાખી છે. સંસ્કૃત શબ્દો કવિતામાં અશુદ્ધ રૂપે ઉચ્ચારવા ન પડે તેમ રચના કરી છે.

આ શ્લોકાર્થ ગમે તેવો માણસ સરલતાથી સમજી શકે અને તેનો અન્વય દરેક માણસ સહેલાઇથી બેસારી શકે તેવી સરલતા જાળવી છે.

ઇ ભાષા દરેક શહેરનો કે ગામડાનો માણસ સમજી શકે તેવી સરલ અને પ્રચલિત વાપરી છે. જુદા જુદા ટીકાકારોયે સાંપ્રદાયિક ભાવનાયે ગમે તે રીતે અર્થ ઘટાવ્યા હોય પણ ઉપસ્થિત થયેલા પ્રસંગને અનુસરી અર્જુનને શ્રીકૃષ્ણ જે કહેવા માગે છે તે લક્ષ્યમાં રાખીને વ્યાકરણ તત્ત્વજ્ઞાન ધર્મશાસ્ત્ર અને પ્રસંગની દ્રષ્ટિથી શું અર્થ થવો જોઇએ તેનો ઉંડો વિચાર કરી મારી બુદ્ધિમાં જે રીતે અર્થ ઉતર્યો તે પ્રમાણે કર્યો છે.

ઈ ૨૭૭ પાઠભેદ અને ૪૫ વધુ શ્લોક કાશ્મીરી અને ભોજપત્રી ગીતામાં મળીને પ્રાપ્ત થયેલ છે. તે બધાનો આમાં સમાવેશ કર્યો છે. છંદના મેળ માટે સંસ્કૃત શબ્દોના હ્રસ્વનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીર્ઘ અને દીર્ઘનાં હ્રસ્વનો મેં સ્વીકાર કરેલ નથી. તેમ પ્રાસ મેળવવા માટે મહાન્ ભગવાન્ જેવા શબ્દોના અર્ધા ન્ ને આખા ગણી છંદની અને શબ્દો ની અશુદ્ધિ સ્વીકારી નથી.

ગુજરાતી શબ્દોમાં છંદ મેળ માટે હ્રસ્વ દીર્ઘમાં ફેરફાર કે બીજા લૌકિક પ્રચલિત શબ્દો સ્વીકારેલ છે પણ ઘણે ભાગે તે તે શબ્દો બન્ને સ્વરૂપે ગુજરાતી ભાષામાં ચાલી શકે છે.

જેમઃ—નથિ-નથી, મદેં (મદમાં મદયુક્ત મદથી), દંભે,-દંભથી, જમ્ય, માન્ય, કયું કહ્યું, સાંભળ્ય સાંભળ, કયો કહ્યો, થાવ-થાઓ, નૈ-નંઇ-નહિ, મને મનવડે મનથી વગેરે ગુજરાતી ઘણા શબ્દો બન્ને રૂપમાં વપરાય છે. સંબોધનમાં કેટલેક ઠેકાણે પ્રથમાનું એક વચન જાણી જોઇને વાપર્યું છે કારણ તે સરસ અને રોચક લાગે છે. વળી ગુજરાતી ભાષામાં સંબોધનમાં પ્રથમાનું એક વચન ઘણે ભાગે વપરાય છે જેમકે હે ભગવાન્ વગેરે

કેટલેક ઠેકાણે છંદ પ્રાસમાં સાક્ષરી શબ્દો મુકવાથી છંદોભંગ થાતો ન હોતો છતાં લૌકિક શબ્દો હેતુપૂર્વક ગોઠવ્યા છે. જેમકે રયા—રહ્યા, કયો—કહ્યો, જમ્ય—જમ. માન્ય—માન, મુનિયો—મુનિઓ. ગોપિયું—ગોપિઓ, તँયેં—ત્યારે વગેરે. આવા શબ્દો મુકવાનું બીજું કારણ સાક્ષરો આ પ્રચલિત શબ્દો વિસરી ન જાય અને ગ્રામ્ય જનોને રૂચિકર થાય એ પણ છે.

उ ગુજરાતીમાં दृष्टि નો द અને द બેઉ સરખા જેવા છપાય છે તેથી दृष्टि શબ્દ દ્રષ્ટિ આવો જાણી જોઇને છાપ્યો છે. પાદપૂર્તિ માટે જ ય જેવા અક્ષરોનો ઉપયોગ ક્યાંક કર્યો છે પણ ઘણે ઠેકાણે તો સંસ્કૃત एव શબ્દ ના અર્થમાં જ અક્ષર વાપર્યો છે. મૂળ શ્લોકમાં જે વસ્તુ ઉપર કર્તાએ ભાર મુક્યો હોય છે, तु एव च વગેરે પ્રત્યય ના અર્થ શ્લોકમાં જે વસ્તુ સાથે સંબંધ ધરાવે છે, તેને પાદપૂર્તિ માટે જતા કર્યા નથી કે જરૂર ન હોય કે તે નાખવાથી અર્થાંતર થાતું હોય ત્યાં નહિ નાખવાની સાવધાની રાખી છે.

ऊ જે જે શાસ્ત્રીય શબ્દો જેમ કે અવ્યય યુક્તાત્મા નિષ્કલ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ પરા પર વગેરે શબ્દો કે જેના અર્થ કરતાં સમશ્લોકી નો વિસ્તાર થાય તેવા શબ્દો એમના એમ રાખ્યા છે અને તે શબ્દોનું સ્પષ્ટીકરણ છેવટે પૂર્તિમાં આપ્યું છે.

ऋ આ ગીતા કંઠસ્થ કે નિત્યપાઠ કરનારને સુગમ પડે અને એક પ્રકારની ધાર્મિક ભાવના જાગૃત રહે એ દ્રષ્ટિથી અર્જુન બોલ્યા કે કૃષ્ણ બોલ્યા એવા અર્થ કરી નથી મુકયા પણ તેને સંસ્કૃતમાં જ अर्जुन उवाच, भगवान् उवाच એ શબ્દ રાખ્યા છે અને અધ્યાયનો પ્રારંભ અને સમાપ્તિ પણ સંસ્કૃત રાખેલ છે.

૫ ભગવાન વ્યાસે ગીતાના શ્લોક સંબંધે પ્રતિજ્ઞા કરી છે કે મેં શ્રીકૃષ્ણના ૬૨૦, અર્જુનના ૫૭, સંજયના ૬૭ અને ધૃતરાષ્ટ્રનો ૧ મળીને ૭૪૫ શ્લોકની ગીતા રચી છે. એક હજાર વર્ષ પહેલાં થઇ ગયેલા અલ્બેરૂનીથી માંડી મુસલમાની સામ્રાજ્યકાળ સુધીના વિદ્વાનોનાં જુદી જુદી ભાષાનાં ગીતા પરનાં ભાષાંતરોથી અને સંશોધનકાળ પછી પ્રાચીન હસ્તલિખિત પ્રતો મળવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી ત્યારથી ૭૪૫ શ્લોકની ગીતાને પુષ્ટિ મળે છે. હાલ વંચાતી ગીતામાં શ્રીકૃષ્ણના ૫૭૫, અર્જુનના ૮૪, સંજયના ૪૦ અને ધૃતરાષ્ટ્રનો ૧ મળીને ૭૦૦ શ્લોક છે. એટલે વ્યાસની પ્રતિજ્ઞા પ્રમાણે ૪૫ શ્લોક શ્રીકૃષ્ણના ઘટે છે. આ પ્રાચીન ગીતામાં શ્રીકૃષ્ણના ૬૨૧, સંજયના ૬૮, અર્જુનના ૬૫ અને ધૃતરાષ્ટ્રનો ૧ મળી ૭૫૫ શ્લોક છે. શ્રીકૃષ્ણનો ૧ શ્લોક વધુ છે તે કોઈ ૩ પદ્યના બે શ્લોકને બબ્બે પદ્યમાં લહીયે લખ્યા હોય તો તેમ શક્ય છે. સંજયના ૬૭ જોઈએ તેને બદલે ૬૮ છે અને અર્જુનના ૫૭ જોઈએ તેને બદલે ૬૫ વધુ છે. ૩ પદ્યના શ્લોકને ૨ પદ્યમાં લખી આંકડા મુક્યા હોય તો અર્જુનના ૮ શ્લોક વધી જાય. આમ છતાં ચાલુ ૭૦૦ શ્લોકની ગીતામાં અર્જુન અને સંજયના શ્લોકોમાં દેખાતો મોટો ફરક આ પ્રાચીન ગીતામાં નીકળી જાય છે

આ ગીતામાં વ્યાસની પ્રતિજ્ઞા પ્રમાણે ૭૪૫ શ્લોક છે. જો કે ગણત્રી પ્રમાણે ૭૫૫ થાય છે. ૧ લા અધ્યાયનો ૨૬ મો અને ૩૬ મો બે ઠેકાણે ત્રણ પદ્યના શ્લોક છે અને ૧૧ મા અધ્યાયનો ૩૦ મો, ૮ માનો ૩૪ અને ૧૮ માનો ૪૯ મો શ્લોક એક એક પદ્યનો છે, આ લહીયાની ગફલતી હોય તેમ જણાય છે. તેવી રીતે આખી ૭૪૫ શ્લોકની ગીતાના વિશ શ્લોક ત્રણ ત્રણ પદ્યના હોય અને લહીયે બે પદ્યમાં લખી અંક નાખ્યા હોય તો દશ શ્લોક વધી જાવા સંભવ છે એ રીતે ૭૪૫ ના ૭૫૫ થઇ જાય, આવી મારી સમજણ છે આ સમશ્લોકીમાં મારે ૭ શ્લોક વધુ ઉમેરવા પડયા છે અર્થા અર્થત્ વધુ સ્પષ્ટ કરવા માટે ૧૩ શ્લોક જે મૂળમાં બબ્બે પદ્યના છે તે ૩ પદ્યના કરવા પડયા છે અને ૧ લા અધ્યાય નો ૯ મો શ્લોક ૪ પદ્યનો કરવો પડયો છે.

૬ પ્રસંગ પરત્વે શબ્દોના અર્થ કરવા માટે શાસ્ત્રીય રીતે ચર્ચા કરી એક વાતને પોતાની માન્યતા પ્રમાણે આગળ પાછળનો સંબંધ કે મેળ મેળવી સિદ્ધ કરવાથી ઘણો વિસ્તાર થઈ જાય. સને ૧૯૩૬ માં મેં છપાવેલી ગુજરાતી ગીતામાં પાઠભેદને સમજાવતાં ગુજરાતીનાં ૨૦૦ પાનાં અને અંગ્રેજીનાં ૧૧૩ પાનાં થયાં હતાં. એટલે તેવા શબ્દોના વિવેચનમાં કે પ્રસંગ પરત્વે ઉપસ્થિત થતા પ્રશ્ન પ્રત્યુત્તરમાં ઉતરતાં આ પુસ્તકનો ૩ થી ૪ ગણો વિસ્તાર થઈ જાય તેમ તે ચર્ચા સમશ્લોકી વાંચનારાને જરૂરની નથી. એવા પ્રશ્નો સમજવા ઈચ્છતો વર્ગ બીજો હોય છે. સમશ્લોકી વાંચનારને તો જે જે કઠણ ન સમજાય એવા કે સંસ્કૃત શબ્દોના અર્થ ન સમજાય તે જાણવા માટે પૂર્તિની જરૂર હોય.

૧ લા અધ્યાયના દશમા શ્લોકમાં **અપર્યાપ્ત** અને **પર્યાપ્ત** શબ્દ સૈન્યના વિશેષણ રૂપે વપરાણા છે, અને તેનો સ્પષ્ટ અર્થ **વિશાળ** અને **નાનું** એવા છે ત્યારે **અપાર્યાપ્ત** નો અર્થ નજીવી ન ગણવા જેવી અને **પર્યાપ્ત** જોઇએ તેટલી આવો અર્થ કેટલાકે કરેલ છે. આ અર્થ ખોટો છે. કૌરવોની ૧૧ અને પાંડવોની ૭ અક્ષૌહિણી સેના હતી. એટલે કૌરવોની સેના મોટી અને પાંડવોની નાની છે એતો ઉઘાડી વાત છે, છતાં દુર્યોધન પોતાની સેનાને નાની-નજીવી કેમ કહી શકે? વળી લડાઈની તૈયારી વખતે રાજા ઉઠીને પોતાના અગ્રગણ્ય યોધાને પોતાની સેના મોટી છતાં માલ વિનાની કે નાની કહી ઉત્સાહ ભંગ શા માટે કરે? આ ઠેકાણે મેં તેનો અર્થ **અમર્યાદ** અને **મર્યાદિત** કર્યો છે. આ એક દાખલો એટલા માટે દઉં છું કે આવા ઉપસ્થિત થતા પ્રશ્નોની ચર્ચા કરતાં વિસ્તાર ઘણો થઇ જાય માટે તે બીજા પ્રસંગ ઉપર ઠેલ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પ્રમાણે ગીતા સંબંધે ઉપસ્થિત થતા પ્રશ્નો કે પાઠભેદ સંબંધે સ્પષ્ટીકરણ હવે પછી પ્રસિદ્ધ થનારી સંસ્કૃત ટીકામાં તથા ગુજરાતી, ઈંગ્રેજી ગદ્ય અનુવાદમાં વિસ્તારથી ચર્ચવા મારી ઈચ્છા છે. આ સમશ્લોકીમાં, પાઠભેદમાં અધિક શ્લોકોમાં કોઈ શબ્દ પરત્વે તથા મેં જે વિધાન જે જે સ્થળે કરેલ છે તેને અંગે કોઈને કાંઈ પ્રશ્ન ઉઠે તો મને લખી જણાવવા વિનંતિ છે જેથી હવે પછી પ્રસિદ્ધ થનારી ગીતામાં તેનું સ્પષ્ટીકરણ કરવાનું શકય બને.

૭ શ્લોકોના લાંબા છંદવૃત્તમાં વિચિત્ર આકર્ષક આર્ષ પ્રયોગો છે. ઉપનિષદો પ્રમાણે એક જ શ્લોકમાં બન્ને વૃત્તનો સમાવેશ થયેલો છે. ગંભીર વિષય છતાં ભાષાની સરળતા પ્રાસાદિકતા અને ક્રમવાર ચાલ્યો આવતો બોધક સંદર્ભ સળંગ પ્રવાહ વેગ એ અને બીજું ઘણું જોતાં તેની અતિ પ્રાચીનતા સિદ્ધ થાય છે એ બધું જળવાઈ રહે તે ધ્યાનમાં રાખી શ્રી વ્યાસ મુનિની મૂળ ભાવવાહી રચના ગુજરાતીમાં સંપૂર્ણ ઉતારવા કાળજી રાખી છે.

સંસ્કૃત સાહિત્યની ગુજરાતી કવિતા કરવા વાંચવા પ્રત્યે મેં જે ઉપેક્ષા કે ઉદાસીનતા જે દ્રષ્ટિથી આજ સુધી રાખી છે તેમાં મેં ભુલ કરી છે એમ મને લાગ્યું છે. આજે સમશ્લોકી પ્રજા સન્મુખ મુકતાં મને જે ભાવના ઉત્પન્ન થઈ છે તેથી સમજયો છું કે આ ગીતા મારે ૧૨ વર્ષ પહેલાં કે જ્યારે મેં ગીતાનો ગુજરાતી અનુવાદ બહાર પાડયો ત્યારે કરવાની જરૂર હતી તેમ થયું હોત તો આજસુધીમાં ઘણા ગ્રંથો ગુજરાતી કવિતા બદ્ધ પ્રજાની સેવામાં હું મુકી શકયો હોત.

ઉતાવળને લઈ પ્રુફ સુધારવામાં ક્ષતિઓ રહી ગઈ છે તો શુદ્ધિપત્રક પ્રમાણે આ આખી ગીતા સુધારી લીધા પછી પાઠ કરવા કે વાંચવા ભલામણ છે.

આ રીતે આજે ગુજરાતી પ્રજાની સેવામાં આ પુસ્તક રજુ કરી સુખ અનુભવું છું તેજ રીતે બીજા ગ્રંથો મુકવાનું સુખ ભવિષ્યમાં મેળવી શકું એવી ઈચ્છા સાથે. ૐ तत्सत् ॥

श्री चरणतीर्थ

ગોંડળ સંવત ૨૦૦૪ ચૈત્ર
શુદી ૯ રામનવમી

(રસેશાચાર્ય શ્રી ચરણતીર્થ મહારાજ)
(પૂર્વાશ્રમ—વૈદ્યરાજ જી. કા. શાસ્ત્રી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમર્પણ

વસી મેવાસામાં ઋષિ સરખું ગાળ્યું વય બધું
ઘણી પુત્રી પામ્યાં પણ સુતનું દીઠૂં ન મુખડૂં ॥

ઘણા દેવો પૂજી સુતસુખ મળ્યું સંતવચને
ઈ થોડા દીનૂં છે ખબર જ હતી સંતમુખથી ॥ ૧ ॥

થતી ગાંડી ઘેલી મુખડું દિકરાનું નિરખતી
સુતી ખાતી પીતી હરતિ ફરતી કામ કરતી ॥

લઈ હૈયે ચાંપી ક્ષણ પણ ન રેઢો ય મુકતી
ગઈ સ્વર્ગે ખા તું કરિ રજળતો આઠ વરસે ॥ ૨ ॥

છ માસે તો બાપૂ પણ તજી ગયા બાળ સુતને
ભળાવ્યો તેં કોને તુંજ હૃદય શૂં નિર્દય થયું ॥

હડી કાઢી બાઢી કહી વળગતો હું તુજ ગળે
ચડી ખોળે હેતેં મુખ મલકતું જોઇશ કિયાઁ ॥ ૩ ॥

કહી 'મારા વાલા' બથ લઈ બકી કોણ ભરશે
'ગગા હૂં આ આવી' જટપટ 'શું બોલાવછ' કહી ॥

'મરી જાઉં તારા પરથી' વચનો કોણ વદશે
બધૂં શૂં તૂં ભૂલી ગઈ ઘડિકમાં ચાલતિ થઇ ॥ ૪ ॥

ભરી બેડું ભારી ખડનિ લઈ આવીશ હમણાં
ઘણી હોંશે રાંધી મલપતિ જમાડીશ હરખે ॥

મને ગીતો ગાતી હસતિ સુવરાવીશ પડખે
ધરી એવી આશા નજર કરિ વાટૂં નિરખતો ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઠી વેલી નાતી દળતિ ઘરનાં કામ કરતી
કરી પૂજા દેતી મધુર પરસાદી મુખ વિષે ॥

જરા હૂં રોતો તો અનહદ થતું દુઃખ તુજને
ભર્યું હેતેં હૈયૂં જનનિ તવ કાં નિર્દય થયું ॥ ૬ ॥

જનેતા આવીને અબ ઘડિજ તેડી લઈ મને
દબાવી હૈયામાં ફરિ કદિ ન મૂકી વઈ જશે ॥

બન્યૂં સ્વપ્નું જાણે, ભુખ તરસ ભૂલી જડ થઈ
ઉભો વાટૂં જોતો ખડકિ પર બાને નિરખવા ॥ ૭ ॥

બહૂ ખેંચી આંખ્યું સજડ થઇ મારી ન મટકૂં
અરે બા તો નાવી રૂદન કરી નીરાશ થઇને ॥

ઢળી જાતો ભોંયેં ભરિ જ હિબકાં ત્યાં સુઈ જતો
અરે બાડ્રી આવી કહિ ઝબકિ જાતો, નહિ કશૂં ॥ ૮ ॥

દુઃખી થાતી બેની વદતિ બહુ વાતૂં ભુલવવા
ઘડી ભૂલી જાતો, વળિ રટણ બાનું જ કરતો ॥

ઘણાં વાણાં વાયાં ગઢપણ જણાશે પણ છતાં
સઁભારી બાડ્રીને રૂદન કરૂં છું બાળ સરખું ॥ ૯ ॥

છબી હૈયે ધારી તુજ ચરણનું ધ્યાન ધરિને
સમર્પૂં આ ગીતા જનક જનનીને હૃદયથી ॥

સદા પામો શાંતિ સુરનગરના નંદન વનેં
ઘણી આશીશું ઘો નિશ દિન અમી દ્રષ્ટિ કરિનેં ॥ ૧૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ अथ श्रीमद् भगवद्गीता पाठक्रमः ॥

ૐ અસ્ય શ્રીમદ્ ભગવદ્ ગીતા માલા મંત્રસ્ય ભગવાન્ વેદવ્યાસ ઋષિઃ । અનુષ્ટુપ્ છંદઃ । શ્રી કૃષ્ણો દેવતા । અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રાજ્ઞવન્નાભિભાષસે ઇતિ બીજં । સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ઇતિ શક્તિઃ । અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ઇતિ કીલકં । મમ આત્મનઃ સકુટુંબિનઃ કલ્યાણાર્થે જપે વિનિયોગઃ ।

॥ अथ करन्यासः ॥

નૈનં છિંદંતિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ । ઇતિ અંગુષ્ઠાભ્યાં નમઃ ।
ન ચૈનં ક્લેદયંત્યાપો ન શોષયતિ મારુતઃ । ઇતિ તર્જનીભ્યાં સ્વાહા ।
અચ્છેદ્યોયમદાહ્યોયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ । ઇતિ મધ્યમાભ્યાં વષટ્ ।
નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોયં સનાતનઃ । ઇતિ અનામિકાભ્યાં હૂં ।
પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોથ સહસ્રશઃ । ઇતિ કનિષ્ઠિકાભ્યાં વૌષટ્ ।
નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ । ઇતિ કરતલ કરપૃષ્ઠાભ્યાં ફટ્ ।

॥ अथ हृदयादि न्यासः ॥

પશ્યાદિત્યાન્ વસૂન્ રુદ્રાન્ અશ્વિનૌ મરુતસ્તથા । ઇતિ હૃદયાય નમઃ ।
બહૂન્યદૃષ્ટપૂર્વાણિ પશ્યાશ્ચર્યાણિ પાંડવ । ઇતિ શિરસે સ્વાહા ।
ઇહૈકસ્થં જગત્ કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરં । ઇતિ શિખાયૈ વષટ્ ।
મમ દેહે ગુડાકેશ યચ્ચાન્યદ્ દ્રષ્ટુમિચ્છસિ । ઇતિ કવચાય હૂં ।
નચ માં શક્યસિ દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા । ઇતિ નેત્ર ત્રયાય વૌષટ્ ।
દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરં । ઇતિ અસ્ત્રાય ફટ્ ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ અથ ધ્યાનં ॥

બોધી અર્જુનને સ્વયં હિ ભગવાન શ્રી કૃષ્ણ નારાયણે । વ્યાસે જે રચિ છે પુરાણમુનિયેં મધ્યે મહાભારતે ॥
અદ્વૈતામૃત વર્ષિણી ભગવતી અઢાર અધ્યાયની । હે ગીતા જનની સ્મરૂં સતત હું સંસારને તારતી ॥ ૧ ॥

પ્રણામ હે વ્યાસ વિશાળ બુદ્ધે । ખીલેલ પદ્માયત પત્રનેત્ર ॥
જેણે મહાભારત તેલ પૂર્યો । જે જ્ઞાન દીવો અચળ પ્રકાશ્યો ॥ ૨ ॥

શરણાર્થી પારિજાત રાશ્ય ચાબુખ હાથમાં ॥ ગીતા સુધાને દોનાર જ્ઞાની શ્રી કૃષ્ણને નમઃ ॥ ૨ ॥

બધી ઉપનિષદ્ ગાયું દોનાર ગોપનંદન ॥ વત્સ પાર્થ સુધી ભોક્તા ગીતામૃત જ દૂધ છે ॥ ૩ ॥

વસુદેવપુત્ર દેવ કંસચાણુર નાશન ॥ દેવકી હર્ષદાતાને વંદું સદ્‌ગુરુ કૃષ્ણને ॥ ૫ ॥

ભીષ્મ દ્રોણ તટા જળદ્રથ જળા, છે કાળમિંઢ શાકુની । શલ્ય ઝૂડવતી કૃપે જ વહતી પૂરાળિ કર્ણે કરી ॥
અશ્વત્થામ વિકર્ણ ઘોર મધર્યું, લોઢાળિ દુર્યોધનને । તર્યા પાંડુ સુતો જ એ રણનદી તારા બન્યા કેશવ ॥ ૬ ॥

શ્રી વ્યાસ વચનામૃતં સુવિમલં ગીતાર્થ સૌગંધિ જે । નાનાખ્યાનક કેસરં, હરિકથાઓથી જ ખીલેલ જે ॥
વિશ્વે સજ્જનભૃંગ સંધયિ સદા પીવાતું જે હર્ષથી । કલ્યાણં કળિદોષ નાશક કરો શ્રી ભારત પંકજ ॥ ૭ ॥

કરે વાચાળ મૂંગાને ઠેકાવે પ્હાડ પંગુને ॥ જેની કૃપા, વંદું તેને પરમાનંદ કૃષ્ણને ॥ ૮ ॥

બ્રહ્મા વારુણ ઇંદ્ર રુદ્ર મરૂતો જેને સ્તવે સ્તોત્રથી । જેને ગાય જ સામગા વિધ વિધ જે સાંગ વેદો વડે ॥
જેને ધ્યાન પરાયણાત્મ મનથી જોઇ શકે યોગિઓ । પામે પાર નહી સુરાસુર ગણો તે દેવને છે નમઃ ॥ ૯ ॥

॥ અથ ગીતા મહાત્મ્યં ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ अथ गीता महात्म्यं ॥

॥ पृथ्वी उवाच ॥

પરમેશ્વર હે દેવ વિશુદ્ધ ભક્તિ આપની ॥ પ્રારબ્ધ ભોગવે એને થાય છે કેમ હે પ્રભો ॥ ૧ ॥

॥ विष्णुः उवाच ॥

પ્રારબ્ધ ભોગવે તોય ગીતાભ્યાસ પરાયણ ॥ તે મુક્ત તે સુખી લોકે બંધાય નહિ કર્મથી ॥ ૨ ॥
કરેલાં જે મહાપાપ ગીતાનું ધ્યાન જે કરે ॥ સ્પર્શે કદી ન તે, જેમ પાણી કમલપાનને ॥ ૩ ॥
ગીતાંનું પુસ્તક જ્યાં છે જ્યાં તેનો પાઠ થાય છે ॥ ત્યાં વસે સઘળાં તીર્થો પ્રયાગાદિક પાવન ॥ ૪ ॥
સઘળા ઋષિઓ દેવો યોગિઓ તેમ પન્નગો ॥ ગોવાળો ગોપિયું પાળા તથા નારદ ઉદ્ધવ ॥
સહાયક બધા થાય જ્યાં ગીતા પાઠ થાય છે ॥ ૫ ॥
ચર્ચા શ્રવણ ગીતાનું તથા પઠન પાઠન ॥ તે સ્થાને નિશ્ચયેં નિત્ય હે પૃથ્વિ નિવસું જ છું ॥ ૬ ॥
ગીતાશ્રયે રહું, સારૂં ગીતા છે ઘર ઉત્તમ ॥ ગીતાના જ્ઞાનને આશ્રે પાળું છું ત્રણ લોકને ॥ ૭ ॥
ગીતા મારી પરા વિદ્યા બ્રહ્મરૂપી ન સંશય ॥ અર્ધમાત્રાક્ષરા નિત્યા અનિર્વાચ્ય પદાત્મિકા ॥ ૮ ॥
શ્રીકૃષ્ણે સચ્ચિદાનંદે સ્વમુખે કહિ પાર્થને ॥ વેદત્રયી પરાનંદા તત્ત્વાર્થ જ્ઞાનયુક્ત જે ॥ ૯ ॥
ભણે અઢાર અધ્યાય રોજ જે સ્થિર ચિત્તનો ॥ પામે છે જ્ઞાનની સિદ્ધિ પછી પામે પરંપદ ॥ ૧૦ ॥
અર્ધપાઠ કરે, પૂર્ણ પાઠમાં જે અશક્ત છે ॥ તેથી ગૌદાનનું પુણ્ય પામે એમાં ન સંશય ॥ ૧૧ ॥
છ અધ્યાય ભણે તેને ગંગાસ્નાન ફળ મળે ॥ ત્રણ અધ્યાયના પાઠે સોમયાગ મળે ફળ ॥ ૧૨ ॥
એક અધ્યાય હંમેશાં નિત્ય જે ભક્તિથી ભણે ॥ રુદ્રલોક મેળવીને ગણ થૈ નેં વસે ઘણું ॥ ૧૩ ॥
યથાશક્તિ ભણે ગીતા રોજ સજ્જન જે નર ॥ તે મન્વંતર પર્યંત મનુષ્ય જન્મ મેળવે ॥ ૧૪ ॥
દશ શ્લોક જ ગીતાના પાંચ કે સાત ચાર જ ॥ બે ત્રણ એક કે અર્ધો જે ભણે શ્લોક માનવ ॥ ૧૫ ॥
ચંદ્ર લોક મેળવે છે વર્ષ દશ હજાર તે ॥ ગીતાનો પાઠ કરતો મરે, જન્મે મનુષ્ય માં ॥ ૧૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી અભ્યાસ ગીતાનો પામે ઉત્તમ મોક્ષને ॥ ગીતા ઉચ્ચાર સાથે જે મરે સદ્ગતિ મેળવે ॥ ૧૭ ॥
સુણે જે અર્થ ગીતાના મહાપાપી છતાંય તે ॥ વૈકુંઠ લોક પામે છે વિષ્ણુ સાથે જ તે રમે ॥ ૧૮ ॥
ગીતાર્થ ચિંતવે નિત્ય ભલે કામ ઘણાં કરે ॥ જીવતાં મુક્ત તે જાણો અંતે પામે પરં પદ ॥ ૧૯ ॥
જનકાદિક રાજાઓ ગીતાના આશ્રયે ઘણા ॥ પાપમુક્ત થઈ લોકે ગાયા પામ્યા પરંપદ ॥ ૨૦ ॥
ભણ્યા વિના જ માહાત્મ્ય ગીતાનો પાઠ જે કરે ॥ થાય નિષ્ફળ તે પાઠ શ્રમરૂપ કહેલ છે ॥ ૨૧ ॥
આ માહાત્મ્યનિ સાથે જ ગીતાનો પાઠ જે કરે ॥ તે એનું ફળ પામે છે પામે છે દુર્લભા ગતિ ॥ ૨૨ ॥

॥ सूत उवाच ॥

આ મેં માહાત્મ્ય ગીતાનું કહ્યું છે જે સનાતન ॥ ગીતાના પાઠની અંતે વાંચે કહ્યું મળે ફળ ॥ ૨૩ ॥

॥ इति श्री वाराहपुराणे गीतामाहात्म्यम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ શ્રીમદ્ ભગવદ્ ગીતા ॥

પહેલો અધ્યાય ॥ ૧ ॥

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

ધર્મરૂપ કુરુ ક્ષેત્રે જ્યાં મળ્યા છે બધા નૃપો ॥ મારાને પાંડુ પુત્રોયે કહે સંજય શું કર્યું ॥ ૧ ॥

॥ સંજય ઉવાચ ॥

ત્યારે દુર્યોધને જોઈ સજ્જ પાંડવ સૈન્યને ॥ જઇ દ્રોણાચાર્ય પાસે કહે વચન ભૂપતિ ॥ ૨ ॥
હે ગુરુ પાંડુ પુત્રોની મોટી સેના જુઓ તમે ॥ તમારા બુદ્ધિમાન્ શિષ્યે રચી દ્રુપદના સુતે ॥ ૩ ॥
મોટા ધનુર્ધરો શૂરા ભીમ અર્જુન સદશ ॥ યુયુધાન ને વિરાટ રાજા દ્રુપદ શૂર છે ॥ ૪ ॥
ધૃષ્ટકેતુ ચેકિતાન કાશીરાજ પરાક્રમી ॥ પુરુજિત્ ને કુંતિભોજ શૈબ્ય ને નરપુંગવ ॥ ૫ ॥
વિક્રાંત ને યુધામન્યુ ઉત્તમૌજા બળાઢ્ય છે ॥ અભિમન્યુ દ્રૌપદીના પાંચે પુત્રો મહારથી ॥ ૬ ॥
અમારા સૈન્યમાં જે જે સેનાનાયક શૂર છે ॥ સાંભળો હે દ્વિજશ્રેષ્ઠ કહું છું સર્વ જાણવા ॥ ૭ ॥
તમે ભીષ્મ અને કર્ણ કૃપ શલ્ય જયદ્રથ ॥ અશ્વત્થામા ને વિકર્ણ સોમદત્તિ પરાક્રમી ॥ ૮ ॥
ઘણાયે શૂર બીજા છે માથાં મૂકી રણે ચહ્યા ॥ મારા પ્રત્યે લાગણીથી આવ્યા છે રણભૂમિમાં ॥
બધા વિવિધ શસ્ત્રોના ધારનારા તથા રણે ॥ તેઓ વિવિધ યુદ્ધોના જાણનારા બધાય છે ॥ ૯ ॥
અમર્યાદ અમારૂં આ સૈન્ય ભીષ્મ પિતામહે ॥ રક્ષેલું, સૈન્ય તેઓનું મર્યાદિત વૃકોદરે ॥ ૧૦ ॥
વ્યૂહોના સર્વ માર્ગોનાં દ્વારોમાં સૌ વિભાગથી ॥ રહેલા ભીષ્મને રક્ષો ચારેકોર થકી તમે ॥ ૧૧ ॥
ભીષ્મ હર્ષાવતા તેને કુરુવૃદ્ધ પિતામહ ॥ સિંહનાદ કરી ઉંચો વગાડ્યો શંખ શૌર્યથી ॥ ૧૨ ॥
પછી શંખો નગારાં ને ઢોલ વાજીંત્ર પડઘમ ॥ તત્કાળ વાગવા માંડ્યાં પ્રચંડ શબ્દ તે થયો ॥ ૧૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂતેલા ચાર ઘોડાથી શોભતા રથ ઊપરે ॥ બેઠેલા અર્જુનેં કૃષ્ણે દિવ્ય શંખ વગાડિયા ॥ ૧૪ ॥
કૃષ્ણે પાંચજન્ય શંખ અર્જુને દેવદત્તનેં ॥ ક્રૂર ભીમે વગાડ્યો ત્યાં વિશાળ પૌંડ્ર શંખને ॥ ૧૫ ॥
અનંત વિજય શ્રીમાન્ કુંતિપુત્ર યુધિષ્ઠિરેં ॥ નકુળેં સહદેવે ત્યાં સુઘોષ મણિપુષ્પક ॥ ૧૬ ॥
કાશીરાજા ધનુર્ધારી શિખંડી ને મહારથી ॥ ધૃષ્ટદ્યુમ્ન અને રાજા વિરાટ સાત્યકી તથા ॥ ૧૭ ॥
અપરાજીત પાંચાલ પાંચેય દ્રૌપદી સુતો ॥ અભિમન્યુ મહાબાહુ શંખો સૌએ જુદા જુદા ॥ ૧૮ ॥
વગાડ્યા તે મહાશબ્દ હૃદયો કૌરવો તણાં ॥ ચીર્યાં આકાશ પૃથ્વીને પડછંદા પાડતો ધ્વનિ ॥ ૧૯ ॥
લડવા સજ્જ ઉભેલા કૌરવોને કપિધ્વજ ॥ ફેંકાતાં જોઈ શસ્ત્રોને ઉગામી સ્વધનુષ્યને ॥ ૨૦ ॥
અર્જુનેં કૃષ્ણને વાક્ય આ પ્રમાણે કહ્યું નૃપ ॥ આ બન્ને સૈન્યની વચ્ચે રાખોને રથ કેશવ ૨૧ ॥
લડવા આવનારાને જેથી હું જોઉં સર્વને ॥ મારી સાથે કોણ યોદ્ધા લડશે આ રણાંગણે ॥ ૨૨ ॥
આવેલા લડવા જેઓ જોઉં હું સર્વને અહિં ॥ યુદ્ધમાં રાખવા રાજી કુબુદ્ધિ ધૃતરાષ્ટ્રને ॥ ૨૩ ॥
સુણી અર્જુનના શબ્દ શ્રીકૃષ્ણે તે મહારથ ॥ રાખ્યો બન્ને સૈન્ય મધ્યે કહે છે પાર્થને પ્રભુ ॥ ૨૪ ॥
ભીષ્મ દ્રોણ મુખી જ્યાં છે ઉભા છે જ્યાં ઘણા નૃપો ॥ જો અર્જુન મળેલા આ કૌરવોને રણાંગણે ॥ ૨૫ ॥
ઉભેલા લડવા જોયા પિતા તુલ્ય પિતામહો ॥ ગુરૂ મામા ભાઇ પુત્રો પૌત્રો મિત્રો સખીજનો ॥
સાસરા સ્નેહી સંબંધી દીઠા બે સૈન્ય મધ્યમાં ॥ ૨૬ ॥

સર્વ ભાઈઓને ઉભેલા તેઓને જોઇ અર્જુન ॥ દયાથી દુઃખ પામીને આમ શ્રીકૃષ્ણને કહ્યું ॥ ૨૭ ॥
જોઇ આ સ્વજનોને જે લડવા સજ્જ થૈ ઉભા ॥ પીડાય છે સર્વ અંગો મોઢું બહુ સુકાય છે ॥ ૨૮ ॥
કંપે છે દેહ મારો ને રોમાંચ થઈ જાય છે ॥ ખસે ગાંડીવ હાથેંથી ચામડી દેહની બળે ॥ ૨૯ ॥
ભમે છે મન મારૂં ને હું ઉભી શકતો નથી ॥ શકુનો જાઉં છું આંહી અવળાં હાનિકારક ॥ ૩૦ ॥
નથી કલ્યાણ જોતો હું બાંધવોને રણે હણી ॥ ન ઇચ્છું છું વિજયને ન ઈચ્છું રાજ્યને સુખો ॥ ૩૧ ॥
રાજ્યથી ભોગવી શું છે લાભ જીવિતથી જ શું ॥ જેઓ માટે રાજ્ય ઈચ્છું જે માટે વૈભવો સુખો ॥ ૩૨ ॥
તેઓજ લડવા ઊભાં દઈત્યજ પ્રાણને તજી ॥ આચાર્યો ને પિતાઓ છે પુત્રો છે ને પિતામહો ॥ ૩૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

તેઓજ લડવા ઊભા દુસ્ત્યજ પ્રાણને તજી ॥ આચાર્યો ને પિતાઓ છે પુત્રો છે ને પિતામહો ॥ ૩૩ ॥
મામાઓ સાસરાઓ ને પૌત્રો શાળા કુટુંબિઓ ॥ હણે મને ભલે તેઓ હણવા ઈચ્છતો નથી ॥ ૩૪ ॥
મળતું હોયં જો રાજ્ય સ્વર્ગ પાતાળ ભૂમિનું ॥ નહિ હું લડવા ઈચ્છું પૃથ્વી માટે હું શેં લડું ॥
કૌરવોને હણી થાય અમોને શી પ્રસન્નતા ॥ ૩૫ ॥
આ આતતાયિઓને જો હણીયેં પાપ લાગશે ॥ હણી ન શકીયે માટે પુત્રો જે ધૃતરાષ્ટ્રના ॥
સ્વજનોને હણી કેમ સુખી થાશું અમે પ્રભો ॥ ૩૬ ॥
ઘેરાયેલા લોભથી આ જો કે જોતા નથી કશું ॥ કુળક્ષયતણો દોષ મિત્રદ્રોહનું પાતક ॥ ૩૭ ॥
પાપોથી હઠવા પાછું અમોએ ન વિચારવું? ॥ કુળક્ષય તણું પાપ જાણનારા છતાં પ્રભો ॥ ૩૮ ॥
કુળક્ષય થયે નાશે કુળ ધર્મો સનાતન ॥ ધર્મ નષ્ટ થયે આખું અધર્મી કુળ આ થશે ॥ ૩૯ ॥
અધર્મ વધવાથી તો થાશે દોષી કુળસ્ત્રિયો ॥ વર્ણસંકર સંતાનો થાશે દુષ્ટ સ્ત્રિયો થકી ॥ ૪૦ ॥
કુળ ને કુળહત્યારા તેથી સૌ નરકે જશે ॥ પિતરો, પડશે હેઠા અધોગતિતણે સ્થળે ॥ ૪૧ ॥
કુળને હણનારાના વર્ણસંકર કારક ॥ આ દોષથી જાતિધર્મો કુળધર્મો પુરાતન ॥
નષ્ટ થાશે મહાપાપ કુળહત્યાતણું પ્રભો ॥ ૪૨ ॥
કુળધર્મો મનુષ્યોના જેઓના નાશ પામશે ॥ હમેશાં નરકે વાસ થાય છે એમ સાંભળ્યું ॥ ૪૩ ॥
અહો જુઓ મહાપાપ કરવા નિશ્ચયી અમે ॥ હણવા સ્વજનોને આ રાજ્યના સુખલોભથી ॥ ૪૪ ॥
મને નિઃશસ્ત્રને તેઓ સામે નહિ થનારને ॥ થાશે મારૂં ઘણું શ્રેય હણશે શસ્ત્રધારિઓ ॥ ૪૫ ॥
સંગ્રામમાં કહી એમ શોક વ્યાકુળ અર્જુન ॥ છોડી ધનુષ્ય ને બાણ રથોપસ્થે ઢળી પડ્યો ॥ ૪૬ ॥

॥ इति श्रीमद् भगवद् गीतामां सैन्यदर्शन अर्जुन शोक नामनो पहेलो अध्याय संपूर्णः ॥ १ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

॥ श्रमद् भगवद् गीतानो ॥

॥ बीजो अध्यायः ॥ २ ॥

॥ संजय उवाच ॥

એ રીતેં તે દયાવિષ્ટ આંસુ ભરેલ નેત્રના ॥ પીડાતા પાર્થને આવું કહે છે વાક્ય કેશવ ॥ ૧ ॥

॥ श्री भगवान् उवाच ॥

તૂંને આ ક્યાંથી અજ્ઞાન મુશકેલ સમયે થયું ॥ છાજે અનાર્યને જેવું હણતું સ્વર્ગ કીર્તિને ॥ ૨ ॥
નપુંસકપણું તૂંનેં ન છાજે આજ અર્જુન ॥ છાતી દુર્બળતા ક્ષુદ્ર તજી ઊઠ પરંતપ ॥ ૩ ॥

॥ अर्जुन उवाच ॥

યુદ્ધમાં ભીષ્મને દ્રોણ પૂજવા યોગ્ય જે મને ॥ સામે ઉભા રહી કૃષ્ણ બાણોથી કેમ હૂં લડૂં ॥ ૪ ॥

મુરબ્બીઓને ન હણી ગુરૂને કલ્યાણકારી સમજું હું ભિક્ષા ॥
સુવર્ણભોગો ન હણી ગુરુને શું લોહીયાળા વિષયો હું માણું ? ॥ ૫ ॥
ન જાણીએ શ્રેષ્ઠ શું છે અમોને અમે કદિ જીતશું હારશું વા ॥
જેને હણી આશ ન જીવવાની તે કૌરવો સન્મુખ આવિ ઊભા ॥ ૬ ॥
કાર્પણ્ય દોષેં વિહતસ્વભાવ પૂછુંછું હું ધર્મસંમૂઢ ચિત્ત ॥
જેથી શ્રેય થાય નિશ્ચેં કહો તે શિષ્ય હૂં છું બોધ આપો જ આજે ॥ ૭ ॥
પામી મહારાજ્ય જ શત્રુહીન દેવો તણું પામી મહાધિપત્ય ॥
જોતો નથી શોક નિવારશે તે જે શોષતો કેશવ ઇંદ્રિયોને ॥ ૮ ॥

॥ संजय उवाच ॥

શ્રી કૃષ્ણને કહી એમ તપસ્વી અર્જુને ફરી ॥ લડીશ નહિ હે કૃષ્ણ કહી મૂંગો થઈ ગયો ॥ ૯ ॥
ત્યાં મોઢું મલકાવીને શ્રીકૃષ્ણ દુઃખ પામતા ॥ મિત્રને સૈન્યની વચ્ચે કહે છે વાક્ય આ તકે ॥ ૧૦ ॥

॥ श्री भगवान् उवाच ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં મોઢું મલકાવીને શ્રીકૃષ્ણ દુઃખ પામતા ॥ મિત્રને સૈન્યની વચ્ચે કહે છે વાક્ય આ તર્કે ॥ ૧૦ ॥

॥ શ્રી ભગવાન્ ઉવાચ ॥

તું મોહથી વિહ્વળ રૂપ ચિત્ત વિષાદ મોહે વિપરીત બુદ્ધિ ॥
જે બંધુઓ કાળ મુખે પડ્યા છે એને નિહાળી જ બન્યો કૃપાળુ ॥ ૧૧ ॥

ન શોક યોગ્યને શોચે ડાહ્યો તું બોલતો નથી ॥ મરેલાને જીવતાને પંડિતો શોચતા નથી ॥ ૧૨ ॥
પૂર્વે હું ન હતો શું? તું શું આ નોતા નરાધિપો ॥ શું હવે આપણે સર્વે પછી જન્મે હશું નહીં? ॥ ૧૩ ॥
આ દેહમાં જીવને છે બાલ્ય યૌવન વૃદ્ધતા ॥ તેમ બીજો દેહ પામે મુંઝાતો નથિ ધૈર્યવાન્ ॥ ૧૪ ॥
શબ્દ સ્પર્શાદિ શીતોષ્ણ સુખ દુઃખ કરે બધા ॥ આવે છે જાય છે જાણી અનિત્ય સહવા સદા ॥ ૧૫ ॥
ન પીડે એ બધા જેને સમાન દુઃખને સુખ ॥ જે ધીર નરને ભાસે મોક્ષ લાયક તે બને ॥ ૧૬ ॥
નથી અસત્ નું અસ્તિત્વ નથી અભાવ સત્ તણો ॥ બન્નેનો અંત દેખે છે તત્ત્વજ્ઞાની જનો બધા ॥ ૧૭ ॥
જેનાથી આ બધુ વિશ્વ વિસ્તર્યું, અંતહીન તે ॥ ન તે અખંડ આત્માનો કોઇ નાશ કરી શકે ॥ ૧૮ ॥
નથી પેલાં અને અંતે તેમ આ વર્તમાનમાં ॥ મિથ્યા સાથે ભળી લાગે ન મિથ્યા હોય તેમ તે ॥ ૧૯ ॥
આ દેહો અંતવાળા છે આત્મા નિત્ય અમાપના ॥ ન નાશ પામનારાના માટે તું લડ અર્જુન ॥ ૨૦ ॥
જે આજે હણતો માને હણાયો સમજે જ જે ॥ અજ્ઞાની બેઈ છે, આત્મા ન હણે ન હણાય છે ॥ ૨૧ ॥

ન જન્મે છે ન મરે છે કદાપિ ના એ જન્મી જન્મશે ના ફરીને ॥
અજ નિત્ય શાશ્વત ને પુરાણો ના હણાયે નાશ પામ્યે શરીરે ॥ ૨૨ ॥

અવિનાશી નિત્ય આત્મા જે જાણે અજ અવ્યય ॥ કેમ તે પાર્થ પુરુષ હણાય કેમ વા હણે ॥ ૨૩ ॥

મનુષ્ય જુનાં કપડાં તજીને લ્યે છે નવાં જેમ મનષ્ય બીજાં ॥
છોડી દઈ જીર્ણ શરીરને તે બીજાં નવાંને ત્યમ મેળવે છે ॥ ૨૪ ॥

ન એને શસ્ત્ર કાપે છે બાળે ના અગ્નિ તેહને ॥ સોડવે જળ એને ના ન વાયુ સુકવી શકે ॥ ૨૫ ॥
ન છેદાતો બળાતો ના સડતો ના સુકાય ના ॥ સર્વવ્યાપી સ્થાણુ નિત્ય અચળ ને સનાતન ॥ ૨૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અવ્યક્ત ને છે અચિંત્ય વિકારહીન એ ગણો ॥ આત્માને આમ જાણીને શોક ના કરવો ઘટે ॥ ૨૭ ॥
જન્મતો અથવા માને મરતો નિત્ય માન્ય વા ॥ તથાપિ તારે હે પાર્થન શોક કરવો ઘટે ॥ ૨૮ ॥
જન્મેલાનું મૃત્યુ નિશ્ચે મૃતનો જન્મ નિશ્ચયે ॥ ન ટાળ્યું એ ટળાયે છે માટે શોક ન તું કરે ॥ ૨૯ ॥
મૂળ અવ્યક્ત ભૂતો છે મધ્યમાં વ્યક્ત થાય છે ॥ મળે અવ્યક્તમાં અંતે શોક ક્યાં કરવો ઘટે ॥ ૩૦ ॥
એને જુએ કોઈ આશ્ચર્ય પેઠે આશ્ચર્યવત્ કોઈ એને કહે છે ॥
આશ્ચર્યવત્ અન્ય સાંભળે છે છતાંય જાણી શકતો ન કોઈ ॥ ૩૧ ॥
બધાના દેહમાં આત્મા અવધ્ય નિત્ય છે સદા ॥ માટે સર્વ મનુષ્યોનો શોક તું ના કરે ક્વચિત્ ॥ ૩૨ ॥
જોઈ સ્વધર્મ ક્ષત્રીનો ધ્રૂજવું ન ઘટે તુંને ॥ ધર્મયુદ્ધ વિના બીજું ક્ષત્રીનું શ્રેય નો દિસે ॥ ૩૩ ॥
દૈવેચ્છાથી મળેલું આ ખૂલેલું સ્વર્ગ બારણું ॥ સુખિયા ક્ષત્રિયો પામે યુદ્ધ આવું ધનંજય ॥ ૩૪ ॥
છતાં તું આ ધર્મરૂપ સંગ્રામ ન કરીશ જો ॥ તેથી સ્વધર્મ ને કીર્તિ ગુમાવી પાપ પામશે ॥ ૩૫ ॥
અપકીર્તિ બધા લોકો મોટી ફેલાવશે બધે ॥ દુઃખ છે મૃત્યુથી મોટું અપકીર્તિ કુલીનની ॥ ૩૬ ॥
યુદ્ધથી વિરમ્યો બીકે યોદ્ધાઓ માનશે તુંને ॥ જેઓમાં માન પામ્યો તું ત્યાં તારી લઘુતા થશે ॥ ૩૭ ॥
ન બોલવાનાં વચનો શત્રુઓ બોલશે તુને ॥ નિંદતા બળને તારા તેથી દુઃખ વધુ કયું ॥ ૩૮ ॥
હણાશે તો સ્વર્ગ પામે જીતીને ભાગવે મહી ॥ માટે અર્જુન બેઠો થા કરી નિર્ણય યુદ્ધનો ॥ ૩૯ ॥
સુખ દુઃખ સમ ગણી લાભાલાભ જયાજય ॥ કર યુદ્ધ પછી તેથી પાપને પામશે નહિ ॥ ૪૦ ॥
આ તુને સાંખ્યની બુદ્ધિ કહી સાંભળ યોગની ॥ જે બુદ્ધિ જાણીને પાર્થ છુટીશ કર્મ બંધથી ॥ ૪૧ ॥
પ્રત્યવાય નથી આમાં ન અતિક્રમનાશ છે ॥ અલ્પ આ પણ જો ધર્મ રક્ષે મોટા ભયો થકી ॥ ૪૨ ॥
વ્યવસાયાત્મિકા બુદ્ધિ એકલી જડ રૂપ છે ॥ વ્યવસાય વિનાનાની તપસ્વી મુનિઓ તણી
બુદ્ધિઓ બહુશાખાળી અનંત શક્તિયુક્ત છે ॥ ૪૩ ॥
[illegible] ॥ ૪૪ ॥
કામાત્મા સ્વર્ગના લોભી લાભેચ્છુ જન્મકર્મના ॥ ભોગૈશ્વર્યપ્રાપ્તિ માટે નાના ક્રિયા પરાયણા ॥ ૪૫ ॥

કામાત્મા સ્વર્ગના લાભી લાભેચ્છુ જન્મકર્મના ॥ ભોગૈશ્વર્યપ્રાપ્તિ માટે નાના ક્રિયા પરાયણા ॥ ૪૫ ॥
ભોગૈશ્વર્ય લંપટોનાં આ બુદ્ધિથી હર્યાં મન ॥ વ્યવસાયાત્મિકા બુદ્ધિ નથી યોગ્ય સમાધિમાં ॥ ૪૬ ॥
વેદો ત્રિગુણ સાથે છે થાજે ત્રિગુણહીન તું ॥ નિર્દ્વંદ્વ નિત્ય સત્વસ્થ નિર્યોગ ક્ષેમ આત્મવાન્ ॥ ૪૭ ॥
જરૂરી જળ પીવાની જેટલી છે સરોવરે ॥ તેટલી સર્વ વેદોમાં જાણતા વિપ્રનેજ છે ॥ ૪૮ ॥
અધિકાર કર્મનો છે કદાપિ ફળનો નથી ॥ ન કર્મફળહેતુ થા ન હો વૃત્તિ અકર્મમાં ॥ ૪૯ ॥
યોગમાં રહિને કર્મ કર્યેજા સંગ છોડિને ॥ સિદ્ધિમાં કે અસિદ્ધિમાં સમાન વૃત્તિ ધારિને ॥
રહીશ સમતા પામી યોગિનો યોગ એજ છે ॥ ૫૦ ॥
આરંભો સર્વ જેના છે નિરાશીબંધના અહિં ॥ હોમાયું ત્યાગમાં જેનું તે ત્યાગી તેજ બુદ્ધિમાન્ ॥ ૫૧ ॥
હલકું કર્મ આયું એ ખસે છે બુદ્ધિયોગથી ॥ બુદ્ધિને શરણે જા તું દીન છે ફળ હેતુઓ ॥ ૫૨ ॥
બુદ્ધિવાળો તજે છે તે બન્ને સુકૃત દુષ્કૃત ॥ માટે તું યોગમાં જોડા યોગ છે કર્મ કૌશળ ॥ ૫૩ ॥
બુદ્ધિશાળી મનુષ્યો એ તજીને કર્મનું ફળ ॥ કર્મ બંધનથી મુક્ત થઇ પામે પરંપદ ॥ ૫૪ ॥
જ્યારે તારી બુદ્ધિ મોહજાળને જે તરી જશે ॥ ત્યારે પામીશ વૈરાગ્ય શ્રોતવ્ય શ્રુત બેઇમાં ॥ ૫૫ ॥
શ્રુતિવિકૃત જે બુદ્ધિ થાશે નિશ્ચળ ને સ્થિર ॥ સમાધિયોગ્ય તે બુદ્ધિ ત્યારે યોગ તું પામશે ॥ ૫૬ ॥

॥ અર્જુન ઉવાચ ॥

સ્થિર પ્રજ્ઞની શું ભાષા સમાધિમાં રહેલની ॥ શું બોલે સ્થિરધી યોગી કેમ બેસે હરે ફરે ॥ ૫૭ ॥

॥ શ્રી ભગવાન્ ઉવાચ ॥

છોડે છે કામના જ્યારે મનમાં રમતી બધી ॥ આત્માથી મન સંતોષી સ્થિરપ્રજ્ઞ તદા કહે ॥ ૫૮ ॥
ઉદ્વેગી નહી દુઃખોમાં સુખોમાં જે વિરક્ત છે ॥ થાય ક્રોધ વિનાનો જે કેવળ સ્થિરધી મુનિ ॥ ૫૯ ॥
ન લંપટ બધામાં જે પામી શુભ અશુભને ॥ ન વખાણે ન ધિક્કારે સ્થિરપ્રજ્ઞ જ તે મુનિ ॥ ૬૦ ॥
કાચબો જેમ અંગોને સંકોચે તેમ આ કરે ॥ પદાર્થોથી. ઇંદ્રીયોને સ્થિરપ્રજ્ઞ જ તે મુનિ ॥ ૬૧ ॥
નિવૃત્તિ વિષયો પામે ઉપવાસી મનુષ્યના ॥ એનો રસ વિનાનો એ નિવૃત્ત પામશે રસ ॥ ૬૨ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્વાન પુરૂષની પાર્થ નિયમે રહેતાં છતાં ॥ પ્રમાથી ઇંદ્રિયો એની પરાણે મનને હરે ॥ ૬૩ ॥
તેને નિયમમાં રાખી મનથી થાય મત્પર ॥ વશ્ય છે ઇંદ્રિયો જેની કેવળ સ્થિરપ્રજ્ઞ તે ॥ ૬૪ ॥
ચિંતવે વિષયોને જે નરને સંગ થાય છે ॥ સંગથી થાય છે કામ કામથી ક્રોધ થાય છે ॥ ૬૫ ॥
ક્રોધથી થાય છે મોહ મોહથી સ્મૃતિનાશ છે ॥ તેથી બુદ્ધિ તણો નાશ નષ્ટ છે બુદ્ધિ નાશથી ॥ ૬૬ ॥
વિરક્ત રાગદ્વેષોથી સ્વવશ્ય ઇંદ્રિયોવડે ॥ વિષયોમાં ફરે વશ્યઆત્મા પામે પ્રસન્નતા ॥ ૬૭ ॥
પ્રસન્નતા હરે તેનાં જરૂર સર્વ દુઃખ ને ॥ પ્રસન્નચિત્તવાળાની સુબુદ્ધિ સ્થિર થાય છે ॥ ૬૮ ॥
નથી અસ્થિરને બુદ્ધિ નથી તેમજ ભાવના ॥ ન શાંતિ ભાવના શૂન્યે સુખ ક્યાંથી અશાંતને ॥ ૬૯ ॥
ફરતી ઇંદ્રિયોનું જે મન દોરવણી કરે ॥ તેની બુદ્ધિ હરે જેમ જલમાં વાયુ વાણને ॥ ૭૦ ॥
માટે જેને ઇંદ્રિયો છે વશ્યમાં ઇંદ્રિયોતણા ॥ વિષયો યોગિને જેને સ્થિર બુદ્ધિ જ જાણવો ॥ ૭૧ ॥
જાગે છે સંયમી તેમાં જે રાત સર્વ લોકની ॥ જાગે છે માનવો જેમાં તે રાત યોગિરાજની ॥ ૭૨ ॥

સદા ભરાતા સ્થિર છે છતાંયે સમુદ્રમાં જેમ જળો પ્રવેશે ॥
બધાં પ્રવેશે ત્યમ કામ જેમાં તે શાંતિ પામે નહિ કામભોગી ॥ ૭૩ ॥

જેનું અમત છે મત જેનો મત ન જાણતો ॥ જ્ઞાનિયોથી ન જાણેલું જાણ્યું જે જાણતા નથી ॥ ૭૪ ॥
તે બ્રહ્મ જ્ઞાનથી જાણી યોગી અમૃત મેળવે ॥ બ્રહ્મને મેળવી કાંઇ પામવાનું રહે નહિ ॥ ૭૫ ॥
બ્રહ્મજ્ઞાન બ્રહ્મલાભ એક છે બે પ્રકારનું ॥ જાણીને મેળવીને તે કાયમી શાંતિ પામશે ॥ ૭૬ ॥
છોડી બધી કામનાને ઇચ્છાહીન ફરે નર ॥ નિર્મળ નિરહંકાર પામે છે તે જ શાંતિને ॥ ૭૭ ॥
છુટી જાય બધા કામ હૈયામાં સ્થિર જેહના ॥ નર તે થાય અમર બ્રહ્મને ત્યાંજ મેળવે ॥ ૭૮ ॥
ભેદાય દિલની જ્યારે ગ્રન્થિઓ સર્વ વિશ્વમાં ॥ નર તે થાય અમર જાણો એ શાસ્ત્ર શાસન ॥ ૭૯ ॥
ભેદાય ગ્રન્થિઓ હૈયાતણી છેદાય સંશયો ॥ નાશે તેનાં બધાં કર્મો જોઇને તે પરાવર ॥ ૮૦ ॥
આ સ્થિતિ બ્રહ્મની પામી મૂંઝાતા નથી યોગીઓ ॥ અંતકાળે રહી જેમાં બ્રહ્મ સાયુજ્ય મેળવે ॥ ૮૧ ॥

॥ इति श्रीमद् भगवद् गीतायां सांख्य योग नामक द्वितीयोध्यायः संपूर्णः ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

|| इति श्रीमद् भगवद् गीतायां सांख्य योग नामक द्वितीयोध्यायः संपूर्णः || २ ||

|| अथ श्रीमद् भगवद् गीतायां तृतीयोध्यायः || ३ ||

|| अर्जुन उवाच ||

હલકી કર્મની બુદ્ધિ માનો છો જો તમે પ્રભો || શું કામ તો પછી હું ને દોરો છો ઘોર કર્મમાં || ૧ ||
તમારાં મિશ્ર છે વાક્યો બુદ્ધિને મૂંઝવો તમે || તેમાં એક કહો નિશ્ચે જેથી કલ્યાણ મેળવું || ૨ ||

|| श्री भगवान् उवाच ||

આ વિશ્વમાં બે પ્રકારે નિષ્ઠા છે તે તુને કહી || સાંખ્યોની જ્ઞાન યોગેથી કર્મયોગે જ યોગિની || ૩ ||
વિના આરંભ કર્મોનું નૈષ્કર્મ્ય મળતું નથી || માત્ર સંન્યાસ લેવાથી સિદ્ધિને પામતો નથી || ૪ ||
ક્ષણ માત્ર ન હોઇ છે કર્મ જે કરતો નથી || પરાધીન થઇ કર્મ કરે પ્રકૃતિના ગુણે || ૫ ||
કર્મેન્દ્રિયોને હઠથી કાબુ રાખી મને સ્મરે || મૂઢાત્મા વિષયોને જે મિથાચારી જ તે જન || ૬ ||
મનથી ઇંદ્રિયોનો જે કરે કાબુ કરે બંધું || કર્મેંદ્રિય વડે કર્મયોગને લપટ્યા વિના || ૭ ||
અકર્મથી કર્મ મોટું માટે તું કર રોજનું || ન કર્મ કર જો તું તો શરીર ન ટકી શકે || ૮ ||
બંધાય કર્મથી લોક કરે યજ્ઞ શિવાય જો || લપટાયા વિના કર્મ માટે તું કર અર્જુન || ૯ ||
યજ્ઞ સાથે પ્રજા સર્જી પ્રજાપતિ પછી કહે || વધારો સૃષ્ટિ આનાથી થાઓ આ ઈષ્ટ કામદ || ૧૦ ||
દેવોને યજ્ઞથી પૂજો એ દેવો રક્ષશે સદા || પરસ્પર સહાયેથી પરં કલ્યાણ પામશો || ૧૧ ||
સંતુષ્ટ યજ્ઞથી દેવો ઈચ્છેલા કામ આપશે || દીધું દેવે ન અર્પીને ખાય તે ચોર જાણવો || ૧૨ ||
યજ્ઞ બાકી જમે સંત મુકાય સર્વ પાપથી || પાપી તે ખાય છે પાપ રાંધે છે જે સ્વકારણે || ૧૩ ||
પ્રજા અન્ન થકી થાય અન્ન વર્ષાદથી બને || વર્ષાદ યજ્ઞથી થાય કર્મથી યજ્ઞ થાય છે || ૧૪ ||
ઉપજ્યું બ્રહ્મથી કર્મ બ્રહ્મ અક્ષરથી થયું || માટે બધે રહેલું આ રયું છે બ્રહ્મ યજ્ઞમાં || ૧૫ ||
ચાલતું વિશ્વનું ચક્ર જે ન એને અનુસરે || જન પાપી વિલાસી છે જીવે છે તે નિરર્થક || ૧૬ ||
જે આત્મામાં પ્રીતિવાળો આત્મામાં તૃપ્ત થાય જે || આત્મામાં છે જે સંતોષી તેને કાર્ય નથી કશું || ૧૭ ||

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે કે ન કરે તેવો તેને છે સરખું બધું ॥ ન તેને સર્વ લોકોમાં લેવા દેવા કશુંજ છે ॥ ૧૮ ॥
માટે લેશ ન મુંઝાઈ કર્તવ્ય કર કર્મ તું ॥ છોડીને મોહ જ કર્મ પામે તે બ્રહ્મને નર ॥ ૧૯ ॥
સિદ્ધિને કર્મથી પામ્યા રાજાઓ જનકાદિક ॥ લોક સંગ્રહને માટે તારે એ કરવું ઘટે ॥ ૨૦ ॥
જે જે મોટા આચરે છે તે તે લોકો કરે બધા ॥ પ્રમાણ બાંધે જ મોટા લોકો તેને અનુસરે ॥ ૨૧ ॥
કરવાનું નથી મારે કશૂંયે ત્રણ લોકમાં ॥ ન મળેલું તેમ કાંઈ નથી મેળવવાપણું ॥
તથાપિ કર્મમાં નિત્ય પ્રવર્તું છું ધનંજય ॥ ૨૨ ॥
કર્મમાં સાવધાનીથી હું પોતે ન અનુસરૂં ॥ મારે માર્ગે બધા વર્તે મનુષ્યો મારૂં જોઇને ॥ ૨૩ ॥
નાશ પામે સર્વ લોક જો હું કર્મ કરૂં નહિ ॥ થાઉં સંકરનો કર્તા હત્યારો આ પ્રજાતણો ॥ ૨૪ ॥
કર્મમાં મગ્ન થઈને અજ્ઞાની કર્મ જે કરે ॥ કરે વિદ્વાન્ અનાસક્ત લોકસંગ્રહ સારૂ એ ॥ ૨૫ ॥
ન બુદ્ધિભેદ જન્માવે અજ્ઞોને કર્મસંગિને ॥ યોજે કર્મ બધા વિદ્વાન્ પોતે આચરતો થકો ॥ ૨૬ ॥
ગુણોવડે પ્રકૃતિના અનેક કર્મ થાય છે ॥ કરૂં છું હું એમ માને અહંકાર વિમૂઢધિ ॥ ૨૭ ॥
ગુણકર્મ વિભાગોના તત્વને જાણનાર જે ॥ ગુણો અર્થે ગુણો વર્તે લોભાતો નથી માનિને ॥ ૨૮ ॥
આવા ગુણે મુગ્ધ જે છે આસક્ત ગુણકર્મમાં ॥ તે અપૂર્ણજ્ઞ અજ્ઞોને પૂર્ણજ્ઞે ન ચળાવવા ॥ ૨૯ ॥
મારામાં સર્વ કર્મોને મુકીને જ્ઞાનચિત્તથી ॥ આશાને મમતાહીન થઇને લડ તું સુખે ॥ ૩૦ ॥
જેઓ આ મત મારાને પાળશે નિત્ય સજજનો ॥ શ્રદ્ધાળુ દ્વેષ છોડેલા મુકાય સર્વ પાપથી ॥ ૩૧ ॥
નિંદી આ મત મારાને જેઓ અનુસરે નહિ ॥ સર્વજ્ઞાન વિમુઢોને જાણજે નાશ પામતા ॥ ૩૨ ॥
પોતાની પ્રકૃતિ પેઠે જ્ઞાનિ પણ કરે જ છે ॥ પ્રાણી પ્રકૃતિને પામે તેમાં નિગ્રહ શું કરે ॥ ૩૩ ॥
રાગદ્વેષ રહેલા છે ઇંદ્રીયોના પદાર્થમાં ॥ બન્નેને વશ નો પામે બન્ને છે વિઘ્નકારક ॥ ૩૪ ॥
સ્વધર્મમાં જ કલ્યાણ ખામીયુક્ત ભલે રયો ॥ પરધર્મ ભલે ખાંત્યે પાળિયે કે ચલાવિયે ॥
સ્વધર્મમાં મૃત્યુ સારૂં ન ઉન્નતિ વિધર્મમાં ॥ ૩૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સ્વધર્મમાં મૃત્યુ સારૂં ન ઉન્નતિ વિધર્મમાં ॥ ૩૫ ॥

॥ અર્જુન ઉવાચ ॥

કોણે દોર્યો તો પછી આ કરે છે પાપ પૂરુષ ॥ ઈચ્છતો ન છતાં જાણે પરાણે અન્યથી કરે ॥ ૩૬ ॥
જન્મે છે કેમ તે કૃષ્ણ વધે છે કેમ તે સદા ॥ શું તેનું રૂપ છે કેવો આચાર તે મને કહો ॥ ૩૭ ॥

॥ શ્રી ભગવાન્ ઉવાચ ॥

આ સૂક્ષ્મ શત્રુ મોટો છે વસતો ઇંદ્રિયો સહ ॥ સુખિયો થઈ બેઠો છે રહે મોહ પમાડતો ॥ ૩૮ ॥
ઘોર કામ ક્રોધમય ઉદ્ભવ્યો સ્તંભહર્ષથી ॥ અભિમાન અહંકાર પાપીઓથી જ દુસ્તર ॥ ૩૯ ॥
મટાડી હર્ષને આના આપે છે શોક એમને ॥ ભયભીત કરે છે એ નાખે છે મોહમાં ફરી ॥ ૪૦ ॥
તે આ દુષ્ટ ક્ષુદ્રરૂપ પોલ્ય જોઇ ઘુસી જતો ॥ મોહાત્મા દુઃખકારી એ વૃદ્ધિ પામે રજોગુણે ॥ ૪૧ ॥
કામ છે એ ક્રોધ છે એ થયેલા જ રજોગુણેં ॥ ખાધરો ને મહાપાપી વેરી એને જ જાણજે ॥ ૪૨ ॥
ધુંવાડે અગ્નિ ઢાંકેલો અરીસો રજથી દિસે ॥ વીંટાયો પડદે ગર્ભ વીંટ્યો તેણે જ તેમ આ ॥ ૪૩ ॥
જ્ઞાનીનો તે સદા શત્રુ ઢંકાયું જ્ઞાન તેહથી ॥ ન પૂરાતા અગ્નિ જેવો કામરૂપીજ શત્રુએ ॥ ૪૪ ॥
ઇંદ્રિયો મન ને બુદ્ધિ ગણાય સ્થાન કામનું ॥ પમાડે મોહ એનાથી જીવોનું જ્ઞાન ઢાંકિને ॥ ૪૫ ॥
ઇંદ્રિયોથી ચિત્ત ઊંચુ ચિત્તથી સત્વ ઉત્તમ ॥ સત્વથી તે મહાન્ આત્મા તેથી અવ્યક્ત ઉત્તમ ॥ ૪૬ ॥
શ્રેષ્ઠ અવ્યક્તથી બ્રહ્મ વ્યાપી રૂપવિહીન છે ॥ જે જાણી થાય છે મુક્ત પામે છે મોક્ષને સદા ॥ ૪૭ ॥
માટે પ્રથમ તું પાર્થ કાબુમાં લઇ ઇંદ્રિયો ॥ હરતા જ્ઞાન વિજ્ઞાન એ પાપી કામને હણ ॥ ૪૮ ॥
જુદા ભાવ ઇંદ્રિઓના પામતા ઉદયાસ્ત જે ॥ જુદા પેદા થતા જાણી ધીરને શોક ના થતો ॥ ૪૯ ॥
ઇંદ્રિયો પર કેવાય મન ઇન્દ્રિયોથી પર ॥ મનથી પર છે બુદ્ધિ બુદ્ધિથી પર તે જ છે ॥ ૫૦ ॥
બુદ્ધિથી પર જાણીને ઝકડી મન આત્મથી ॥ કષ્ટદાયી કામરૂપી શત્રુને હણય અર્જુન ॥ ૫૧ ॥

॥ इति श्रीमद् भगवद् गीतायां कर्मयोग नामक तृतीयोऽध्यायः संपूर्णः ॥ ३ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ अथ श्रीमद् भगवद् गीतायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

॥ श्री भगवान् उवाच ॥

વિવસ્વાન્ નૃપને પૂર્વે અખંડ યોગ મેં કહ્યો ॥ કહેલો મનુને તેણે ઈક્ષ્વાકૂને મનુનૃપે ॥ ૧ ॥
પરંપરાથી આવેલો શીખ્યા રાજર્ષિઓ તદા ॥ ઘણા કાળ થયા તેજ યોગ નષ્ટ થયો હતો ॥ ૨ ॥
તેજ આ યોગ તુંને મેં કહ્યો બહુ પુરાતન ॥ ભક્ત ને મિત્ર મારો છો માટે ઉત્તમ ગુપ્ત આ ॥ ૩ ॥

॥ अर्जुन उवाच ॥

પછી જન્મ તમારો છે પૂર્વે છે વિવસ્વાન્નો ॥ જાણું હું કેમ પૂર્વે તે તમે તેને કયો હતો ॥ ૪ ॥

॥ श्री भगवान् उवाच ॥

વીત્યા ઘણા જન્મ મારા તારા જન્મ ઘણાં ગયા ॥ તે બધાને હુંજ જાણું તું ન જાણ્ય પરંતપ ॥ ૫ ॥
અજ ને અવ્યયાત્મા છું છું પ્રભુ પ્રાણિમાત્રનો ॥ રહી પ્રકૃતિમાં જન્મૂં મારી માયાતણા ગુણે ॥ ૬ ॥
વિશ્વમાં ધર્મનો હ્રાસ જ્યારે જ્યારે જ થાય છે ॥ અધર્મની વૃદ્ધિ ત્યારે આત્માને સરજું જ છું ॥ ૭ ॥
રક્ષા માટે સાધુઓની દુષ્ટોના નાશ કારણે ॥ ધર્મની સ્થાપના માટે જન્મું છું હું યુગે યુગે ॥ ૮ ॥
મારૂં દિવ્ય જન્મ કર્મ જાણે જે આમ તત્ત્વથી ॥ તજી દેહ ફરી જન્મ ન પામે પામશે મને ॥ ૯ ॥
ભય રાગ ક્રોધહીન મન્મય મમ આશ્રિત ॥ ઘણાએ જ્ઞાન તપથી ભળ્યા મારા સ્વરૂપમાં ॥ ૧૦ ॥
ભજે જે ભાવથી જેઓ તેઓને તેમ હું ભજું ॥ જાય છે મેં બતાવેલે માર્ગે પાર્થ બધા જનો ॥ ૧૧ ॥
યજે છે અહિં દેવોને પામવા સિદ્ધિ કર્મની ॥ મનુષ્ય લોકમાં તુર્ત થાય છે સિદ્ધિ કર્મથી ॥ ૧૨ ॥
સર્જ્યા મેં ચાર વર્ણોને વિભાગે ગુણકર્મના ॥ તેનો કર્તા મને જાણ્ય અકર્તા તોય અવ્યય ॥ ૧૩ ॥
ન મને કર્મ બાંધે છે ન ઈચ્છા ફળમાં મને ॥ જે જાણે છે મને એવો બંધાતો નથી કર્મથી ॥ ૧૪ ॥
એમ જાણી કર્યું કર્મ પૂર્વેના જ મુમુક્ષુયે ॥ તે માટે કર તું કર્મ પૂર્વજોયે જ જે કર્યું ॥ ૧૫ ॥
મુંઝાયા પણ વિદ્વાનો શું કર્મ શું અકર્મ છે ॥ કહીશ કર્મ તુંને જે જાણી મુકાશ દુઃખથી ॥ ૧૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંઝાયા પણ વિદ્વાનો શું કર્મ શું અકર્મ છે ॥ કહીશ કર્મ તુંને જે જાણી મુકાશ દુઃખથી ॥ ૧૬ ॥

કર્મથી જાણવું નિશ્ચે જાણવું ય વિકર્મથી ॥ અકર્મથી જાણવું છે ગુઢ છે કર્મની ગતિ ॥ ૧૭ ॥

અકર્મ કર્મમાં દેખે જુવે કર્મ અકર્મમાં ॥ તે બુદ્ધિમાન મનુષ્યે માં તે જાણ્ય સર્વકર્મકૃત્ ॥ ૧૮ ॥

જેના બધા સમારંભો કામ સંકલ્પ વર્જીત ॥ જેનાં કર્મ બળ્યાં જ્ઞાને તેને પંડિત જાણવો ॥ ૧૯ ॥

છોડી કર્મફળાસક્તિ નિત્ય તૃપ્ત નિરાશ્રય ॥ પ્રવૃત્ત કર્મમાં એવો તે કાંઇ કરતો નથી ॥ ૨૦ ॥

કાબુમાં ચિત્તને આત્મા છોડ્યા છે અભિલાષને ॥ બધી જંજાળ છોડીને વૈરાગ્ય ભાવથી મુનિ ॥
દેહનું જે કરે કર્મ પાપને પામતો નથી ॥ ૨૧ ॥

દૈવેચ્છાલાભ સંતોષી દ્વંદ્વ મત્સરથી પર ॥ સમ સિદ્ધિ અસિદ્ધિમાં તે ન બંધાય કર્મથી ॥ ૨૨ ॥

સંગહીન મુક્ત જે છે જ્ઞાનમાં સ્થિત ચિત્તનો ॥ યજ્ઞાર્થે કર્મ આરંભે બધું વિલીન થાય છે ॥ ૨૩ ॥

હું અન્ન અન્ન ખાનારો બ્રહ્મનું જ્ઞાન એજ છે ॥ બ્રહ્મજ્ઞ કોળિયા હવે છે બધુ ય બ્રહ્મદૃષ્ટિથી ॥ ૨૪ ॥

બ્રહ્માર્પણ બ્રહ્મ હવિ બ્રહ્મે બ્રહ્માગ્નિમાં હુત ॥ એ રીતે જાણવું બ્રહ્મ બ્રહ્મ કર્મ સમાધિથી ॥ ૨૫ ॥

દૈવને યજ્ઞને કોઈ યોગિઓ સેવના કરે ॥ બીજા બ્રહ્માગ્નિમાં હોમે યજ્ઞથી યજ્ઞને ઘણા ॥ ૨૭ ॥

કર્મેંદ્રિયોને બીજાઓ હોમે છે સંયમાગ્નિમાં ॥ કોઈ શબ્દાદિ વિષયો હોમે છે ઈંદ્રિયાગ્નિમાં ॥ ૨૭ ॥

સર્વ ઈંદ્રિય કર્મોને બીજાઓ પ્રાણકર્મને ॥ મનોનિગ્રહથી પ્રાપ્ત થયેલા યોગ અગ્નિમાં ॥ ૨૮ ॥

દ્રવ્યયજ્ઞ તપોયજ્ઞ યોગયજ્ઞ કરે કઈ ॥ સ્વાધ્યાય ને જ્ઞાનયજ્ઞ તપસ્વી યોગિઓ કરે ॥ ૨૯ ॥

હોમે અપાનમાં પ્રાણ પ્રાણમાં વા અપાનને ॥ પ્રાણાપાનગતી રોકી પ્રાણાયામ પરાયણ ॥
પ્રાણોમાં પ્રાણને હોમે બીજા નિશ્ચિત ભોજન ॥ ૩૦ ॥

બધા એ યજ્ઞના જ્ઞાતા બળ્યાં છે પાપ યજ્ઞથી ॥ જમતા યજ્ઞશિષ્ટાન પામે બ્રહ્મ સનાતન ॥
બન્ને નિષ્ફળ લોકો છે યજ્ઞહીન મનુષ્યને ॥ ૩૧ ॥

અનેક યજ્ઞ એ રીતે પોચે છે બ્રહ્મને મુખે ॥ એ યજ્ઞો કર્મના જાણ્ય જાણી નિર્લેપ તું થશે ॥ ૩૨ ॥

દ્રવ્યયજ્ઞ થકી શ્રેષ્ઠ જ્ઞાનયજ્ઞ પરંતપ ॥ બધાં કર્મ ક્રિયા પાર્થ જ્ઞાનમાં લીન થાય છે ॥ ૩૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

તે જ્ઞાન પ્રણિપાતેથી સેવા પ્રશ્નોત્તરો વડે ॥ તને જ્ઞાન કહેશે તે જ્ઞાની જે તત્ત્વદર્શિઓ ॥ ૩૪ ॥
જે જાણી તું ફરી મોહ આ પ્રમાણે નહિ પામશે ॥ જેથી બધાં પ્રાણિઓને પોતામાં જોશ ને હુંમાં ॥ ૩૫ ॥
છતાં તું સર્વ પાપીથી મોટો પાપી સ્વને ગણે ॥ જ્ઞાન રૂપી વ્હાણથી તું સર્વ પાપ તરી જશે ॥ ૩૬ ॥
બળતો અગ્નિ કાષ્ઠોને કરે છે જેમ ભસ્મ તે ॥ જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને તેમ ભસ્મ કરે સદા ॥ ૩૭ ॥
નથી જ્ઞાન સમું બીજું કશું પવિત્ર વિશ્વમાં ॥ યોગ સિદ્ધ થયેલો જે, કાળેં જાણે સ્વ આત્મમાં ॥ ૩૮ ॥
શ્રદ્ધાળુ જ્ઞાન પામે છે. પૂર્ણ ઇંદ્રિયનિગ્રહી ॥ પામી જ્ઞાન મહાશાંતિ પામે થોડાજ કાળમાં ॥ ૩૯ ॥
શ્રદ્ધાહીન અને અજ્ઞ પામે છે નાશ સંશયી ॥ નથી આ લોક ને બીજો સંશયીને નથી સુખ ॥ ૪૦ ॥
જ્ઞાનથી સંશયો કાપ્યા તજ્યા છે કર્મ યોગથી ॥ કર્મો તે આત્મજ્ઞાની ને કદાપિ બાંધતાં નથી ॥ ૪૧ ॥
ભક્ષે યથા સૂર્ય બધા રસોને છે જેમ અગ્નિ પણ સર્વભક્ષી ॥
છતાં યોગી વિષયો ભોગવે છે ન બંધાય પુણ્ય પાપેં વિશુદ્ધ ॥ ૪૨ ॥
માટે અજ્ઞાન સંભૂત હૃદયસ્થ સ્વ સંશય ॥ કાપી જ્ઞાનાસિથી આમ પ્રવેશ કર યોગમાં ॥ ૪૩ ॥

॥ इति श्री मद् भगवद् गीतायां ज्ञान कर्म संन्यास नाम चतुर्थोध्यायः संपूर्णः ॥ ४ ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां पंचमोध्यायः ॥ ५ ॥

॥ अर्जुन उवाच ॥

વખાણ્યો કર્મસંન્યાસ વખાણ્યો કર્મયોગને ॥ બેમાંથી જે કરે શ્રેય મને એક કહો ફરી ॥ ૧ ॥

॥ श्री भगवान् उवाच ॥

સંન્યાસ ને કર્મયોગ બન્ને શ્રેય કરે જ છે ॥ કર્મસંન્યાસથી શ્રેષ્ઠ કર્મયોગ જ જાણવો ॥ ૨ ॥
દ્વેષ તૃષ્ણા નથી જેને સંન્યાસી તે જ નિત્ય છે ॥ થયેલો દ્વંદ્વથી મુક્ત છુટે છે બંધથી સુખે ॥ ૩ ॥
કહે જુદા સાંખ્ય યોગ અજ્ઞો, ન પંડિતો કહે ॥ થયેલો એકમાં લીન બન્નેનું ફળ મેળવે ॥ ૪ ॥
જે સ્થાન સાંખ્યથી પામે યોગથી પણ તેજ છે ॥ સાંખ્યને યોગને એક જુએ છે તેજ દેખતો ॥ ૫ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે જુદા સાંખ્ય યોગ અજ્ઞો, ન પડિતો કહે ॥ થયેલો એકમાં લીન બન્નેનું ફળ મેળવે ॥ ૪ ॥
જે સ્થાન સાંખ્યથી પામે યોગથી પણ તેજ છે ॥ સાંખ્યને યોગને એક જુએ છે તેજ દેખતો ॥ ૫ ॥
યોગાશ્રય વિના પામે સંન્યાસ બહુ કષ્ટથી ॥ યોગ યુક્ત મુનિ સદ્ય પામે છે પરબ્રહ્મને ॥ ૬ ॥
યોગયુક્ત વિશુદ્ધાત્મા જીતાત્માને જીતેન્દ્રિય ॥ સર્વના આત્મરૂપાત્મા ન બંધાય કરે છતાં ॥ ૭ ॥
માને યોગી તત્વવેત્તા હું કાંઇ કરતો નથી ॥ જુવે સુણે સ્પૃશે સૂંઘે ખાઇ જાય સુવે શ્વસે ॥ ૮ ॥
બોલે ફરે લ્યે ઉઘાડે વીંચે છે આંખ્ય એ બધું ॥ ઇંદ્રિયું સ્વ પદાર્થોમાં વર્તે છે એમ ધારતો ॥ ૯ ॥
બ્રહ્મમાં કર્મ અર્પીને જે કરે સંગ છોડીને ॥ લિંપાય નહિ પાપે તે યથા કમળને જળ ॥ ૧૦ ॥
એકલી ઈંદ્રિયુંથી કે કાયાથી મનબુદ્ધિથી ॥ કરે છે યોગિયો કર્મ સિદ્ધિ માટે તજી બધું ॥ ૧૧ ॥
પામે યોગી નિત્ય શાંતિ કર્મના ફળને તજી ॥ આસક્ત કર્મ ફળમાં યોગી બંધાય કર્મથી ॥ ૧૨ ॥
મનથી સર્વ કર્મોને તજી થાય સુખી વશ ॥ નવદ્વાર પુરે જીવ ન કર્તો ન કરાવતો ॥ ૧૩ ॥
ન કર્તવ્ય ન કર્મોને ન કર્મફળ યોગને ॥ સરજે પ્રભુ લોકોના પ્રવર્તે છે સ્વભાવથી ॥ ૧૪ ॥
ન લિયે કોઈનું પાપ ન લિયે પુણ્ય કોઇનું ॥ ઘેરાણું જ્ઞાન અજ્ઞાને તેથી મુંઝાય માનવી ॥ ૧૫ ॥
આત્માના જ્ઞાનથી જેનું પામ્યું અજ્ઞાન નાશ ને ॥ સૂર્ય પેઠે પ્રકાશે છે બ્રહ્મજ્ઞાન જ તેહનું ॥ ૧૬ ॥
બ્રહ્મબુદ્ધિ બ્રહ્મ ચિત્ત બ્રહ્મ નિષ્ઠા પરાયણ ॥ ફરી ન આવવા જાય જ્ઞાનથી ધોઇ પાપને ॥ ૧૭ ॥
ફરી ફરી સ્મરે એને સ્પર્શે સ્વકર્મમાં છતાં ॥ આસક્ત નહિ બંધાય ગારામાં સૂર્ય કિરણો ॥ ૧૮ ॥
વિદ્યા વિનય સંયુક્ત વિપ્રમાં ગાય હસ્તિમાં ॥ શ્વાન ચંડાળમાં બ્રહ્મજ્ઞાનિઓ સમદર્શિ છે ॥ ૧૯ ॥
આ લોક સ્વર્ગ તેને છે જેનું છે સામ્યમાં મન ॥ બ્રહ્મ છે સમ નિર્દોષ તેથી તે બ્રહ્મમાં રહ્યા ॥ ૨૦ ॥
હર્ખે ન પ્રિય પામીને ન દ્વેષ અપ્રિય પ્રતિ ॥ સ્થિર બુદ્ધિ ન પ્રમાદી બ્રહ્મજ્ઞ બ્રહ્મમાં રહે ॥ ૨૧ ॥
ન લુબ્ધ બાહ્ય સ્પર્શોમાં આત્મામાં સુખ મેળવે ॥ જોડાયો બ્રહ્મ યોગે તે અખંડ સુખ મેળવે ॥ ૨૨ ॥
ભોગો સંસર્ગના જે છે તે બધા દુઃખદાયક ॥ આદિ ને અંત વાળા છે વિદ્વાન્ તેમાં રમે નહી ॥ ૨૩ ॥
કામ ક્રોધ તણા વેગ સહે આહીં જ જે જન ॥ શરીર છોડતાં પેલાં તે યોગી તે સુખી નર ॥ ૨૪ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતરારામ જે અંતઃસુખી અંતઃપ્રકાશવાન્ ॥ બ્રહ્મભૂત જ તે સિદ્ધ પામે પરમ યોગને ॥ ૨૫ ॥
નિષ્પાપી ઋષિઓ સર્વે પામે છે બ્રહ્મમોક્ષને ॥ સર્વપ્રાણિહિતે મગ્ન યતાત્મા દ્વંદ્વહીન જે ॥ ૨૬ ॥
કામ ક્રોધ વિનાના જે યતિયો ચિત્તનિગ્રહી ॥ તે આત્મ જ્ઞાનિઓને તો બ્રહ્મમોક્ષ સમીપ છે ॥ ૨૭ ॥
બાહ્ય સ્પર્શ કરી બ્હાર ભ્રૂમધ્યે નેત્રને ધરી ॥ ફરતા નાસિકામાંહીં પ્રાણાપાન સમા કરી ॥ ૨૮ ॥
વશ્યેંદ્રિયમનો બુદ્ધિ મુનિ મોક્ષપરાયણ ॥ ઇચ્છા ભય દ્વેષહીન જે છે મુક્ત સદાય તે ॥ ૨૯ ॥
ભોક્તા હું યજ્ઞ તપનો સર્વલોક મહેશ્વર ॥ સ્નેહી બધા પ્રાણિયોનો જાણી શાંતિ જ મેળવે ॥ ૩૦ ॥

॥ इति श्रीमद् भगवद् गीतायां संन्यासयोग कर्मयोग नामक पंचमोध्यायः संपूर्णः ॥ ५ ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

॥ श्री भगवान् उवाच ॥

ઇચ્છા ન કર્મફળની રાખીને કર્મ જે કરે ॥ તે સંન્યાસી તે જ યોગી ન નિરગ્નિ ન અક્રિય ॥ ૧ ॥
જેને કહે છે સંન્યાસ તેને જ યોગ જાણ્ય તું ॥ યોગી થાતો નથી કોઈ સંકલ્પોને તજ્યા વિના ॥ ૨ ॥
યોગે જાવા ઇચ્છતા ને મુનિને કર્મ કારણ ॥ શમ કારણ કેવાય યોગારૂઢ થયા પછી ॥ ૩ ॥
જ્યારે ન ઇંદ્રિયાર્થોમાં લોભાય, નહિ કર્મમાં ॥ સર્વસંકલ્પ સંન્યાસી એ યોગારૂઢ જાણવો ॥ ૪ ॥
ઉદ્ધારે આત્મા આત્માથી આત્માને દુઃખિ ના કરે ॥ આત્મા જ મિત્ર આત્માનો આત્મા છે શત્રુ આપનો ॥ ૫ ॥
જીત્યો આત્માવડે આત્મા તેનો આત્મા જ મિત્ર છે ॥ શત્રુત્વમાં અનાત્માને વર્તે આત્મા જ શત્રુવત્ ॥ ૬ ॥
સમબુદ્ધિ પરાત્મામાં જીતાત્માને પ્રશાંતને ॥ શીતોષ્ણ સુખદુઃખોમાં તેમ માનાપમાનમાં ॥ ૭ ॥
જ્ઞાન વિજ્ઞાનથી તૃપ્ત કૂટસ્થ ને જીતેંદ્રિય ॥ તે યોગી, સમ છે જેને માટી પત્થર કાંચન ॥ ૮ ॥
સ્નેહી મિત્ર ઉદાસીમાં મધ્યસ્થ દ્વેષ્ય બંધુમાં ॥ સાધુઓમાં પાપિઓમાં સમાન બુદ્ધિ ધન્ય છે ॥ ૯ ॥
યોગિયે જોડવો આત્મા નિત્ય એકાંતમાં રહી ॥ એકલો મનને રોકી નિઃસ્પૃહી અપરિગ્રહ ॥ ૧૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર સ્થાનમાં રાખી પોતાનું સ્થિર આસન ॥ ન ઉંચું ન ઘણૂં નીચૂ કૌશેયાજીન દર્ભનું ॥ ૧૧ ॥
મન એકાગ્ર ધારીને દ્રઢ ચિત્તેંદ્રિય ક્રિયા ॥ જોડવો આસનેં બેસી આત્મશુદ્ધયર્થ યોગને ॥ ૧૨ ॥
સ્થિર થૈ સરખાં રાખી દેહ મસ્ત ડોકને ॥ સ્વ નાસિકાગ્રને જોતો દિશાઓને ન પેખતો ॥ ૧૩ ॥
ભયહીન પ્રશાંતાત્મા બ્રહ્મચર્યવ્રત સ્થિત ॥ મન સંયમમાં રાખી બેસે મારે પરાયણ ॥ ૧૪ ॥
આત્માને એમ જોડીને બીજે મન ન રાખતો ॥ ભક્ત મારો મોક્ષ શાંતિ પામે મારે વિષે રહી ॥ ૧૫ ॥
ન યોગ બહુ ભક્ષીને ભૂખ્યો રેનારને નહિ ॥ નથી ઘણું જાગતાને અતિ ઉંઘણને નથી ॥ ૧૬ ॥
યોગ્યાહાર વિહારીને કામોમાં યોગ્ય વર્તતા ॥ યોગ્ય સૂના જાગતાને દુઃખઘ્ન યોગ થાય છે ॥ ૧૭ ॥
જ્યારે ચિત્ત પરોવેલું આત્મમાં સ્થિર થાય છે ॥ નિઃસ્પૃહી સર્વકામોથી ત્યારે યોગ્ય ગણાય છે ॥ ૧૮ ॥
વા વિનાને સ્થળે દીવો જેમ ત્યાં હલતો નથી ॥ આત્મામાં જોડતો યોગી ઉપમા સ્થિર ચિત્તની ॥ ૧૯ ॥
જ્યાં જ્યાં ઉપરમે ચિત્ત રોકેલું યોગમાર્ગથી ॥ જ્યાં આત્માથી સ્વઆત્માને સંતુષ્ટ જોઇ આત્મમાં ॥ ૨૦ ॥
બુદ્ધિ ગ્રાહ્ય ઇંદ્રિયપર સુખ છે જ્યાં ઘણું અતિ ॥ જ્યાં રહીને જ જાણે છે તત્ત્વથી ચળતો નથી ॥ ૨૧ ॥
આ લાભ મેળવી બીજો અદકો માનતો નથી ॥ ચળાવતો નથી મોટા દુઃખે જેમાં રહેલને ॥ ૨૨ ॥
તે જાણ્ય દુઃખ સંયોગ વિયોગ યોગ નામથી ॥ તે નિશ્ચેં જોડવો યોગ વૈરાગ્ય યુક્ત ચિત્તથી ॥ ૨૩ ॥
સંકલ્પથી થયેલા જે તજીને સર્વ કામને ॥ મનથી ઇંદ્રિયો સર્વે બધેથી વશમાં કરી ॥ ૨૪ ॥
ધીમે ધીમે ઉપરમે ધારણા યુક્ત બુદ્ધિથી ॥ પરોવી મન આત્મામાં બીજું કાંઇ ન ચિંતવે ॥ ૨૫ ॥
જ્યાં જ્યાંથી બ્હાર નિકળે મન અસ્થિર ચંચળ ॥ ખેંચી ત્યાં ત્યાં થકી તેને કરવું વશ આત્મમાં ॥ ૨૬ ॥
એ શાંત મનનો યોગી મેળવે સુખ ઉત્તમ ॥ રજોગુણ વિનાનું ને નિષ્પાપી બ્રહ્મ રૂપ જે ॥ ૨૭ ॥
આત્માંને જોડતો એમ જ યોગી વશ્ય ચિત્તનો ॥ સુખેથી બ્રહ્મનો યોગ પામે છે નિશ્ચયે જ તે ॥ ૨૮ ॥
તે બ્રહ્મા શિવ ને ઈંદ્ર તે છે પરમ અક્ષર ॥ તે વિષ્ણુ પ્રાણ છે તે જ કાળાગ્નિ ચંદ્રમા જ તે ॥ ૨૯ ॥
થયેલું ને થવાનું જે વિશ્વ તે છે સનાતન ॥ બીજો માર્ગ નથી એક એ જાણી મૃત્યુને તરે ॥ ૩૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના સર્વભૂતો ને પોતાને સર્વભૂતમાં ॥ જોતો પરબ્રહ્મ પામે નહિ બીજા ઉપાયથી ॥ ૩૧ ॥
કરી અરણિ આત્માને ઓંકાર ઉત્તરારણિ ॥ જ્ઞાન નિર્મંથનાભ્યાસે બાળે છે સિદ્ધ પાપને ॥ ૩૨ ॥
જુવે છે સર્વ મારામાં જુવે છે જે બધે મને ॥ નથી હું દૂર તેનાથી મારાથી દૂર તે નથી ॥ ૩૩ ॥
સઘળાં પ્રાણિઓને જે પોતામાં જ જુવે સદા ॥ પોતાને સર્વભૂતોમાં પછી ન જાણવાપણું ॥ ૩૪ ॥
રહેલા સર્વભૂતોમાં એકતાથી ભજે મને ॥ ગમે ત્યાં વસતો તોય મારામાં તે વસે સદા ॥ ૩૫ ॥
આત્મા પ્રમાણે પોતાના જે સમાન બધે જુએ ॥ સુખને દુઃખને તે જો શ્રેષ્ઠ યોગી ગણાય છે ॥ ૩૬ ॥

॥ अर्जुन उवाच ॥

તમે આ જે કહ્યો યોગ સામ્યથી મધુસૂદન ॥ મન ચંચળતાથી હું નથી જોતો સ્થિતિ સ્થિર ॥ ૩૭ ॥
ચળ મંથનકારી ને બલિષ્ઠ દ્રઢ છે મન ॥ તેનો નિગ્રહ માનું છું વાયુ જેવો સુદુષ્કર ॥ ૩૮ ॥

॥ श्री भगवान् उवाच ॥

આવે ન વશ્યમાં એવું અવશ્ય ચળ ચિત્ત છે ॥ વશ થાય જ અભ્યાસે વૈરાગ્યે અથવા બને ॥ ૩૯ ॥
આત્મા વશ નથી તેને યોગ અપ્રાપ્ય છે સદા ॥ વશ્યાત્માથી શક્ય થાય પામવાને ઉપાયથી ॥ ૪૦ ॥

॥ अर्जुन उवाच ॥

અલ્પ પ્રયત્ન શ્રદ્ધાળુ યોગથી ચળ ચિત્તને ॥ બ્રહ્મનો માર્ગ ભૂલેલો સંતોનો માર્ગ ઈચ્છતો ॥ ૪૧ ॥
વ્યગ્રચિત્ત સ્થૈર્યહીન થયેલો મોહને વશ ॥ ન પામી યોગની સિદ્ધિ પામે છે તે કઈ ગતિ ॥ ૪૨ ॥
તે બન્ને લોકથી ભ્રષ્ટ સ્થિરતા જે ન પામિયો ॥ વાયુથી વાદળાં જેમ શું પામે નાશ તે જન ॥ ૪૩ ॥
મારા સંશયને કાપો સંપૂર્ણરીતથી પ્રભો ॥ આ સંશય નિવારે જે નથી બીજો તમોવિના ॥ ૪૪ ॥

॥ श्री भगवान् उवाच ॥

આ લોક પરલોકે વા તેનો નાશ થતો નથી ॥ કલ્યાણ કરતો કોઈ દુર્ગતિ પામતો નથી ॥ ૪૫ ॥
પામીને પુણ્યશાળી ના લોકને ત્યાં રહી ઘણું ॥ યોગભ્રષ્ટ જ જન્મે છે શુદ્ધ શ્રીમંત ને ગૃહે ॥ ૪૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લ્યે જન્મ યોગિયોને ત્યાં અથવા બુદ્ધિમાન્ કુળે ॥ મળવો જન્મ આવો તે ઘણું દુર્લભ માનવું ॥ ૪૭ ॥
ત્યાં જન્મી બુદ્ધિનો યોગ પામે છે પૂર્વ દેહનો ॥ તેથી ફરી કરે યત્ન યોગની સિદ્ધિ પામવા ॥ ૪૮ ॥
આધીન થઇ જોડાય અભ્યાસેં પૂર્વજન્મના ॥ યોગનો પણ જીજ્ઞાસુ તરે છે શબ્દ બ્રહ્મને ॥ ૪૯ ॥
પ્રયત્નશીળ યોગી જે ધોવાયાં પાપ જેહનાં ॥ થયો સિદ્ધ ઘણા જન્મેં પછી પામે પરાગતિ ॥ ૫૦ ॥
તપસ્વીથી શ્રેષ્ઠ યોગી જ્ઞાનીથી પણ શ્રેષ્ઠ છે ॥ કર્મીઓથી શ્રેષ્ઠ યોગી માટે યોગી જ તું બન ॥ ૫૧ ॥
બધા યોગિજનોમાંના મારામાં મન રાખિને ॥ ગણવો તે ઘણો પાત્ર શ્રદ્ધાળુ જે મને ભજે ॥ ૫૨ ॥

॥ इति श्री मद् भगवद् गीतायां ध्यानयोग ब्रह्मप्राप्तियोगो नाम षष्ठोऽध्यायः संपूर्णः ॥ ६ ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां सप्तमोऽध्यायः ॥ ७ ॥

॥ श्री भगवान् उवाच ॥

મારામાં મન આસક્ત રાખી જે યોગમાં ભળે ॥ જે રીતે, જાણશે નક્કી મને સાંભળ તે જ તું ॥ ૧ ॥
જ્ઞાન વિજ્ઞાન સાથેનું સંપૂર્ણ કહું છું તુને ॥ જે જાણી ફરી નો કાંઈ રહે છે જાણવાપણું ॥ ૨ ॥
સિદ્ધિ માટે કરે કોક હજારોમાં પ્રયત્નને ॥ પ્રયત્નશીળ સિદ્ધોમાં મને કોક જ ઓળખે ॥ ૩ ॥
પૃથ્વી પાણી અગ્નિ વાયુ આકાશ મન ને મતિ ॥ અહંકાર એમ આઠ મારી પ્રકૃતિ ભિન્ન છે ॥ ૪ ॥
તેથીય પણ બીજી છે મારી પ્રકૃતિ છે પરા ॥ જીવરૂપી જ જેનાથી પ્રવર્તે છે બધું જગત્ ॥ ૫ ॥
આનાથી જ બધાં પ્રાણી જાણ્ય ઉત્પન્ન થાય છે ॥ હું છું આ સર્વજગનો પ્રલયોત્પત્તિકારક ॥ ૬ ॥
મારાથી ભિન્ન કાંઈ આ સમગ્ર વિશ્વમાં નથી ॥ મારામાં આ પરોવાયું પારા દોરા વિષે જ્યમ ॥ ૭ ॥
જળમાં રસ રૂપેં છું પ્રભા છું ચંદ્ર સૂર્યમાં ॥ ઓંકાર વેદમાં, શૌર્ય નરોમાં, શબ્દ આભમાં ॥ ૮ ॥
સુગંધ ભૂમિમાં હું છું તેજ અગ્નિ વિષે જ હું ॥ ચૈતન્ય સર્વભૂતોમાં તપ છું હું તપસ્વિમાં ॥ ૯ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજ આ સર્વ ભૂતોનો મને જાણ્ય સનાતન ॥ બુદ્ધિ હું બુદ્ધિમાનોમાં તેજ તેજસ્વિઓ વિષે ॥ ૧૦ ॥
બળ હું બળવાનોનું કામ રાગ વિવર્જીત ॥ ધર્માનુસારી છું કામ સકલ પ્રાણિયો વિષે ॥ ૧૧ ॥
જે જે સાત્વિક ભાવો છે જે છે રાજસ તામસ ॥ મારાથી તે ન તેમાં હું, તે મારામાં જ જાણજે ॥ ૧૨ ॥
ત્રિગુણાવૃત ભાવોથી સર્વ મોહિત આ જગત્ ॥ મને નથી જાણતું તે એનાથી પર અવ્યય ॥ ૧૩ ॥
દૈવી ત્રિગુણવાળી આ મારી માયા દુરત્યયા ॥ મારે જે શરણે આવે માયાને તે તરે નર ॥ ૧૪ ॥
ન મારે શરણે દુષ્ટ મૂઢો અધમ માણસો ॥ હરેલ જ્ઞાનના આવે પામ્યા આસુર ભાવને ॥ ૧૫ ॥
પુણ્યશાળી મને પૂજે મનુષ્યો ચાર જાતના ॥ ધનાર્થી દુઃખી જીજ્ઞાસુ જ્ઞાનવાન્ ભરતર્ષભ ॥ ૧૬ ॥
તે છે જ્ઞાની નિત્યયુક્ત દ્રઢભક્તિ વિશેષ છે ॥ જ્ઞાનીને હું બહુ વાલો તેમ જ્ઞાની મને પ્રિય ॥ ૧૭ ॥
બધા ઉત્તમ એ ભક્તો આત્મા છે જ્ઞાનવાન્ મને ॥ યુક્તાત્મા તે રહેલો છે શ્રેષ્ઠ મારી ગતિ વિષે ॥ ૧૮ ॥
અનેક જન્મની અંતે પામે છે જ્ઞાનવાન્ મને ॥ કૃષ્ણરૂપ જગત માને તે મહાત્મા સુદુર્લભ ॥ ૧૯ ॥
અનેક કામના લોભી પૂજે વિવિધ દેવને ॥ તે તે નિયમ પાળીને પ્રેરાતા પ્રકૃતી વડે ॥ ૨૦ ॥
જે જે, જે મૂર્તિને ભક્ત ઇચ્છે શ્રદ્ધાળુ પૂજવા ॥ તે તે ભક્તની શ્રદ્ધાને કરૂં છું સ્થિર સર્વદા ॥ ૨૧ ॥
તે શ્રદ્ધાયુક્ત એ ભક્ત તેની આરાધના કરે ॥ તેથી તે મેળવે લાભો શુભ દીધેલ મેં જ એ ॥ ૨૨ ॥
તે અલ્પ બુદ્ધિવાળાનાં ફળ છે નાશવંત એ ॥ દેવ ભક્તો દેવ પામે સિદ્ધોને સિદ્ધ સેવકો ॥ ૨૩ ॥
પામે છે યક્ષ ગંધર્વ ને વિદ્યાધર પૂજકો ॥ ભૂતપૂજક ભૂતોને મારા ભક્તો મળે મને ॥ ૨૪ ॥
અવ્યક્ત વ્યક્તિ પામેલો માને છે અલ્પ બુદ્ધિઓ ॥ ન જાણતા પરંભાવ મારા અવ્યય ઉત્તમ ॥ ૨૫ ॥
વીંટાયો યોગ માયાથી બધાને હું છતો નથી ॥ મૂઢ લોક ન જાણે છે હું તો છું અજ અવ્યય ॥ ૨૬ ॥
જાણું છું હું થયેલાને જાણું છું વર્તમાનને ॥ થનારા પ્રાણિઓને હું નથી કો જાણતો મને ॥ ૨૭ ॥
ઈચ્છા દ્વેષથી જન્મેલા દ્વંદ્વ મોહવડે બધાં ॥ સૃષ્ટિમાં પ્રાણિઓ સર્વે પામે સંમોહને તદા ॥ ૨૮ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પાપ નષ્ટ થયું જે જે પુણ્યશાળી જનોતણું ॥ અળગા દ્વંદ્વ મોહોથી દ્રઢવ્રત ભજે મને ॥ ૨૯ ॥
મારે આશ્રે કરે યત્ન જરા મરણ છૂટવા ॥ અધ્યાત્મ કર્મ અખિલ તે જાણે પૂર્ણ બ્રહ્મને ॥ ૩૦ ॥
અધિભૂત અધિદૈવ સાથેનો અધિયજ્ઞની ॥ મને જાણે મૃત્યુકાળે તે યોગી ઓળખે મને ॥ ૩૧ ॥

॥ इति श्रीमद् भगवद् गीतायां ध्यानयोग ब्रह्मप्राप्तिमार्ग दर्शनयोगो नाम सप्तमोऽध्यायः संपूर्णः ॥ ७ ॥

अथ श्रीमद् भगवद् गीतायां अष्टमोऽध्यायः ॥ ८ ॥

॥ अर्जुन उवाच ॥

શું તે બ્રહ્મ શું અધ્યાત્મ કર્મ શું પુરુષોત્તમ ॥ અધિભૂત કર્યું શું છે અધિદેવાધિયજ્ઞ શું ॥ ૧ ॥
કેમ આ વિશ્વમાં શું છે કહો શું આ શરીરમાં ॥ મૃત્યુકાળે કેમ જાણે તમને મન નિગ્રહી ॥ ૨ ॥

॥ श्री भगवान् उवाच ॥

છે અક્ષર પરબ્રહ્મ અધ્યાત્મ એ સ્વભાવ છે ॥ જન્માવે ભૂતભાવોને તે વિસર્ગ જ કર્મ છે ॥ ૩ ॥
અધિભૂત ક્ષરભાવ પુરૂષ અધિદૈવત ॥ આ જ દેહ વિષે હું છું અધિયજ્ઞ પરંતપ ॥ ૪ ॥
કલેવર તજે પ્રાણી અંતકાળે સ્મરી મને ॥ તે મારા રૂપને પામે તેમાં શંકા ન જાણવી ॥ ૫ ॥
અથવા જે સ્મરી ભાવ છોડે અંતે કલેવર ॥ તે ભાવ સહ જોડાઇ પામે તે તે જ ભાવને ॥ ૬ ॥
માટે મને હમેશાં તું સ્મરતો સ્મરતો લડ્ય ॥ હું માં જોડી ચિત્ત બુદ્ધિ મને પામીશ નિશ્ચય ॥ ૭ ॥
અભ્યાસ યોગ સાથેના સ્થિર ચિત્તવડે સ્મરે ॥ પામે દિવ્ય પુરૂષને જે છે પરમ નામથી ॥ ૮ ॥

નદ્યૂંતણા જેમ ઘણા પ્રવાહો ભળે સમુદ્રે નામ રૂપાદિ છોડી ॥
તેમ વિદ્વાન્ નામરૂપોથી મુક્ત પરાત્પર પુરૂષને તે મળે છે ॥ ૯ ॥
કવિ પુરાણ શાસિતા વિશ્વનો જે આદિત્ય વર્ણ તમથી જે પર છે ॥
અણુમાં અણુ રક્ષિતા સર્વનો જે નિત્ય સ્મરે જે અચિંત્ય સ્વરૂપ ॥ ૧૦ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तकालय गुरुकुल काँगड़ी
20 ग 99
२२८८२
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુ ટાણે અચળ ચિત્તથી જે ભક્તિયુક્ત યોગબળેં કરીને ॥
બે ભ્રૂ મધ્યે પ્રાણને ધારિ સમ્યક્ પામે દિવ્ય પર પુરુષ નિશ્ચેં ॥ ૧૧ ॥
જેને કહે અક્ષર વેદ વિજ્ઞો જેમાં પેસે યતિયો વીતરાગી ॥
જેને ઇચ્છી બ્રહ્મચર્ય જ પાળે ટુંકામાં તે પદ તુંને કહું છું ॥ ૧૨ ॥

ન ઉદ્ભવ્યું જે વાણીથી, વાણી જેના થકી થઇ ॥ તેજ બ્રહ્મ તું જાણ્ય ઉપાસે છે ન તે જ આ ॥ ૧૩ ॥
મનથી જે ન માને છે, કહે જેણે મનોમત ॥ તેજ બ્રહ્મ તું જાણ્ય ઉપાસે છે ન તે જ આ ॥ ૧૪ ॥
નથી જોતું ચક્ષુથી જે, જુએ જેથી જ ચક્ષુઓ ॥ તેજ બ્રહ્મ તું જાણ્ય ઉપાસે છે ન તે જ આ ॥ ૧૫ ॥
કાને ન સાંભળે છે જે, જેનાથી કાન સાંભળે ॥ તેજ બ્રહ્મ તું જાણ્ય ઉપાસે છે ન તે જ આ ॥ ૧૬ ॥
પ્રાણથી જે ન જીવે છે, જીવે છે પ્રાણ જે થકી ॥ તેજ બ્રહ્મ તું જાણ્ય ઉપાસે છે ન તે જ આ ॥ ૧૭ ॥
એજ છે અક્ષર બ્રહ્મ એજ છે પરમામૃત ॥ એજ અવ્યય જાણીને જે ઇચ્છે તે જ મેળવે ॥ ૧૮ ॥
આલંબન શ્રેષ્ઠ એ છે એજ આલંબન પર ॥ એ આલંબનને જાણી પામે છે પરમા ગતિ ॥ ૧૯ ॥
કરી બંધ બધાં દ્વાર રોકી મન હૃદા વિષે ॥ મસ્તકે પ્રાણને ધારી રહી યોગ સમાધિમાં ॥ ૨૦ ॥
ૐ એ એકાક્ષર બ્રહ્મ જપતો સ્મરતો મને ॥ જે દેહને તજી જાય તે પામે પરમા ગતિ ॥ ૨૧ ॥
તે એ છે અક્ષર બ્રહ્મ પ્રાણ વાણી અને મન ॥ તે સત્ય, ને અમૃત તે જાણ્ય તું ભરતર્ષભ ॥ ૨૨ ॥
ૐ ધનુષ્ય, બાણ આત્મા, બ્રહ્મને લક્ષ્ય ધારિને ॥ જાણવું સાવધાનીથી બાણવત્ થાય તન્મય ॥ ૨૩ ॥

ઓંકાર રૂપી લઇને ધનુષ્ય ઉપાસના તીક્ષ્ણ શરેં કરીને ॥
આકર્ષિને ભાગવતેં બળિષ્ઠ તે લક્ષ્ય તે અક્ષરને જ જાણો ॥ ૨૪ ॥

રોજ એકાગ્ર ચિત્તેથી હંમેશાં જે સ્મરે મને ॥ હું તો સુલભ તેને છું નિત્યયુક્ત મનુષ્યને ॥ ૨૫ ॥
મને પામી ફરી જન્મ દુઃખપૂર્ણ અશાશ્વત ॥ પામે નહિ મહાત્માઓ પામ્યા પરમ સિદ્ધિને ॥ ૨૬ ॥
આરંભી બ્રહ્મથી લોકો પામે છે જન્મ તે ફરી ॥ મને પામ્યા પછી પાર્થ ફરી જન્મ થતો નથી ॥ ૨૭ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઓ હજાર યુગનો જાણે બ્રહ્માતણો દિન ॥ હજાર યુગની રાત તે રાત્રિ દિન જાણતા ॥ ૨૮ ॥
પ્રાણી અવ્યક્તથી સર્વે જન્મે દિવસ આવતાં ॥ રાતમાં લય પામે છે તે જ અવ્યક્તમાં સદા ॥ ૨૯ ॥
તે સર્વ પ્રાણિઓ જન્મી જન્મી પ્રલય પામતાં ॥ રાત આવ્યે, ફરી જન્મે પરાધીન થયા થકાં ॥ ૩૦ ॥
તેથી બીજો પરં ભાવ વ્યક્તાવ્યક્ત સનાતન ॥ જે સર્વ પ્રાણિના નાશે પોતે નષ્ટ થતો નથી ॥ ૩૧ ॥
તે છે અક્ષર અવ્યક્ત કહે છે તે પરા ગતિ ॥ જ્યાં જઈ ન ફરે પાછાં તે મારું ધામ છે પરં ॥ ૩૨ ॥
તે પર પુરૂષ પાર્થ અનન્ય ભક્તિથી મળે ॥ જેને પામી ફરી જન્મ યોગિયો પામતા નથી ॥ ૩૩ ॥
જેમાં ભૂતો રહેલાં છે જેમાં વિશ્વ બધું રચ્યું ॥ ૩૪ ॥
જે કાળે મૃત્યુ પામ્યેથી યોગિયો ફરિ જન્મને ॥ પામે છે, વા ન પામે છે, તે કાળ કહું છું હવે ॥ ૩૫ ॥
સૂર્યનું જ્યોતિ દિવસ શુકલ પક્ષ છ માસનું ॥ તેમાં મરેલા બ્રહ્મજ્ઞો પામે છે બ્રહ્મને સદા ॥ ૩૬ ॥
ધૂમ્ર રાત કૃષ્ણ પક્ષ છ માસ દક્ષિણાયન ॥ જ્યોતિ તેમાં ચંદ્રનું છે યોગી જન્મે ફરી અહીં ॥ ૩૭ ॥
શુકલ કૃષ્ણ વિશ્વની બે ગતિ શાશ્વત જાણવી ॥ એકમાં ન ફરી જન્મે, બીજીમાં લ્યે જ જન્મને ॥ ૩૮ ॥
જાણનારો સૃષ્ટિ આ બે મુંઝાતો નથી યોગિ તે ॥ બધા સમયમાં માટે થા યોગયુક્ત અર્જુન ॥ ૩૯ ॥
વેદો અને યજ્ઞ વિષે તપોમાં દાનો વિષે જે ફળ પુણ્યનું છે ॥
તેથી અનેરૂં પદ મેળવે છે યોગી બધા પુણ્ય થકી વિશેષ ॥ ૪૦ ॥

इति श्रीमद् भगवद् गीतायां अक्षर परब्रह्म योगो नाम अष्टमोऽध्यायः संपूर्णः ॥ ८ ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां नवमोऽध्यायः ॥ ९ ॥

॥ श्री भगवान् उवाच ॥

ઈર્ષા રહિત છો માટે ઘણું ગુહ્ય તુંને કહું ॥ વિજ્ઞાન સહિત જ્ઞાન જાણી મૂકાય પાપથી ॥ ૧ ॥
રાજવિદ્યા રાજગુહ્ય આ ઉત્તમ પવિત્ર છે ॥ પ્રત્યક્ષ ને ધર્મરૂપ કરવા અવ્યય સુખે ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

આ ધર્મમાં અશ્રદ્ધાળુ પુરૂષો છે પરંતપ ॥ મને ન પામી ભટકે મૃત્યુ સંસાર માર્ગમાં ॥ ૩ ॥
અવ્યક્ત મૂર્તિરૂપી મેં વિસ્તર્યું આ જગત્ બધું ॥ મારામાં સર્વ ભૂતો છે છતાં તેમાંય હું નથી ॥ ૪ ॥
છતાં હુંમાં ન ભૂતો છે, જો મારા દિવ્ય યોગને ॥ ભૂતધારી ન ભૂતસ્થ ભૂતોત્પાદક હું જ છું ॥ ૫ ॥
જેમ આકાશનો વાયુ હમેશાં છે બધે ફરે ॥ મારામાં સર્વ ભૂતો ને રહેલાં તેમ જાણવાં ॥ ૬ ॥
એમ હું સર્વ ભૂતોમાં ફરૂં છું ગુપ્ત રીતથી ॥ ભૂત પ્રકૃતિની સાથે જોડાઈ તે વિના પણ ॥ ૭ ॥
કલ્પક્ષયે સર્વભૂતો મારી પ્રકૃતિમાં ભળે ॥ કલ્પારંભે ફરી તેને સર્જૂં છું હુંજ અર્જુન ॥ ૮ ॥
આધારે સ્વ પ્રકૃતિને સર્જૂં છું હું ફરી ફરી ॥ પરાધીન પ્રકૃતિથી સર્વભૂત સમૂહને ॥ ૯ ॥
એવાં મને બધાં કર્મો કદાપિ બાંધતાં નથી ॥ બેઠો ઉદાસીન પેઠે વિરક્ત સર્વ કર્મમાં ॥ ૧૦ ॥
મારે આધારે પ્રકૃતિ જન્માવે સચરાચર ॥ એ કારણ વડે નિત્ય પ્રવર્તે છે જગત્ બધું ॥ ૧૧ ॥
અપમાને મને મૂઢો જોઇ માનવ દેહમાં ॥ ન જાણતા શ્રેષ્ઠ ભાવ મારા અવ્યય ઉત્તમ ॥ ૧૨ ॥
વ્યર્થાશા વ્યર્થકામાળા વ્યર્થજ્ઞ ક્ષુદ્ર ચિત્તના ॥ આસુરી રાક્ષસીમાયા મોહિનીમાં પડ્યા જ તે ॥ ૧૩ ॥
રહ્યા દૈવી પ્રકૃતિમાં મહાત્માઓ મને ભજે ॥ મારામાં મનવાળાઓ જાણી ભૂતાદિ અવ્યય ॥ ૧૪ ॥
સ્તુતિ કર્તા યજ્ઞકર્તા નમતા ભક્તિથી મને ॥ દ્રઢવ્રત નિત્યયુક્ત ઉપાસે છે મને સદા ॥ ૧૫ ॥
જ્ઞાનયજ્ઞ વડે બીજા ઉપાસે વિશ્વમુખને ॥ એક રૂપે જુદા રૂપે બહુ રૂપે મને ભજે ॥ ૧૬ ॥
હું ક્રતુ, હું જ છું યજ્ઞ, સ્વધા હું, હું જ ઔષધ ॥ મંત્ર હું છું ઘૃત હું છું, હું અગ્નિ છું અને હવિ ॥ ૧૭ ॥
આ વિશ્વનો પિતા હું છું માતા ધાતા પિતામહ ॥ જ્ઞેય ઓંકાર ઋગ્વેદ યજુઃ સામ અથર્વણ ॥ ૧૮ ॥
ગતિ ભર્તા પ્રભુ સાક્ષી નિવાસ શરણં સુહૃત્ ॥ પ્રભવ પ્રલય સ્થાન નિધાન બીજ અવ્યય ॥ ૧૯ ॥
તપૂં છું હું ખેંચું છું હું, વર્ષું છું વૃષ્ટિને જ હું ॥ હું છું અમૃત ને મૃત્યુ હું છઉં સત્ અને અસત્ ॥ ૨૦ ॥

ત્રિવેદજ્ઞા સોમપા પાપમુક્ત ઇચ્છે સ્વર્ગ મને યજ્ઞેં યજીને ॥
તે પુણ્ય રૂપી સુર લોક પામી ત્યાં ભોગવે ઉત્તમ દિવ્ય ભોગ ॥ ૨૧ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ સ્વર્ગે ભોગવી સ્વર્ગભોગ ક્ષીણે પુણ્યે મૃત્યુલોક પ્રવેશે ॥
ત્રયીવેદ ધર્મને એમ પાળે તેઓ જન્મ મૃત્યુને નિત્ય પામે ॥ ૨૨ ॥
હું માં એકાગ્ર વૈરાગી ભજે છે જે જનો મને ॥ તે બધા નિત્ય ભક્તોનું કરૂં છું હું જ રક્ષણ ॥ ૨૩ ॥
જે અન્ય દેવ ભક્તો છે યજે છે ભક્તિપૂર્વક ॥ મને જ તેઓ પૂજે છે વિધિથી એમ જાણવું ॥ ૨૪ ॥
હું જ છું સર્વ યજ્ઞોનો ભોક્તા ને પ્રભુરૂપ હું ॥ મને ન તત્ત્વથી જાણે પડે છે એજ હેતુથી ॥ ૨૫ ॥
દેવભક્તો જ દેવોને પિતરોને પિતૃવ્રત ॥ ભૂતેષ્ટ પામે ભૂતોને મારા ભક્તો મળે મને ॥ ૨૬ ॥
પત્ર પુષ્પ ફળ જળ અર્પે જે ભક્તિથી મને ॥ શુદ્ધાત્માનું ભક્તિ પૂર્વ આપ્યું સ્વીકારૂં છું સદા ॥ ૨૭ ॥
કર્યું જે, જમ્યુ જે હોમ્યુ, દાન દે, તપ જે કર્યું ॥ એ બધું હે કુંતિપુત્ર મને અર્પણ તૂં કર્ય ॥ ૨૮ ॥
શુભાશુભ ફળોથી તૂં મુકાશે કર્મ બાંધતા ॥ સંન્યાસ યોગ યુક્તાત્મા મને પામીશ યુક્ત થૈ ॥ ૨૯ ॥
અચિંત્ય અવ્યક્ત અનંતરૂપ શિવ પ્રશાંત અમૃત બ્રહ્મ યોનિ ॥
તે આદિ મધ્યાંત વિહીન અદ્ભૂત વિભુ ચિદાનંદ અરૂપ જે છે ॥ ૩૦ ॥
ઉમા સહાય પરમેશ્વર પ્રભુ ત્રિલોચન નીલકંઠ પ્રશાંત ॥ વિશુદ્ધ ને છે વિરજ વિશોક તે ચિંતવે હૃદયમાં બ્રહ્મરૂપી ॥ ૩૧ ॥
સમ છું સર્વ ભૂતોમાં ન મને દ્વેષ્ય કે પ્રિય ॥ તેઓમાં હું મારામાં તે ભક્તિથી જે ભજે મને ॥ ૩૨ ॥
ભજે અનન્ય ભાવેંથી દુરાચારી છતાં મને ॥ તે સાધુ જાણવો નિશ્ચેં ભક્તિમાં નિશ્ચયી જ છે ॥ ૩૩ ॥
તે ધર્માત્મા સદ્ય થાય પામે તે શાંતિ કાયમી ॥ તું નક્કી જાણજે પાર્થ ન પામે ભક્ત નાશ તે ॥ ૩૪ ॥
મારે ઓથે રહ્યા બીજા જેઓ અધમ જાતિના ॥ સ્ત્રિઓ વૈશ્યો તથા શૂદ્રો પામે તે ય પરા ગતિ ॥ ૩૫ ॥
પુછવું શું બ્રાહ્મણોનું ભક્ત રાજર્ષિઓતણું ॥ દુઃખી અનિત્ય સંસાર પામી ભજ મને સદા ॥ ૩૬ ॥
મારામાં મન રાખીને મારો ભક્ત થઇ મને ॥ પ્રણામ કરતો નિત્ય યજતો યજ્ઞથી મને ॥
મને પામીશ આત્માને મારામાં એમ જોડિને ॥ ૩૭ ॥

इति श्रीमद् भगवद् गीतायां अक्षर परब्रह्म योगो नाम नवमोऽध्यायः संपूर्णः ॥ ९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અથ શ્રીમદ્ ભગવદ્ ગીતાયાં દશમોધ્યાયઃ ॥ ૧૦ ॥

॥ શ્રી ભગવાન્ ઉવાચ ॥

ફરી પણ મહાબાહો મારાં સદ્ વાક્યને સુણ ॥ પ્રસન્ન ચિત્તનો તૂં છો માટે તારા હિતે કહું ॥ ૧ ॥
મારી ઉત્પત્તિને દેવો ન જાણે ન મહર્ષિઓ ॥ આદિ હું છું જ દેવોનો બધા મહર્ષિઓ તણો ॥ ૨ ॥
જાણે અજ અનાદિ જે જાણે લોક મહેશ્વર ॥ વિદ્વાન્ તે જ મનુષ્યોનાં મુકાય સર્વ પાપથી ॥ ૩ ॥
બુદ્ધિ જ્ઞાન અસંમોહ દમ સત્ય ક્ષમા શમ ॥ સુખ દુઃખ ભવ ભાવ ભય ને અભય તથા ॥ ૪ ॥
અહિંસા સમતા તુષ્ટિ તપ દાન તથા યશ ॥ અયશ ભાવ ભૂતોના મારાથી જ જુદા જુદા ॥ ૫ ॥
મહર્ષિઓ સાત પૂર્વે ચાર જે મનુઓ થયા ॥ મદ્ ભાવા માનસા જાણો જેઓની આ બધી પ્રજા ॥ ૬ ॥
આ વિભૂતિ યોગ રૂપે જાણે જે તત્ત્વથી મને ॥ એમાં નથી કશી શંકા જોડાય સ્થિર યોગથી ॥ ૭ ॥
આ સર્વ વિશ્વનો તાત પ્રવર્તે સર્વ આ થકી ॥ ભાવ સંયુક્ત વિદ્વાનો એમ માની ભજે મને ॥ ૮ ॥
મારામાં પ્રાણ છે જેનાં બોધ દેતા પરસ્પર ॥ કથે મને રમે હર્ષે મારામાં ચિત્ત ધારતા ॥ ૯ ॥
ભક્તિ યુક્ત અને જેઓ ભજે છે પ્રીતથી મને ॥ બુદ્ધિ યોગ દઉં તેને જેથી પામે મને સહુ ॥ ૧૦ ॥
તેઓ પર દયા રાખી હું જ અજ્ઞાનનું તમ ॥ નાશું છું આત્મ ભાવસ્થ તેજસ્વી જ્ઞાન દીપથી ॥ ૧૧ ॥

॥ અર્જુન ઉવાચ ॥

પરં બ્રહ્મ પરં ધામ પવિત્ર પરમ તમે ॥ પુરુષ શાશ્વત દિવ્ય આદિ દેવ અજ વિભુ ॥ ૧૨ ॥
એ રૂપે ઋષિઓ સર્વે કહે છે મુનિ નારદ ॥ અસિત દેવલ વ્યાસ કહો છો જ તમે સ્વયં ॥ ૧૩ ॥
સાચું તે સર્વ માનું છું કહો છો જે તમે મને ॥ તમારા રૂપને જાણે ન દેવો ન મહર્ષિઓ ॥ ૧૪ ॥
તે તો તમે જ આત્માથી સ્વયં જાણી શકો જ છો ॥ ભૂતભાવન ભૂતેશ દેવદેવ જગત્પતે ॥ ૧૫ ॥
કૃપા કરી મને કહેશો શુભ સર્વ વિભૂતિઓ ॥ જે વિભૂતિવડે વ્યાપી રયા છો લોકમાં તમે ॥ ૧૬ ॥
હે યોગી કેમ જાણું હું તમને ચિંતતો થકો ॥ કયા કયા જ ભાવોમાં તમને ચિંતવી શકું ॥ ૧૭ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસ્તારથી કહો યોગ તમારી જે વિભૂતિઓ ॥ ફરી કહો, નથી તૃપ્તિ તમારાં વાક્ય સાંભળી ॥ ૧૮ ॥

॥ श्री भगवान् उवाच ॥

કહીશ હું તુનેં નિશ્ચેં મારી શુભ વિભૂતિને ॥ વિસ્તારથી કહ્યે છેડો ન આવે સારમાં કહું ॥ ૧૯ ॥
હૃદામાં સર્વભૂતોના રહેલો હુંજ જીવ છું ॥ હું પ્રાણીમાત્રનો આદિ મધ્ય ને હુંજ અંત છું ॥ ૨૦ ॥
આદિત્યોમાં જ હું વિષ્ણુ જ્યોતિમાં રવિ અંશુમાન્ ॥ મરીચિ મરૂતોમાં છું નક્ષત્રોમાં જ ચંદ્રમા ॥ ૨૧ ॥
વેદોમાં હું સામવેદ દેવોમાં ઇંદ્ર હુંજ છું ॥ મન છું ઇંદ્રિયોમાં હું ભૂતોમાં હુંજ ચેતના ॥ ૨૨ ॥
છું હું શંકર રુદ્રોમાં કુબેર યક્ષરક્ષમાં ॥ વસુઓમાં પાવક હું મેરુ હું પર્વતો વિષે ॥ ૨૩ ॥
પુરોહિતોમાં જે મુખ્ય મને જાણ્ય બૃહસ્પતિ ॥ સ્કંદ સેનાનિઓમાં હું પ્રવાહોમાં છું સાગર ॥ ૨૪ ॥
મહર્ષિઓમાં ભૃગુ હું વાણીમાં એક અક્ષર ॥ જપ યજ્ઞ છું યજ્ઞોમાં સ્થાવરોમાં હિમાલય ॥ ૨૫ ॥
પીપળો સર્વ વૃક્ષોમાં દેવર્ષિમાં જ નારદ ॥ ગંધર્વોમાં ચિત્રરથ સિદ્ધોમાં કપિલો મુનિ ॥ ૨૬ ॥
ઉચ્ચૈઃશ્રવા હું અશ્વોમાં સમુદ્ર મંથને થયો ॥ ઐરાવણ ગજેન્દ્રોમાં રાજા છું હું મનુષ્યમાં ॥ ૨૭ ॥
વજ્ર હું આયુધોમાં છું ગાયોમાં કામધેનુ હું ॥ સર્પોમાં વાસુકી હું છું પ્રજોત્પાદક કામ હું ॥ ૨૮ ॥
અનંત છું હું નાગોમાં વરુણ જળ જંતુમાં ॥ નિયામકોમાં યમ હું પિતરોમાં જ અર્યમા ॥ ૨૯ ॥
દૈત્યો વિષે છું પ્રહ્લાદ કાળ ગણનકારમાં ॥ સિંહ છું હણકાંઓમાં ગરૂડ પક્ષિ વર્ગમાં ॥ ૩૦ ॥
પવન વેગવાળામાં રામ હું શસ્ત્રધારિમાં ॥ માછલામાં મગર હું પ્રવાહોમાં હું જાન્હવી ॥ ૩૧ ॥
સૃષ્ટિઓનો આદિ અંત મધ્ય હું જાણ્ય અર્જુન ॥ અધ્યાત્મ વિદ્યા વિદ્યામાં વાદ હું વાદિઓ વિષે ॥ ૩૨ ॥
અકાર અક્ષરોમાં હું દ્વંદ્વ હું છું સમાસમાં ॥ કાળ અક્ષય તો હું છું ધાતા છું સર્વતો મુખ ॥ ૩૩ ॥
સર્વ નાશક મૃત્યુ હું હું ઉદ્ભવ ભવિષ્યનો ॥ સ્ત્રિયોની કીર્તિ વાણી શ્રી સ્મૃતિ મેધા ધૃતિ ક્ષમા ॥ ૩૪ ॥
સામોમાં હું બૃહત્સામ ગાયત્રી છંદગાનમાં ॥ માસોમાં માગશર હું વસંત ઋતુઓ વિષે ॥ ૩૫ ॥
કપટી જનમાં દ્યૂત તેજ તેજસ્વિ લોકમાં ॥ જય હું છું વ્યવસાય સત્વ હું સત્વરૂપમાં ॥ ૩૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

હું વાસુદેવ વૃષ્ણીમાં પાંડવોમાં હું અર્જુન ॥ મુનિઓમાં વ્યાસ હું છું કવિઓમાં હું શુક્ર છું ॥ ૩૭ ॥
દંડ દમન કર્તામાં નીતિ છું જીતનારમાં ॥ મૌન હું ગુહ્ય વાતોમાં જ્ઞાન છું જ્ઞાનવાનમાં ॥ ૩૮ ॥
જે કાંઇ સર્વ ભૂતોમાં બીજ છું હું જ અર્જુન ॥ મારા વિનાનું કો ભૂત નથી કયાંય ચરાચર ॥ ૩૯ ॥
મારી દિવ્ય વિભૂતીનો નથી પાર પરંતપ ॥ કહ્યું સામાન્યરૂપે આ મેં વિભૂતીનું જ વર્ણન ॥ ૪૦ ॥
વિભૂતીરૂપ જે સત્ત્વ શોભા પ્રભાવવાળું જે ॥ તે તે બધું જાણ્ય તૂં જ મારા તેજોંશથી થયું ॥ ૪૧ ॥
અથવા બહુ શું કેવું તુંને જ્ઞાન વિશેષ આ ॥ એક અંશવડે ધારી વિશ્વમાં હું રહેલ છું ॥ ૪૨ ॥

॥ इति श्रीमद् भगवद् गीतायां ध्यानयोग ब्रह्मप्राप्तिमार्ग दर्शनयोगो नाम दशमोऽध्यायः संपूर्णः ॥ १० ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां एकादशोध्यायः ॥ ११ ॥

॥ संजय उवाच ॥

સાંભળી કૃષ્ણનાં વાક્ય બોલ્યો અર્જુન હે નૃપ ॥ મને કૃપા કરી ગુહ્ય પરમાધ્યાત્મ જે કહ્યું ॥ ૧ ॥
તમારા વચનોથી તે મારો મોહ બધો ગયો ॥ ભૂતોનો ભવ જે નાશ મેં સંપૂર્ણ જ સાંભળ્યો ॥ ૨ ॥
હે કૃષ્ણ તમ પાંસેથી માહાત્મ્ય પણ અવ્યય ॥ એમ આ જેમ પોતાને વર્ણવો છો તમે સ્વયં ॥ ૩ ॥
તે રૂપ જેવા ઇચ્છું છું વિરાટ પુરૂષોત્તમ ॥ જો હું જોઇ શકું એમ લગે જો તમને પ્રભો ॥ ૪ ॥
યોગીશ્વર તમે તો તો દેખાડો રૂપ અવ્યય ॥ પાર્થ વાણી સુણી કહે છે ભગવાન્ ભક્તવત્સલ ॥ ૫ ॥

॥ श्री भगवान् उवाच ॥

સેંકડો ને હજારો આ જો મારાં રૂપ અર્જુન ॥ નાના પ્રકારનાં દિવ્ય નાના આકાર વર્ણનાં ॥ ૬ ॥
જો આદિત્ય વસુ રુદ્ર અશ્વિનો વાયુઓ તથા ॥ ઘણાં ન પૂર્વે જોયેલાં આશ્ચર્ય સરખાં જ છે ॥ ૭ ॥
આમાં ભેળું થયું સર્વ વિશ્વ જો સચરાચર ॥ આજે મારા દેહ માંહી જોવા જે કાંઇ ઇચ્છતો ॥ ૮ ॥
આ ચર્મ ચક્ષુથી તું તો નહી જોઇ શકે બધું ॥ દિવ્ય ચક્ષુ તુંને આપું જો મારા દિવ્ય યોગને ॥ ૯ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

॥ संजय उवाच ॥

પછી એમ કહી રાજન્ મહાયોગીશ્વરે અહો ॥ દેખાડયું ઐશ્વરી શ્રેષ્ઠ રૂપ અર્જુનને ત્યહાં ॥ ૧૦ ॥
અનેક મુખ નેત્રો છે ઘણાં અદ્ભુત દર્શન ॥ દિવ્ય ભૂષણ સંયુક્ત સજ્જ આયુધ સંયુત ॥ ૧૧ ॥
દિવ્યાંબર ધરેલું ને દિવ્યચંદન ચર્ચિત ॥ બધાં આશ્ચર્ય સાથેનું દિવ્યાનંત ઘણાં મુખું ॥ ૧૨ ॥
હજાર સૂર્ય સરખી નભમાં થાય એકઠી ॥ તેવી કાંતિ મહાત્માની નિરખી ત્યાંજ અર્જુને ॥ ॥૩ ॥
વ્હેંચાયું ઘણી રીતેંથી ત્યાં મળેલુ જગત્ બધું ॥ દેહમાં પાંડવે જોયું વિશાળ દેવદેવના ॥ ૧૪ ॥
ત્યાં તે વિસ્મય પામેલો રોમાંચયુક્ત અર્જુન ॥ કહે છે હાથ જોડીને કરી નમન મસ્તકે ॥ ૧૫ ॥

॥ અર્જુન ઉવાચ ॥

દેખું છું દેવો તમ દેહ માંહે, તથા બધા ભૂત વિશેષ સંઘ ॥
બ્રહ્માંડ ને શંકર બ્રહ્મદેવ, મહર્ષિઓ સર્વ જ દિવ્ય સર્પો ॥ ૧૬ ॥
અનેક બાહુ મુખ નેત્ર પેટ, અનંત રૂપેં તમને નિહાળું ॥
ન અંત નો મધ્ય ન તમારૂં આદિ, જોઉં છું વિશ્વેશ્વર વિશ્વરૂપ ॥ ૧૭ ॥
કિરીટ ને ચક્ર ગદા ધારતા ને, તેજોરાશિ બધે પ્રકાશવાળા ॥
દીપ્ત અગ્નિ સૂર્ય જેવા પ્રકાશો, જોઉં છું હું દુર્નિરીક્ષ્ય બધેથી ॥ ૧૮ ॥
છો જ્ઞેય નેં અક્ષર છો પરા છો, તમે પરંધામ જ વિશ્વના છો ॥
અખંડ ને શાશ્વત ધર્મરક્ષી, નિશ્ચેં તમે પૂરુષ છો અનાદિ ॥ ૧૯ ॥
ન આદિ મધ્યાંત અનંત વીર્ય, અનંત બાહુ શશિ સૂર્ય નેત્ર ॥
પ્રકાશિતાગ્નિ સમ મુખવાળા, તપાવતા તેજથી વિશ્વને આ ॥ ૨૦ ॥
આકાશ પૃથ્વી તણો મધ્યભાગ, વ્યાપ્યો તમે તેમ બધી દિશાઓ ॥
આ ઉગ્ર જોઇ તવ રૂપ અદ્ભુત, ત્રિલોક પીડાય અહો મહાત્મન્ ॥ ૨૧ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સર્વેયે દેવતાઓ પ્રવેશે, બીતા કોઈ હાથ જોડી સ્તવે છે ॥
કલ્યાણ થાઓ વદતા મહર્ષિઓ, સ્તવે તમોને વિવિધ સ્તવોથી ॥ ૨૨ ॥
રુદ્રો સૂર્યો વસુઓ સાધ્ય દેવો, વિશ્વેદેવો અશ્વિનીપુત્ર વાયુ ॥
ગંધર્વયક્ષો પિતરો અસૂરો, સિદ્ધો જુવે વિસ્મયથી તમોને ॥ ૨૩ ॥
ઘણાં મુખાળું તવ આ સ્વરૂપ, ઘણાં નેત્રો બાહુ ઊરુ પગાળું ॥
ઘણાં પેટ દાઢું વિક્રાળરૂપ, જોઇ લોકો કંપતા તેમ હુંય ॥ ૨૪ ॥
ઘણા રંગી સ્પર્શતું આભને એ, પોળું મોઢું દીપ્ત વિસ્ફાર નેત્ર ॥
જોઇ રૂપ હું વ્યથિતાંતરાત્મા, હું નો પામું શાંતિને ધારણાને ॥ ૨૫ ॥
મુખો તમારાં વિકરાળ ડાઢનાં, જોઈ જ કાળાનળ તુલ્ય સર્વે ॥
ભુલ્યો દિશાઓ નહિ શાંતિ પામું, પ્રસન્ન થાઓ પ્રભુ દેવદેવ ॥ ૨૬ ॥
સર્વે બધા આ ધૃતરાષ્ટ્ર પુત્રો, બધાય ભૂપાળ સમૂહ સાથે ॥
ભીષ્મ દ્રોણ કર્ણરાજા તથા આ, સાથે અમારા વળિ મુખ્ય જોધા ॥ ૨૭ ॥
ડાઢૂવડે જે વિકરાળ ભાસે, જલ્દી તમારા મુખમાં પ્રવેશે ॥
કઈ દબાયા અહિં દાંત વચ્ચે, દેખાય છે ચૂર્ણિત મસ્તકોથી ॥ ૨૮ ॥
નાનારૂપી લડતા પૂરુષોથી, પેસે તમારા મુખમાં અચિંત્ય ॥
ધૃતરાષ્ટ્રના સૈનિકો પાંડવોના, કપાયેલા વિવિધ શસ્ત્રથી તે ॥ ૨૯ ॥
હણાયેલા તેજથી તે તમારા, તેઓ પેઠા દેહમાં સૌ તમારા ॥ ૩૦ ॥
ઘણી નદીના જળવેગ જેમ, સમુદ્રમાં સન્મુખ સૌ મળે છે ॥
આ વીર લોકો વપુમાં તમારા, પેસે બધેથી બળતાં મુખોમાં ॥ ૩૧ ॥
પતંગિયાઓ બળતા જ અગ્નિમાં, પડે બધાયે મરવા જ વેગથી ॥
લોકો પ્રવેશે જ વિનાશ માટે, વેગે ઘણાંયે મુખમાં તમારા ॥ ૩૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સૌ લોકોને બળતાં આ મુખોથી, ચાટો ચારેકોરથી ને ગ્રસો છો ॥
પ્રભાવડે પૂરિ જગત બધાને, પ્રભો તપે કાંતિ તમારી ઉગ્ર ॥ ૩૩ ॥
કહો મને આપ કોણ ઉગ્ર રૂપ, પ્રસન્ન થાઓ પ્રભુ છે પ્રણામ ॥
હું જાણવા ચાહું વિભો તમોને, જાણું ન હું આદ્ય તવ પ્રવૃત્તિ ॥ ૩૪ ॥

॥ શ્રી ભગવાન્ ઉવાચ ॥

હું શંભુ નારાયણ હું પુરૂષ, બ્રહ્મા સ્વયં હું જ સમગ્ર હું છું ॥
હું પૂર્ણ હું ઈશ પુરાતની હું, હિરણ્મય જ્ઞાનરૂપી જ હું છું ॥ ૩૫ ॥
હું કાળ લોકક્ષયકૃત્ વધેલો, બધી પ્રજાને ગ્રસવા પ્રવર્ત્યો ॥
તારા વિના કોઇ ન શેષ રેશે, સૈન્યો વિષે સજ્જ જ સૈનિકો છે ॥ ૩૬ ॥
માટે ઊભો થા અને પામ્ય કિર્તિ, જીતી શત્રુ ભોગવ્ય રાજ્ય સર્વ ॥
મેં આ સૌને પહેલાંથી હણ્યા છે, બન્ય પાર્થ તું જ નિમિત્ત માત્ર ॥ ૩૭ ॥
દ્રોણ અને ભીષ્મ જયદ્રથોને કર્ણ તથા અન્ય જે સૈનિકોને ॥
હણ્યા છે મેં તું હણ્ય, મા મુંઝાતો, જીતીશ યુદ્ધે લડ્ય શત્રુ સામે ॥ ૩૮ ॥

॥ સંજય ઉવાચ ॥

સુણી એવાં વચનો કૃષ્ણકેરાં, જોડી હાથ કંપતો અર્જુન ત્યાં ॥
નમસ્કારોથી કહે કૃષ્ણને તે, બીતો બીતો ગળગળો યે નમીને ॥ ૩૯ ॥

॥ અર્જુન ઉવાચ ॥

તે યોગ્ય છે જ સ્તુતિથી તમારી, જગત્ બધુંયે હરખે રમે છે ॥
ભાગે દિશામાં ભયભીત રાક્ષસો, સિદ્ધો બધાયે પ્રણમે તમોને ॥ ૪૦ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

નમે નહી કેમ વિભો તમોને, સમર્થ ને બ્રહ્મના આદિકર્તા ॥
અનંત દેવેશ જગન્નિવાસ, સત્ ને અસત્ થી પર અક્ષર છો ॥ ૪૧ ॥
અનાદિ દેવ પુરૂષ પુરાણ, આધાર છો વિશ્વતણા તમે જ ॥
વેત્તા અને વેદ્ય પરં સુધામ, ફેલાયેલું વિશ્વ છે આ તમોથી ॥ ૪૨ ॥
વાયુ યમોગ્નિ વરૂણ શશાંક, પ્રજાપતિ છો પ્રપિતામહ સ્વયં ॥
અનાદિમાન્ અપ્રતિમ પ્રભાવ, સર્વેશ્વર સર્વ મહાવિભૂતે ॥ ૪૩ ॥
નમો નમસ્તે જ હજારવાર, ફરી ફરી અસ્તુ નમો નમસ્તે ॥
વાં હે અને આગળ છે પ્રણામ, બધે તમોને કરૂં સર્વરૂપ ॥ ૪૪ ॥
દેખાયે ના કો તમારા શિવાય, ત્રણે લોકે અન્ય અચિંત્ય કર્મ ॥
અનંતવીર્યેશ અમાપ વિક્રમ, વ્યાપ્યા બધે છો અતઃ સર્વરૂપ ॥ ૪૫ ॥
માની સખા મેં ધૃષ્ટતાથી કર્યું છે, હે કૃષ્ણ હે યાદવ હે સખા એ ॥
અજાણતો મહિમા આ તમારો, પ્રમાદ કે સ્નેહથકી કદી મેં ॥ ૪૬ ॥
સુતાં બેઠાં જમતાં રમતાં વા, કાં એકલાં વા બહુ લોકસામે ॥
જે મશ્કરીથી અપમાન કીધું, માફી તમારી પ્રભુ આજ માગું ॥ ૪૭ ॥
પિતા તમે લોક ચરાચરોના, મોટા તમે આ ગુરુ વિશ્વના છો ॥
ત્રિલોકમાં કો ન તમો સમો છે, ત્રિલોકમાં છો અમિત પ્રભાવ ॥ ૪૮ ॥
હું રીઝવું છું પ્રણમી તમોને, પૂજ્યેશ ને આ તનને નમાવી ॥
પિતા સુતોનું જ સખા સખાનું, પ્રિય પ્રિયોનું જ્યમ સૌ સહે છે ॥ ૪૯ ॥
પૂર્વે કર્યાં અદ્ભુત દિવ્ય કર્મો, પૂર્વે થયેલા ઋષિયો સ્મરે છે ॥
કર્તા ન બીજો જગના તમે છો, ધાતા વિધાતા ભવ ને પ્રભુ છો ॥ ૫૦ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અસહ્ય ને અદ્ભુત શું તમોને, અશક્ય શું છે સ્તુતિ હું કરૂં છું ॥
કર્તા તમે વિશ્વ સમગ્રના છો, તેથી વિભો વિશ્વ બધું તમે છો ॥ ૫૧ ॥
અમાનુષી દુષ્કર કર્મ કાંઈ, નથી તમોને ઉપમા ન કોઈ ॥
ન માપ છે તેજનું ઋદ્ધિનું કે, પ્રભો તમારા બળનું ગુણોનું ॥ ૫૨ ॥
કદી ન જોયું હરખ્યો હું જોઈ છતાં ભયેં વિહ્વળ ચિત્ત મારૂં ॥
એ પૂર્વનું રૂપ પ્રભુ બતાવો, પ્રસન્ન હો દેવ જગન્નિવાસ ॥ ૫૩ ॥
વપુઃ ગદા ચક્ર કિરીટ ધારી ઇચ્છું છું હું એ તમને જ જોવા ॥
બે હાથવાળા સહજ સ્વરૂપેં થાઓ સહસ્રકર વિશ્વમૂર્તે ॥ ૫૪ ॥

॥ શ્રી ભગવાન્ ઉવાચ ॥

રાજી થઈ અર્જુન આ તનેં મેં, સ્વરૂપ એ યોગબળેં બતાવ્યું ॥
તેજોમય વિશ્વ અનંત આદ્ય, જોયું ન તારા વિણ કોઈ અન્યે ॥ ૫૫ ॥
ન યજ્ઞ વેદાધ્યયનેં ન દાનેં, ક્રિયાવડે ઉગ્ર નહિ તપોથી ॥
ન શક્ય આ રૂપ મનુષ્ય લોકે, જોવું બિજાથી તુજ વીણ પાર્થ ॥ ૫૬ ॥
વ્યથા ન થાઓ ન વિમૂઢભાવ જોઈ મારૂં ઘોર આવું સ્વરૂપ ॥
પ્રસન્ન થા ભીતિ તજી ફરી તું જો એ જ મારૂં અસલ સ્વરૂપ ॥ ૫૭ ॥

॥ સંજય ઉવાચ ॥

એવી રીતેં કહિનેં વાસુદેવેં, બતાવ્યું ત્યાં ફરી અસલ સ્વરૂપ ॥
ભયાર્તને શાંત કર્યો જ એને બની ફરી સૌમ્યશરીર કૃષ્ણ ॥ ૫૮ ॥

॥ અર્જુન ઉવાચ ॥

મનુષ્ય રૂપ આ સૌમ્ય તમારૂં જોઈ કેશવ ॥ હવે પ્રકૃતિને પામી થયો સ્વસ્થ સચેત હું ॥ ૫૯ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

॥ श्री भगवान् उवाच ॥

જે જોયું તેં રૂપ મારૂં અન્યેં જોઈ શકાય નો ॥ ઈચ્છે છે નિત્ય જોવા આ રૂપને દેવતા પણ ॥ ૬૦ ॥
ન વેદોથી ન તપથી ન દાને નહિ યજ્ઞથી ॥ માન્ય જોવો મને શક્ય તેં જોયો જેમ અર્જુન ॥ ૬૧ ॥
અનન્ય ભક્તિથી પાર્થ આ પ્રકારેં મને સદા ॥ જાણી જોઈ જ તત્વેંથી પ્રવેશીય શકાય છે ॥ ૬૨ ॥
મત્કર્મકૃત્ મત્પરમ મદ્‌ભક્ત સંગવર્જીત ॥ નિર્વૈરી સર્વ ભૂતોમાં જે તે પાપે મને સદા ॥ ૬૩ ॥

इति श्रीमद् भगवद् गीतायां विराट्स्वरूप दर्शनं नाम एकादशोऽध्यायः संपूर्णः ॥ ११ ॥

अथ श्रीमद् भगवद् गीतायां द्वादशोऽध्यायः ॥ १२ ॥

॥ अर्जुन उवाच ॥

જોડાઈ નિત્ય એ રીતે તમને ભક્ત જે ભજે ॥ ભજે અક્ષર અવ્યક્ત બેમાં યોગજ્ઞ કોણ છે ॥ ૧ ॥

॥ श्री भगवान् उवाच ॥

મારામાં મન રાખીને ઉપાસે-નિત્ય જે મને ॥ ઘણી શ્રદ્ધાવડે જેઓ તેને યોગજ્ઞ હું ગણું ॥ ૨ ॥
જે અક્ષર અનિર્દેશ્ય અવ્યક્તને મને ભજે ॥ સર્વત્ર વ્યાપ્ત અચિંત્ય કૂટસ્થ અચળ ધ્રુવ ॥ ૩ ॥
ઇન્દ્રિયો વશમાં રાખી બધે સમાન બુદ્ધિયેં ॥ તેઓ પણ મને પામે સર્વ પ્રાણિ હિતેચ્છુઓ ॥ ૪ ॥
બધે કલેશ ઘણો તેને અવ્યક્ત ચિત્ત ધારિને ॥ અવ્યક્ત ગતિને કષ્ટેં પામે છે દેહ ધારિઓ ॥ ૫ ॥
જે બધા કર્મ મારામાં રાખી મારે પરાયણ ॥ ધરી ધ્યાને ઉપાસે છે અનન્ય યોગથી મને ॥ ૬ ॥
ઉદ્ધાર કર્તા તેનો હું મૃત્યુ સંસાર સિંધુથી ॥ થાઉં છું સદ્ય મારામાં પ્રવેશ્યાં ચિત્ત જેહનાં ॥ ૭ ॥
રાખ્ય તું બુદ્ધિ મારામાં મારામાં મન ધારિને ॥ વસીશ તુંજ મારામાં રયો ઉત્તમ યોગમાં ॥ ૮ ॥
ચિત્તને સ્થિર મારામાં રાખવાને સમર્થ થા ॥ તો તું અભ્યાસ યોગેંથી પામવા ઇચ્છજે મને ॥ ૯ ॥
કરી શકે ન અભ્યાસ તો થા મારે પરાયણ ॥ કર્મો મને સમર્પીને કરે તો સિદ્ધિ પામશે ॥ ૧૦ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશક્ત હો જો એમાંયે રહી મારાજ યોગમાં ॥ સર્વ કર્મફળ ત્યાગ કર તું નિશ્ચયી થઈ ॥ ૧૧ ॥
જ્ઞાન અભ્યાસથી શ્રેષ્ટ ધ્યાનથી જ્ઞાન ઉત્તમ ॥ તેથી કર્મફળ ત્યાગ, ત્યાગથી શાંત થાય છે ॥ ૧૨ ॥
ન દ્વેષી સર્વ ભૂતોનો કરૂણાળુ સખા તથા ॥ નિર્મળ નિરહંકારી સમદુઃખ સુખી ક્ષમી ॥ ૧૩ ॥
નિયતાત્મા જ સંતોષી જે યોગી દ્રઢ નિશ્ચયી ॥ મન બુદ્ધિ ધરી હુંમાં તે ભક્ત છે મને પ્રિય ॥ ૧૪ ॥
ન દુઃખાય પ્રજા જેથી દુઃખી જે ન પ્રજાવડે ॥ હર્ષ મન્યુ ભય ક્રોધ એથી મુક્ત મને પ્રિય ॥ ૧૫ ॥
ઇચ્છાહીન શુદ્ધ ડાયો ઉદાસીન ગતવ્યથ ॥ આરંભ ફળનો ત્યાગી એવો ભક્ત મને પ્રિય ॥ ૧૬ ॥
ઇચ્છા શોક દ્વેષને જે ન ઇચ્છે હર્ષને ન જે ॥ શુભાશુભ ફળ ત્યાગી ભક્તિવાળો મને પ્રિય ॥ ૧૭ ॥
શત્રુમાં મિત્રમાં જે છે સમ માનાપમાનમાં ॥ શીતોષ્ણ સુખ દુઃખોમાં સમ સંગ વિવર્જીત ॥ ૧૮ ॥
તુલ્ય નિંદા સ્તુતિ મૌની સંતોષી સર્વમાંજ છે ॥ સ્થનહીન સ્થિરમતિ ભક્તિવાળો મને પ્રિય ॥ ૧૯ ॥
આ ધર્મામૃતને જેઓ બરાબર ઉપાસશે ॥ મારે આધીન શ્રદ્ધાળુ તે અત્યંત મને પ્રિય ॥ ૨૦ ॥

॥ इति श्रीमद् भगवद् गीतायां धर्मामृतं नाम द्वादशोऽध्यायः संपूर्णः ॥ १२ ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां त्रयोदशो ध्यायः ॥१३॥

॥ श्री भगवान् उवाच ॥

પ્રકૃતિને પુરુષને ક્ષેત્ર ક્ષેત્રજ્ઞને તથા ॥ કહીશ એ બધું તુંને જ્ઞાનને જ્ઞેયને તથા ॥ ૧ ॥
હે અર્જુન આ શરીર ક્ષેત્ર કેવાય છે સદા ॥ જે જાણે ક્ષેત્રને તેને ક્ષેત્રજ્ઞ પંડિતો કહે ॥ ૨ ॥
પાર્થ સર્વ શરીરોમાં ક્ષેત્રજ્ઞ જાણ તું મને ॥ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું જે છે જ્ઞાન તે જ્ઞાન જાણવું ॥ ૩ ॥
જે છે જેવું જ તે ક્ષેત્ર જેથી જે જે વિકારવાન્ ॥ ક્ષેત્રજ્ઞનો જે પ્રભાવ ટુંકામાં સઘળું સુણ ॥ ૪ ॥
ઋષિઓએ ઘણી રીતે ગાયું વિવિધ છંદથી ॥ હેતુવાળાં બ્રહ્મસૂત્ર પદોયેં સિદ્ધ જે કર્યું ॥
મહાભૂતો અહંકાર બુદ્ધિ અવ્યક્ત ને મન ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શ્રોત્ર ત્વક્ ચક્ષુ રસના ઘ્રાણ જ્ઞાનેંદ્રિયો જ છે ॥ વાક્ પાણિ પાદ પાયુને કર્મેન્દ્રિય ઉપસ્થ છે ॥
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ ઇંદ્રિયગોચર ॥ ૬ ॥
ઇચ્છા દ્વેષ દુઃખ સુખ એકતા ચેતના ધૃતિ ॥ કહ્યું આ ક્ષેત્ર ટુંકામાં જન્મ મૃત્યુ વિકારનું ॥ ૭ ॥
અમાનિત્વ અદંભિત્વ અહિંસા આર્જવ ક્ષમા ॥ આચાર્ય સેવા ને શૌચ સ્થિરતા મનનિગ્રહ ॥ ૮ ॥
વૈરાગ્ય ઇન્દ્રિયાર્થોમાં નિરહંકરિતા તથા ॥ જન્મ મૃત્યુ જરા વ્યાધિ એનું દોષ નિદર્શન ॥ ૯ ॥
પુત્ર સ્ત્રી ઘર દ્રવ્યોમાં ન આસક્તિ ન મુગ્ધતા ॥ પ્રિય અપ્રિય વસ્તુમાં સમાન નિત્ય ભાવના ॥ ૧૦ ॥
મારામાં પૂર્ણ ભાવેથી ભક્તિ શુદ્ધ અને સ્થિર ॥ એકાંત સ્થાનમાં વાસ અરુચિ જન સંઘમાં ॥ ૧૧ ॥
અધ્યાત્મ જ્ઞાનમાં નિષ્ઠા તત્ત્વજ્ઞાનાર્થ દર્શન ॥ એ લક્ષણો જ્ઞાનનાં છે અજ્ઞાનનાં જ ઊલટાં ॥ ૧૨ ॥
જે જ્ઞેય તે કહું જેને જાણી અમૃત મેળવે ॥ અનાદિ જે પરબ્રહ્મ નથી સત્ ને નથી અસત્ ॥ ૧૩ ॥
બધે હાથ પગો જેના બધે નેત્ર શિરો મુખ ॥ લોકમાં છે બધે કાન રહે વીંટાઈ વિશ્વને ॥ ૧૪ ॥
સર્વેન્દ્રિયગુણો ભાસે સર્વેન્દ્રિયવિવર્જીત ॥ પોષે સૌને, ન આસક્ત, નિર્ગુણ ગુણભોગિ જે ॥ ૧૫ ॥
બાર અંદર ભૂતોમાં સ્થિર તેમજ અસ્થિર ॥ ન જણાય સૂક્ષ્મ તેથી દૂર છે ને નજીક છે ॥ ૧૬ ॥
ન વેંચાયેલ ભૂતોમાં વેંચાયું એ છતાં દિસે ॥ વિશ્વરક્ષક તે જાણ્ય ઉત્પત્તિ નાશ કારક ॥ ૧૭ ॥
તેજોમાં તે મહાતેજ પર છે અંધકારથી ॥ જ્ઞાન જ્ઞેય જ્ઞાનગમ્ય હૃદામાં સર્વના રહ્યું ॥ ૧૮ ॥
એમ ક્ષેત્ર તથા જ્ઞાન જ્ઞેય સંક્ષેપમાં કહ્યાં ॥ આ જાણીને ભક્ત મારો મારામાં એક થાય છે ॥ ૧૯ ॥
અનાદિ છે એમ જાણ્ય બેઈ પ્રકૃતિ પૂરુષ ॥ વિકારોને ગુણોને તો જાણ્ય પ્રકૃતિથી થયા ॥ ૨૦ ॥
કાર્ય કારણ કર્તામાં હેતુ પ્રકૃતિ છે સદા ॥ પુરુષ સુખ દુઃખોના હેતુ ભોક્તાપણા વિષે ॥ ૨૧ ॥
ગુણો પ્રકૃતિના સેવે પ્રકૃતિ સ્થિતિ પૂરુષ ॥ સદ્ અસદ્ યોનિ જન્મોનું કારણ ગુણસંગ છે ॥ ૨૨ ॥
લોકશાસન કર્તા ને અણુમાં પણ જે અણુ ॥ પરં પુરુષ હેમાભ જાણવો સ્વપ્ન બુદ્ધિથી ॥ ૨૩ ॥
ઉપદેષ્ટા અનુમંતા કર્તા ભોક્તા મહેશ્વર ॥ પરમાત્મા કહ્યો તેને પરપૂરુષ દેહમાં ॥ ૨૪ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

જાણે એમ પુરૂષને પ્રકૃતિને ગુણે સહ ॥ ગમે તેમ રહે તોય ફરી તે જન્મ તો નથી ॥ ૨૫ ॥
આત્મામાં કોઇ આત્માને ધ્યાનથી કોઇ ચિત્તથી ॥ સાંખ્યથી યોગથી બીજા જુવે છે કર્મયોગથી ॥ ૨૬ ॥
ન જાણે એ બધું જેઓ બીજાથી સાંભળી ભજે ॥ તેઓ પણ તરે મૃત્યુ કથાશ્રવણ જે કરે ॥ ૨૭ ॥
જેટલાં સત્વ જન્મે છે આંડી સ્થાવર જંગમ ॥ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ યોગેથી થયેલાં જાણય અર્જુન ॥ ૨૮ ॥
સમાન સર્વભૂતોમાં રહેલા પરમેશને ॥ ન નાશે નાશવંતોમાં જે જુવે તેજ દેખતો ॥ ૨૯ ॥
રયા સમાન સર્વત્ર જે તે ઇશ્વરને જુવે ॥ હણતો નથી આત્માને તેથી પામે પરા ગતિ ॥ ૩૦ ॥
કર્મો પ્રકૃતિથી સર્વે થાય છે એમ જે જુવે ॥ જુવે અકર્તા આત્માને કેવાય તેજ દેખતો ॥ ૩૧ ॥
જ્યારે ભૂત પૃથગ્ ભાવ જુવે છે એકમાં રયા ॥ તેથી વિસ્તારને દેખે તે બ્રહ્મરૂપ થાય છે ॥ ૩૨ ॥
અવ્યયઃ પરમાત્મા છે અનાદિ નિર્મળત્વથી ॥ ન કરે છે ન બંધાય રહેલો દેહમાં છતાં ॥ ૩૩ ॥
બંધાતું નથી સૂક્ષ્મત્વાત્ નભ જેમ બધે રયું ॥ તેમ આત્મા ન બંધાય સર્વત્ર દેહમાં રયો ॥ ૩૪ ॥
જેમ એક પ્રકાશે છે આ બધા વિશ્વને રવિ ॥ તેમ આત્મા પ્રકાશે છે સમગ્ર દેહને રયો ॥ ૩૫ ॥
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનો ભેદ ભૂત પ્રકૃતિ મોક્ષને ॥ જ્ઞાન ચક્ષુથી જે જાણે તે પરં પદ મેળવે ॥ ૩૬ ॥
इति श्रीमद् भगवद् गीतायां प्रकृति पुरुष क्षेत्रक्षेत्रज्ञादि वर्णनो नाम त्रयोदशोऽध्यायः संपूर्णः ॥ १३ ॥

अथ श्रीमद् भगवद् गीतायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

॥ श्री भगवान् उवाच ॥

જ્ઞાનોમાં ઉત્તમ જ્ઞાન કહું છું જ હજી ફરી ॥ જે જાણી મુનિયો સર્વે પામ્યા પરમ સિદ્ધિને ॥ ૧ ॥
મારી સમાનતા પામ્યા તેઓ આ જ્ઞાન મેળવી ॥ જન્મે ન સૃષ્ટિ કાળે તે ન પામે પ્રલયે વ્યથા ॥ ૨ ॥
મારાથી છે મહદ્ બ્રહ્મ તેમાં ગર્ભ જ હું ધરૂં ॥ તેનાથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે સદા ॥ ૩ ॥
સર્વ યોનિ વિષે જે જે જન્મે છે મૂર્તિઓ બધી ॥ તેની બ્રહ્મ મહદ્ યોનિ બીજદાતા પિતા જ હું ॥ ૪ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સત્વ રજસ્ તમસ્ એ છે ગુણો પ્રકૃતિ સંભવ ॥ તેઓ અવ્યય આત્માને બાંધે છે દેહમાં ગુણો ॥ ૫ ॥
સત્વ નિર્મળ છે માટે નીરોગી છે પ્રકાશક ॥ સુખ સંગમાં જોડે છે આત્માને જ્ઞાન સંગમાં ॥ ૬ ॥
તૃષ્ણા સંગે ઉદ્‌ભવેલો રાગાત્મક રજોગુણ ॥ તે જોડે છે જ કૌન્તેય આત્માને કર્મસંગમાં ॥ ૭ ॥
અજ્ઞાન જન્ય તમ છે મોહકૃત્ સર્વ જીવને ॥ પ્રમાદને વધારે છે ઊંઘ આળસને તથા ॥ ૮ ॥
સત્વ તો સુખમાં જોડે કર્મમાં હિ રજોગુણ ॥ તમોગુણ જ્ઞાન ઢાંકી જોડે છે તે પ્રમાદમાં ॥ ૯ ॥
રજઃ તમઃ દબાવીને સત્વ ગુણ વધે જ છે ॥ રજઃ સત્વ દબાવીને વધે છે જ રજોગુણ ॥ ૧૦ ॥
દેહનાં સર્વદ્વારોમાં જ્યારે પ્રકાશ થાય છે ॥ થાય જ્ઞાન જાણ્ય ત્યેં વધ્યું છે સત્વ એમ જ ॥ ૧૧ ॥
લોભ પ્રવૃત્તિ આરંભ અશાંતિ કર્મની સ્પૃહા ॥ રજોગુણ વધ્યે સર્વે વધે છે જીવને સદા ॥ ૧૨ ॥
અંધકાર અપ્રવૃત્તિ તથા મોહ પ્રમાદ જ ॥ તમોગુણ વધ્યાથી એ ઉત્પન્ન થાય છે બધાં ॥ ૧૩ ॥
જ્યારે સત્વ વધ્યું હોય જો પામે મૃત્યુ માનવ ॥ ઉત્તમ જ્ઞાનવાળાના જાય નિર્મળ લોકમાં ॥ ૧૪ ॥
રજોગુણે મૃત્યુ પામી જન્મે છે કર્મસંગમાં ॥ તમોગુણે મૃત્યુ પામી જન્મે અધમ યોનિમાં ॥ ૧૫ ॥
કહે સુકૃત કર્મોનું રૂપ સાત્વિક નિર્મળ ॥ ફળ રાજસનું દુઃખ અજ્ઞાન ફળ તામસ ॥ ૧૬ ॥
થાય છે સત્વથી જ્ઞાન રજથી લોભ થાય છે ॥ પ્રમાદ મોહ અજ્ઞાન તમોગુણવડે બને ॥ ૧૭ ॥
સ્વર્ગમાં સત્વથી જાય રજથી મધ્યમાં રહે ॥ કનિષ્ઠ ગુણ વૃત્તિના નીચે જાય જ તામસો ॥ ૧૮ ॥
જાણે દ્રષ્ટા એમ, બીજો નથી કર્તા ગુણો વિના ॥ ગુણોથી પરને જાણે તે મારા રૂપમાં ભળે ॥ ૧૯ ॥
દેહજન્ય ત્રિગુણોને આત્મા ઉલ્લંઘીને જ જે ॥ જન્મ મૃત્યુ જરા દુઃખમુક્ત અમૃત મેળવે ॥ ૨૦ ॥

॥ अर्जुन उवाच ॥

કયાં ચિન્હો વડે જૂદો થાય છે ત્રિગુણો થકી ॥ કેવા આચારનો કેમ ત્રિગુણોથી બને પર ॥ ૨૧ ॥

॥ श्री भगवान् उवाच ॥

પ્રવર્તેલા મોહને જે પ્રકાશને પ્રવૃત્તિને ॥ ન કરે દ્વેષ જે જ્ઞાની ન ઈચ્છે જે નિવૃત્તને ॥ ૨૨ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

રહેતો નિર્લેપ પેઠે જે ગુણોથી ન ચળે કદી ॥ ગુણ સ્વભાવ છે જાણી જે રહે તે ચળે નહિ ॥ ૨૩ ॥
તુલ્ય દુઃખ સુખ સ્વસ્થ સુવર્ણ પિંડ પથ્થર ॥ તુલ્ય નિંદા સ્તુતિ જેને પ્રિય અપ્રિય તુલ્ય છે ॥ ૨૪ ॥
તુલ્ય મિત્ર અને શત્રુ તુલ્ય માનાપમાન છે ॥ સર્વારંભ ફળ ત્યાગી તે ગુણાતીત જાણવો ॥ ૨૫ ॥
નિર્વિકારી ભક્ત ભાવે સેવે છે જે મને સદા ॥ તે ગુણોથી પર બની બ્રહ્મમાં એક થાય છે ॥ ૨૬ ॥
હું બ્રહ્મનું અમૃતનું સ્થાન અવ્યયનું જ છું ॥ અખંડ સુખનું તેમ સ્થાન છું નિત્ય ધર્મનું ॥ ૨૭ ॥

॥ इति श्रीमद् भगवद् गीतायां सगुणनिर्गुण स्थितिवर्णनं नाम चतुर्दशोध्यायः संपूर्णः ॥ १४ ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां पंचदशोऽध्यायः ॥ १५ ॥

॥ श्री भगवान् उवाच ॥

ઉંચાં મૂળ તળે ડાળ્યું જાણો અશ્વત્થ અવ્યય ॥ છંદો છે પાંદડાં જેનાં તે જાણે એ જ વેદવિત્ ॥ ૧ ॥

નીચે ઊંચે પ્રસરી જેની ડાળ્યું, ગુણે વધ્યા વિષયો કુંપળો છે ॥
નીચે બધે પ્રસર્યાં છે જ મૂળો, જોડાયેલાં કર્મથી મૃત્યુ લોકે ॥ ૨ ॥
જણાય આનું ન યથાર્થ રૂપ, ન અંત નો આદિ ન સુસ્થિતિ છે ॥
અશ્વત્થને રૂઢ જ મૂળ જેનાં, છેદી સુતીક્ષ્ણે જ અસંગ શસ્ત્રે ॥ ૩ ॥
પછી જ છે તે પદ ગોતવાનું, જેમાં જઈ જન્મ ફરી ન લે છે ॥
તે આદ્યને હું શરણે ગયો છું, જેથી પુરાણી પ્રસરી પ્રવૃત્તિ ॥ ૪ ॥
જેને પામી ઋષિયો જ્ઞાન તૃપ્ત, સિદ્ધાત્માઓ વીતરાગી પ્રશાંત ॥
તે સર્વમાં વ્યાપને પામી વીરો, યુક્તાત્માઓ આદ્યમાં જ પ્રવેશે ॥ ૫ ॥
નિર્માનમોહા જિતસંગ દોષા, અધ્યાત્મ નિષ્ઠા વિનિવૃત્ત કામા ॥
દ્વંદ્વોથી મુક્ત સુખદુઃખ રૂપી, જ્ઞાની જનો અવ્યય ધામ પામે ॥ ૬ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદાંત વિજ્ઞાન વિનિશ્ચિતાર્થ, સંન્યાસ યોગેં જ વિશુદ્ધ સત્વ ॥
તે અંતકાળેં બ્રહ્મલોકેં પળે છે, પરામૃતા દુઃખથી તે મુકાય ॥ ૭ ॥

પ્રકાશે છે જ્યાં ન સૂર્ય ન ચંદ્રમા ન દેવતા ॥ જ્યાં જઇ ન વળે પાછા મારૂં પરમ ધામ છે ॥ ૮ ॥
મારો છે અંશ આ લોકેં જીવરૂપી સનાતન ॥ ખેંચે છે મન સાથેની પ્રકૃતિસ્થ છ ઇન્દ્રિયું ॥ ૯ ॥
આત્મા શરીરને પામે તજે છે વા શરીરને ॥ નિત્ય છ ઈંદ્રિયું સાથે ગંધોને વાયુ જેમ લ્યે ॥ ૧૦ ॥
શ્રોત્ર ચક્ષુ ત્વચા તેમ રસના નાસિકા તથા ॥ મન સાથે રહી તેમાં સેવે છે વિષયો બધા ॥ ૧૧ ॥
ઉઠતાં બેસતાં કિંવા જમતાં વા ગુણોસહ ॥ અજ્ઞાનિયો નથી જોતા જુવે છે જ્ઞાનચક્ષુઓ ॥ ૧૨ ॥
મથતા યોગિયો એને જુવે છે ચિત્તમાં રયો ॥ મથતાં પણ અજ્ઞાની ન એને મૂઢધી જુવે ॥ ૧૩ ॥
જે સૂર્યમાં રહ્યું તેજ પ્રકાશે સર્વ વિશ્વને ॥ ચંદ્રમાં જે અગ્નિમાં જે મારૂં એ તેજ જાણવું ॥ ૧૪ ॥
પૃથ્વીમાં રહિ ભૂતોને ધારૂં છું હું જ ઓજથી ॥ રસરૂપેં બની સોમ પોષું છું ઔષધી બધી ॥ ૧૫ ॥
હું જ વૈશ્વાનર થઈ પ્રાણિના દેહમાં રહી ॥ મળી પ્રાણાપાન સાથે પચાવું સર્વ અન્નને ॥ ૧૬ ॥

બેઠો જ છું હું હૃદયે બધાના, હુંથી સ્મૃતિ જ્ઞાન જ વિસ્મૃતિ છે ॥
હું જાણવા યોગ્ય જ વેદથી છું, વેદાંતનો વેદ તણો જ કર્તા ॥ ૧૭ ॥
ન પુણ્ય ને પાપ મને ન નાશ, મને ન દેહેંદ્રિય બુદ્ધિ જન્મ ॥
ન ભૂમિ પાણી ન મને ન અગ્નિ મને નથી વાયુ અને ન આભ ॥ ૧૮ ॥
એવાજ જાણી પરમાત્મ રૂપ, ગુહાશય નિષ્કલ અદ્વિતીય ॥
ત્રિલોક સાક્ષી સદસદ્ વિહીન, ભળે વિશુદ્ધ પરમાત્મ રૂપેં ॥ ૧૯ ॥

આ વિશ્વમાં બે પુરૂષ ક્ષર અક્ષર રૂપ છે ॥ ક્ષર છે સર્વભૂતો એ કૂટસ્થ છે જ અક્ષર ॥ ૨૦ ॥
કેવાયો પરમાત્મા તે બીજો પુરૂષ ઉત્તમ । જે ત્રણે લોકમાં પેસી રક્ષે અવ્યય ઇશ્વર ॥ ૨૧ ॥
ક્ષરથી ભિન્ન છું માટે શ્રેષ્ઠ અક્ષરથી જ છું ॥ માટે છું લોક વેદોમાં પ્રસિદ્ધ પુરૂષોત્તમ ॥ ૨૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સાવધ મને એમ જાણે છે પુરૂષોત્તમ ॥ તે સર્વજ્ઞ મને જ્ઞાની ભજે છે સર્વ ભાવથી ॥ ૨૩ ॥
ઘણું ગુહ્ય શાસ્ત્ર એમ કર્યું છે મેં તને અહિં ॥ આ જાણી બુદ્ધિશાળી ને કૃતકૃત્ય જ થાય છે ॥ ૨૪ ॥

इति श्रीमद् भगवद् गीतायां प्रकृति पुरुषक्षेत्र क्षेत्रज्ञवर्णनं नाम पंचदशोध्यायः संपूर्णः ॥ १५ ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां षोडशोऽध्यायः ॥ १६ ॥

॥ श्री भगवान् उवाच ॥

અભય સત્વની શુદ્ધિ સ્થિરતા જ્ઞાનયોગમાં ॥ દમ દાન અને યજ્ઞ સ્વાધ્યાય તપ આર્જવ ॥ ૧ ॥
અહિંસા સત્ય અક્રોધ ત્યાગ શાંતિ અપૈશુન ॥ દયા અલોભ પ્રાણીમાં મૃદુતા હી અચાપળ ॥ ૨ ॥
તેજ ક્ષમા ધૃતિ તુષ્ટિ અદ્રોહ નઅહંપણું ॥ હોય છે સંપદો દૈવી એ સાત્વિક મનુષ્યની ॥ ૩ ॥
દંભ દર્પ અહંકાર ક્રોધ નીરસ વાક્યતા ॥ અજ્ઞાન આસુરી સંપદ્ પેદા થાય મનુષ્યને ॥ ૪ ॥
દૈવી સંપદ્ મોક્ષ કરે આસુરી બંધનો કરે ॥ મા શોક કર તું દૈવી પામ્યો છો સંપદા ધ્રુવ ॥ ૫ ॥
બે પ્રાણિ સૃષ્ટિ આલોકે દૈવી તેમજ આસુરી ॥ કહી વિસ્તારથી દૈવી કહું છું સુણ આસુરી ॥ ૬ ॥
ન જાણે આસુરી લોકો પ્રવૃત્તિ કે નિવૃત્તિને ॥ ન શૌચ નહિ આચાર ન સત્ય તે જનો વિષે ॥ ૭ ॥
વ્યવસ્થાહીન નો સત્ય નિરીશ્વર જ છે જગત્ ॥ ન કાર્ય કારણો, શાસ્ત્ર ન પ્રત્યક્ષ વિના કંઈ ॥ ૮ ॥
એ દ્રષ્ટિના એમ કેતા દુષ્ટાત્મા મંદબુદ્ધિના ॥ જન્મે છે ઉગ્ર કામાળા નાશ માટે જ વિશ્વના ॥ ૯ ॥
દુષ્પૂર કામમાં લુબ્ધ દંભ માન મદાન્વિત ॥ દુષ્ટાગ્રહી ક્રૂર ભ્રષ્ટ વ્રતના ભટકે જનો ॥ ૧૦ ॥
ઘેરાયા અપરંપાર ચિંતાથી મરણાંતની ॥ કામોપભોગમાં લુબ્ધ માનતા એ કૃતાર્થતા ॥ ૧૧ ॥
ઘેરાણા આશાપાશેથી કામ ક્રોધ પરાયણ ॥ કરે છે કામ લોભાર્થે અન્યાયે ધનસંચય ॥ ૧૨ ॥
મેં આજ મેળવ્યું છે આ, પામીશ આ મનોરથ ॥ આટલું ધન આ છે નેં બીજું થાશે ફરી ધન ॥ ૧૩ ॥
આ શત્રુને હણ્યો છે મેં બીજાઓને હણીશ હું ॥ હું છું ઇશ્વર ને યોગી સિદ્ધ હું બળવાન્ સુખી ॥ ૧૪ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સમર્થ કુળવાન્ હું છું હું જેવો કોણ અન્ય છે ॥ કરી યજ્ઞ દૈશ દાન ને આનંદ કરીશ હું ॥ ૧૫ ॥
અજ્ઞાની ભ્રાંત મનના થયેલા મોહને વશ ॥ આસક્ત કામ ભોગોમાં પડે છે નરકો વિષે ॥ ૧૬ ॥
પોતાને માનતા શ્રેષ્ઠ ધન માન મદેં ભર્યા ॥ દંભે વિધિ વિનાં યજ્ઞ નામ સારૂ કરે જડ ॥ ૧૭ ॥
અહંકાર દર્પ બળ આધીન ક્રોધ કામને ॥ મને સ્વ પર દેહોમાં દ્વેષતા અતિ નિંદતા ॥ ૧૮ ॥
તે દ્વેષીલા ક્રૂરને હું ફેંકુ સંસારમાં સદા ॥ નરાધમોને સતત આસુરી દુષ્ટ યોનિમાં ॥ ૧૯ ॥
આસુરી યોનિ પામેલા મૂઢો પ્રત્યેક જન્મમાં ॥ ન પામીને મને પાછા પામે છે અધમા ગતિ ॥ ૨૦ ॥
ત્રણે નરકનાં દ્વાર આત્માનાં નાશકારક ॥ કામ ક્રોધ અને લોભ માટે ત્રણેયને તજે ॥ ૨૧ ॥
એ ત્રણે દ્વારથી મુક્ત જે છે નરકનાં ગણ્યાં ॥ સાધે છે શ્રેય આત્માનું પછી પામે પરા ગતિ ॥ ૨૨ ॥
જે શાસ્ત્ર વિધિને છોડી વર્તે છે મરજી વડે ॥ નહિ તે સિદ્ધિને પામે ન સુખ ન પરા ગતિ ॥ ૨૩ ॥
પ્રમાણ શાસ્ત્રને માન્ય તારા કાર્ય અકાર્યમાં ॥ કહેલું શાસ્ત્રમાં જાણી આ કર્મ કરવું ઘટે ॥ ૨૪ ॥
इति श्रीमंद् भगवद् गीतायां दैवी–आसुरी संपत्ति-देव–आसुरभूतसर्गो नाम षोडशोऽध्यायः संपूर्णः ॥ १६ ॥

॥ अथ श्रीमद् भगवद् गीतायां सप्तदशोऽध्यायः ॥ १७ ॥

॥ अर्जुन उवाच ॥

શાસ્ત્રની વિધિ છોડીને છતાં શ્રદ્ધાવડે કરે ॥ કર્મ તેની ગતિ શું છે સત્વ કે રજ વા તમ ॥ ૧ ॥

॥ श्री भगवान् उवाच ॥

હોય છે ત્રિવિધા શ્રદ્ધા મનુષ્યોને સ્વભાવથી ॥ તે સાત્વિકી રાજસી ને તામસી છે કહું સુણ ॥ ૨ ॥
બધાંને થાય છે શ્રદ્ધા સંસ્કારેં પૂર્વ જન્મના ॥ જેવી શ્રદ્ધા થાય તેવો છે શ્રદ્ધામય પૂરુષ ॥ ૩ ॥
દેવોને સાત્વિકો પૂજે રાજસો યક્ષ રક્ષને ॥ પૂજે છે તામસ જનો ભૂત પ્રેત પિશાચને ॥ ૪ ॥
કરે છે માનવો ઘોર તપ શાસ્ત્ર વિરુદ્ધ જે ॥ દંભાહંકાર સંયુક્ત કામ રાગાદિથી ભર્યા ॥ ૫ ॥

શોષતા દેહના પાંચ ભૂમ્યાદિ જડ ભૂતને ॥ અંતર્દેહસ્થિત મને, તે છે આસુર વૃત્તિનાં ॥ ૬ ॥
આહાર પણ સર્વેને ત્રિવિધ પ્રિય થાય છે ॥ તેમ યજ્ઞ દાન તપ, તેના આ ભેદ સાંભળ્ય ॥ ૭ ॥
આયુઃ સત્વ બળારોગ્ય સુખ પ્રીતિ વધારતા ॥ રસ્ય સ્નિગ્ધ સ્થિર હૃદ્ય આહાર સાત્વિકપ્રિય ॥ ૮ ॥
તીખા ખાટા ઉષ્ણ ખારા તીક્ષ્ણ સૂકા વિદાહકૃત્ ॥ રોગ શોક દુઃખદાયી આહાર રાજસપ્રિય ॥ ૯ ॥
સડેલું નીરસ વાશી વીતેલ એક પ્હોરનું ॥ અપવિત્ર અને એઠું ભોજન તામસ પ્રિય ॥ ૧૦ ॥
આશાં ન ફળની રાખી વિધિવત્ યજ્ઞ જે કરે ॥ કર્તવ્ય માની મનની સ્થિરતાથી ઈ સાત્વિક ॥ ૧૧ ॥
કરે જે ફળની આશેં અથવા દંભ દર્પથી ॥ કરે છે યજ્ઞ તે જાણ્ય ચળ અધ્રુવ રાજસ ॥ ૧૨ ॥
વિધિહીન અશુદ્ધાન્ન દક્ષિણા મંત્ર હીન જે ॥ શ્રદ્ધા રહિત જે યજ્ઞ કે છે એને જ તામસ ॥ ૧૩ ॥
દેવ દ્વિજ ગુરુ પ્રાજ્ઞ પૂજા સરલતા શુચિ ॥ બ્રહ્મચર્ય અહિંસા એ શારીર તપ જાણવું ॥ ૧૪ ॥
ન દુઃખ કરતું વાક્ય સત્ય પ્રિય હિતાત્મક ॥ વેદ શાસ્ત્રાભ્યાસ એને વાણીનું તપ જાણવું ॥ ૧૫ ॥
ચિતની શાંતિ સૌમ્યત્વ મૌન ને મનનિગ્રહ ॥ ભાવના શુદ્ધિ સર્વે એ કેવાય તપ માનસ ॥ ૧૬ ॥
કરેલું શ્રેષ્ઠ શ્રદ્ધાથી તપ ત્રણ પ્રકારનું ॥ વિના જે ફળની આશેં કરે તે તપ સાત્વિક ॥ ૧૭ ॥
દંભથી તેમ પૂજાવા સત્કાર માન પામવા ॥ કરે તપ કહે છે તે રાજસ ચળ અધ્રુવ ॥ ૧૮ ॥
મૂંઢતાથી સ્વ આત્માને પીડી જે તપ આચરે ॥ બીજાના નાશ માટે વા તે તામસ કહેલ છે ॥ ૧૯ ॥
કર્તવ્ય સમજી દાન દિયે જે બદલા વિના ॥ દેશ કાળ પાત્ર જોઈ કર્યું તે દાન સાત્વિક ॥ ૨૦ ॥
બદલો આપવા માટે આશા વા ફળની ધરી ॥ કંજુશાઇ કરી આપે તે જાણ્ય દાન રાજસ ॥ ૨૧ ॥
કુપાત્રોને દિયે દાન ન જોઈ દેશ કાળને ॥ અપમાન તિરસ્કાર યુક્ત તામસ દાન છે ॥ ૨૨ ॥
ॐ તત્સત્ એમ ઉચ્ચાર ત્રિવિધ બ્રહ્મનો કર્યો ॥ તેથી વેદો તથા યજ્ઞો બ્રહ્મેં પૂર્વે સૃજેલ છે ॥ ૨૩ ॥
માટે ॐ એ જ ઉચ્ચારી યજ્ઞ દાન તપઃ ક્રિયા ॥ વિધિ પ્રોક્ત પ્રવર્તે છે હમેશાં બ્રહ્મવાદિની ॥ ૨૪ ॥
તત્ કહી ફળની આશા વિના યજ્ઞ તપઃક્રિયા ॥ દાન ક્રિયાઓ વિવિધ કરે છે મોક્ષ વાંછુઓ ॥ ૨૫ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સદ્‌ભાવમાં જ સત્ શબ્દ યોજવો સાધુંભાવમાં ॥ યોગ્ય સત્કારમાં તેમ સર્વ ઉત્તમ કામમાં ॥ ૨૬ ॥
સ્થિતિ સત્ ની દાનમાં છે યજ્ઞમાં તપમાં તથા ॥ ને તેને લગતું કર્મ ત્યાં ઉચ્ચારાય સત્ ઇતિ ॥ ૨૭ ॥
શ્રદ્ધા વિનાં કરાયેલાં હોમ દાન અને તપ ॥ અસત્ નિષ્ફળ તે તો છે આલોક પરલોકમાં ॥ ૨૮ ॥

॥ इति श्रीमद् भगवद् गीतायां त्रिविध श्रद्धा आहार यज्ञ तपोदानादि वर्णनं नाम सप्तदशोध्यायः संपूर्णः ॥ १७ ॥

अथ श्रीमद् भगवद् गीतायां अष्टादशोऽध्यायः ॥ १८ ॥

॥ अर्जुन उवाच ॥

સંન્યાસનું મહાબાહો ઈચ્છું છું તત્વ જાણવા ॥ તથા હું જાણવા ઈચ્છું ત્યાગના તત્વને જુદું ॥ ૧ ॥

॥ श्री भगवान् उवाच ॥

ન્યાસ જે કામ્ય કર્મોને સંન્યાસ કવિયો કહે ॥ સર્વ કર્મફળ ત્યાગ એને ત્યાગ કહે બુધો ॥ ૨ ॥
કર્મમાં દોષ છે જાણી ત્યાજ્ય કોઇ બુધો કહે ॥ યજ્ઞ દાન તપઃ કર્મ કહે કોઈ તજો નહિ ॥ ૩ ॥
તેમાં નિશ્ચય મારો જે તે તું સાંભળ અર્જુન ॥ ત્રણ પ્રકારનો ત્યાગ કયો છે સર્વ શાસ્ત્રમાં ॥ ૪ ॥
યજ્ઞ દાન તપઃ કર્મ ન ત્યાજ્ય, કરવું ઘટે ॥ કરે પાવન લોકોને યજ્ઞ દાન તથા તપ ॥ ૫ ॥
કરવાં એ બધાં કર્મ સંગને ફળને તજી ॥ મેં નિશ્ચિત કરેલો એ મારો છે મત ઉત્તમ ॥ ૬ ॥
સંન્યાસ ન ઘટે ક્યાંયે નિત્યકર્તવ્ય કર્મનો ॥ અજ્ઞાનથી કરે ત્યાગ એ ત્યાગ જાણ્ય તામસ ॥ ૭ ॥
કર્મમાં દુઃખ છે માની દેહ ક્લેશ ભયે તજે ॥ તે કરી રાજસ ત્યાગ ન પામે ત્યાગનું ફળ ॥ ૮ ॥
કર્તવ્ય સમજી કર્મ હમેશાં જે કરાય છે ॥ સંગને ફળને ત્યાગી મનાય ત્યાગ સાત્વિક ॥ ૯ ॥
ન દ્વેષે દુઃખકૃત્કર્મ ન મુંઝે પ્રિય કર્મમાં ॥ પ્રવેશ્યો સત્વમાં ત્યાગી બુદ્ધિમાન્ છિન્ન સંશય ॥ ૧૦ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

નથી શક્ય બધાં કર્મ તજવાં દેહધારિથી ॥ જે કર્મફળનો ત્યાગી તે જ ત્યાગી ગણાય છે ॥ ૧૧ ॥
અનિષ્ટ ઇષ્ટ ને મિશ્ર ફળ ત્રિવિધ કર્મનું ॥ અત્યાગિને અન્ય લોકે મળે સંન્યાસિને નહિ ॥ ૧૨ ॥
પાંચ આ કારણો જાણ્ય કૃતનિર્ણય સાંખ્યમાં ॥ કહ્યાં છે સર્વકર્મોની સિદ્ધિ માટે જ અર્જુન ॥ ૧૩ ॥
અધિષ્ઠાન તથા કર્તા કરણ ભિન્ન ભિન્ન છે ॥ જુદી વિવિધ ચેષ્ટાઓ જાણવું દૈવ પાંચમું ॥ ૧૪ ॥
શરીર મન વાણીથી આરંભે કર્મ જે નર ॥ અયોગ્ય અથવા યોગ્ય તેના છે પાંચ હેતુઓ ॥ ૧૫ ॥
છતાં એમ જ પોતાને કર્તારૂપે જ કેવળ ॥ જુવે છે મૂર્ખતાથી જે દેખતો તે ન દુર્મતિ ॥ ૧૬ ॥
અહંભાવ નથી જેને જેની બુદ્ધિ ન લુબ્ધ છે ॥ આ લોકોને હણીને ન બધાય હણતો નથી ॥ ૧૭ ॥
જ્ઞાન જ્ઞેય પરિજ્ઞાતા પ્રવૃત્તિ કર્મની ત્રણ ॥ કરણ કર્મને કર્તા ત્રિવિધ કર્મ સંગ્રહ ॥ ૧૮ ॥
જ્ઞાન કર્મ અને કર્તા ત્રણ છે ગુણ ભેદથી ॥ કહું છું ગુણ ભેદોથી તે બરાબર સાંભળ્ય ॥ ૧૯ ॥
જે વડે સર્વ ભૂતોમાં જુવે અવ્યય ભાવને ॥ જુદાઓમાં એકતાનું તે જ્ઞાન જાણ્ય સાત્ત્વિક ॥ ૨૦ ॥
જુદાપણાથી જે જ્ઞાન ઘણા ભાવ જુદા જુદા ॥ જાણે છે સર્વભૂતોમાં તે રાજસ ગણાય છે ॥ ૨૧ ॥
જે અપૂર્ણજ્ઞ એકાદા કાર્યાસક્ત અકારણ ॥ તત્વાર્થહીન ને અલ્પ કહ્યું છે તે જ તામસ ॥ ૨૨ ॥
નિત્યનું સંગ રહિત રાગદ્વેષ વિના કર્યું ॥ છોડીને ફળની ઇચ્છા કેવાય કર્મ સાત્વિક ॥ ૨૩ ॥
કરે છે લાભની આશે કર્મ જે સ્વાભિમાનથી ॥ જેમાં કષ્ટ ઘણાંયે છે તે કહ્યું કર્મ રાજસ ॥ ૨૪ ॥
સંબંધ હાનિ હિંસાને ન વિચારી બળાબળ ॥ આરંભે મૂર્ખતાથી જે તે તો તામસ કર્મ છે ॥ ૨૫ ॥
અસંગી નઅહંકારી ઉત્સાહ ધારણા સહ ॥ સિદ્ધિ અસિદ્ધિમાં કર્તા નિર્વિકારી જ સાત્વિક ॥ ૨૬ ॥
હિંસક અશુચી રાગી લોભી કર્મફળેચ્છુક ॥ કેવાય રાજસી કર્તા યુક્ત જે હર્ષ શોકથી ॥ ૨૭ ॥
પીડાકારી મંદ શઠ અયોગ્ય જડ પામર ॥ સોગિયો દીર્ઘસૂત્રી તે કર્તા કેવાય તામસી ॥ ૨૮ ॥
બુદ્ધિના વૃતિના ભેદ ત્રણ પ્રકારના સુણ્ય ॥ ગુણભેદે કરી સર્વે કહું છું હું જુદા જુદા ॥ ૨૯ ॥
પ્રવૃત્તિ તેમ નિવૃત્તિ કાર્યાકાર્ય ભયાભય ॥ બંધને મોક્ષને જાણે તે બુદ્ધિ કહિ સાત્વિકી ॥ ૩૦ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ અધર્મને તેમ કાર્યને કે અકાર્યને ॥ ખરી રીતે ન જાણે જે તે બુદ્ધિ રાજસી જ છે ॥ ૩૧ ॥
અધર્મને ધર્મરૂપે માને તમોગુણી જનો ॥ અવળાં સર્વ કર્મોને માને તે બુદ્ધિ તામસી ॥ ૩૨ ॥
અવિકારી જે ધૃતિથી મન પ્રાણેન્દ્રિય ક્રિયા ॥ પ્રવર્તે છે યોગવડે સાત્વિકી છે જ તે ધૃતિ ॥ ૩૩ ॥
ધર્મ કામ દ્રવ્યને જે ધારે જે ધારણા વડે ॥ પ્રસંગે ફળ આશાયે ધૃતિ તે પાર્થ રાજસી ॥ ૩૪ ॥
ઉંઘને ભયને શોક ખેદને મદને તથા ॥ બુદ્ધિહીન ન જે છોડે ધૃતિ તે તામસી ગણી ॥ ૩૫ ॥
હવે સાંભળ્ય તું પાર્થ સુખ ત્રિવિધ હું કહું ॥ અભ્યાસથી રમે જેમાં પામે છે અંત દુઃખનો ॥ ૩૬ ॥
પ્રારંભે ઝેર જેવું જે પરિણામે સુધાસમ ॥ તે સાત્વિક સુખો જેમાં આત્મ બુદ્ધિ પ્રસન્નતા ॥ ૩૭ ॥
વિષયેન્દ્રિય યોગેથી પ્રારંભે જે સુધાસમું ॥ પરિણામે ઝેર જેવું તે કયું સુખ રાજસ ॥ ૩૮ ॥
પ્રારંભમાં અને મધ્યે મોહ જે કરતું સુખ ॥ ઉંઘ આળસ ને સુસ્તીથી થયું સુખ તામસ ॥ ૩૯ ॥
પૃથ્વીમાં સ્વર્ગમાં એવું દેવોમાં સત્વ કો નથી ॥ મુક્ત હોય પ્રકૃતિના ત્રણે ગુણ થકી જ જે ॥ ૪૦ ॥
બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્યોનાં શૂદ્રોનાં જન્મથી કરી ॥ વેંચાયેલાં જ કર્મો છે સ્વભાવોત્થ ગુણોવડે ॥ ૪૧ ॥
પવિત્રતા શમ દમ ક્ષમા સરલતા તપ ॥ જ્ઞાન વિજ્ઞાન આસ્તિક્ય વિપ્રનાં કર્મ જન્મથી ॥ ૪૨ ॥
શૌર્ય તેજ ધૃતિ દાક્ષ્ય યુદ્ધમાં અપલાયન ॥ દાન ઐશ્વર્ય મોટાઇ ક્ષત્રીનું કર્મ જન્મથી ॥ ૪૩ ॥
ગૌરક્ષા ખેડ્ય વેપાર વૈશ્યનું કર્મ જન્મથી ॥ સત્કારાદિક સેવાનું શૂદ્રનું કર્મ જન્મથી ॥ ૪૪ ॥
મનુષ્ય મેળવે સિદ્ધિ પ્રવૃત્તિ સ્વ સ્વકર્મમાં ॥ સુણ્ય પામે સિદ્ધિ કેમ સ્વકર્મમાં પ્રવર્તતો ॥ ૪૫ ॥
જેથી પ્રવૃત્તિ ભૂતોની વ્યાપ્ત છે જેવડે જગત્ ॥ તેને સ્વકર્મથી પૂજી મનુષ્ય સિદ્ધિ મેળવે ॥ ૪૬ ॥
સારો સ્વધર્મ વિગુણ સુપાલિતાન્ય ધર્મથી ॥ મૃત્યુ સ્વધર્મમાં સારૂં લાભથી પરધર્મના ॥ ૪૭ ॥
॥ કરતો દુઃખ નો પામે નિર્મ્યું જે કર્મ જન્મથી ॥ ૪૮ ॥
જન્મથી કર્મ જે હોય સદોષ પણ ન ત્યજે ॥ સર્વારંભો દોષ વીંટયા ધુંવાડે જેમ દેવતા ॥ ૪૯ ॥
બધે અનાસક્ત બુદ્ધિ અસ્પૃહી મનનિગ્રહી ॥ શ્રેષ્ઠ નિષ્કર્મની સિદ્ધિ પામે સંન્યાસથી સદા ॥ ૫૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પામેલો સિદ્ધિને કેમ પામે છે બ્રહ્મને સુણ્ય ॥ ટુંકામાં તો કહું નિષ્ઠા જ્ઞાનની જે પરા વદે ॥ ૫૧ ॥
વિશુદ્ધ બુદ્ધિથી વશ્ય ધૃતિથી મનને કરી ॥ તજી શબ્દાદિ વિષયો કાપીને દ્વેષ રાગને ॥ ૫૨ ॥
એકાંત સેવી લઘ્વાશી મન વાક્ દેહનિગ્રહી ॥ ધ્યાનયોગે લગ્ન નિત્ય લીન વૈરાગ્યમાં થઈ ॥ ૫૩ ॥
અહંકાર બળ દર્પ કામ ક્રોધ પરિગ્રહ ॥ છોડીને નિર્મળ શાંત બને છે બ્રહ્મ રૂપ એ ॥ ૫૪ ॥
બ્રહ્મભૂત પ્રસન્નાત્મા ન શોચે હરખે નહિ ॥ મારી પરા ભક્તિ પામે સર્વભૂતો વિષે સમ ॥ ૫૫ ॥
જેવો છું તત્વથી, જે હું, ઓળખે ભક્તિથી મને ॥ પછી જાણી મને તત્વે મારામાં એક થાય છે ॥ ૫૬ ॥
કરે સદા સર્વ કર્મો મારે જ આશ્રયે રહી ॥ મારા પ્રસાદથી પામે પદ અવ્યય શાશ્વત ॥ ૫૭ ॥
ચિત્તથી સર્વ કર્મોને મારામાં અર્પિ મત્પર ॥ મારામાં ચિત્ત તું રાખ્ય સ્વીકારી બુદ્ધિયોગને ॥ ૫૮ ॥
મત્ ચિત્ત સર્વ વિઘ્નોને મત્કૃપાયે તરીશ તું ॥ પણ જો તું અહંકારે ન સુણીશ હણાઈશ ॥ ૫૯ ॥
જો અહંકાર આધારે માનીશ ન લડું ત્યમ ॥ ખોટો નિશ્ચય આ તારો રણે પ્રકૃતિ ખેંચશે ॥ ૬૦ ॥
પૂર્વજન્મતણા તું તો બંધાયો છો સ્વકર્મથી ॥ ઇચ્છતો નથી જે મોહે પરાધીન કરીશ તું ॥ ૬૧ ॥
ઇશ્વરઃ સર્વભૂતોના હૈયામાં આ વસે સદા ॥ માયાયે સર્વભૂતોને ભમાવે છે જ યંત્રવત્ ॥ ૬૨ ॥
તેને જ શરણે જા તું હે પાર્થ સર્વ ભાવથી ॥ તેની પ્રીતે પરા શાંતિ પામીશ સ્થાન શાશ્વત ॥ ૬૩ ॥
આ તને મેં કર્યું જ્ઞાન ગુપ્તમાં ગુપ્ત જે હતું ॥ વિચારી આ બધી રીતે ઇચ્છા હોય કર ત્યમ ॥ ૬૪ ॥
મારૂ સુણ્ય ફરી વાક્ય ગુહ્યમાં ગુહ્ય રૂપ છે ॥ વાલો મને ઘણો તેથી કહું છું હિતનું તને ॥ ૬૫ ॥
મન્મના બન્ય મદ્ ભક્ત મને યજ કર્ય સ્તુતિ ॥ પ્રતિજ્ઞાથી કહું છું હું મને પામીશ નિશ્ચયે ॥ ૬૬ ॥
તજીને સર્વ ધર્મોને તું મારે શરણે વ્રજ્ય ॥ હું તને સર્વ પાપોથી મુકાવીશ ન શોચ્ય તું ॥ ૬૭ ॥
આ જ્ઞાન અતપસ્વીને ન દેવું ભક્તિહીનને ॥ ન જે સાંભળવા ઈચ્છે ન દેવું નિંદનારને ॥ ૬૮ ॥
આ ગુહ્ય જ્ઞાન જે મારા ભક્તોને સંભળાવશે ॥ તે પરા ભક્તિ મારામાં ધારીને પામશે મને ॥ ૬૯ ॥
એના જેવો મનુષ્યોમાં બીજો પ્રિય મને નથી ॥ થાશે પણ નહિ તેવો પ્રિય આ ભૂમિમાં મને ॥ ૭૦ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ભણશે ધર્મરૂપી આ જન સંવાદ આપણો ॥ જ્ઞાન યજ્ઞવડે તેણે પૂજ્યો છું એમ હું ગણું ॥ ૭૧ ॥
ઈર્ષા રહિત શ્રદ્ધાળુ સાંભળે પણ જે જન ॥ મોક્ષ તે પણ પામે છે લોકોને પુણ્યશાળિના ॥ ૭૨ ॥
કેમ તેં સાંભળ્યું પાર્થ જ્ઞાન એકાગ્ર ચિત્તથી ॥ ભલા અજ્ઞાનનો મોહ તારો નષ્ટ થયો ખરો ? ॥ ૭૩ ॥

॥ संजय उवाच ॥

હે રાજા કૃષ્ણનું વાક્ય નિગમાગમગર્ભિત ॥ સાંભળી શાંત મનથી કહે છે નમ્ર અર્જુન ॥ ૭૪ ॥
ગયો મોહ સ્મૃતિ પામ્યો હું તમારી કૃપાવડે ॥ ગયો સંદેહ પાળીશ તમારા વાક્યને જ હું ॥ ૭૫ ॥
વાસુદેવ તણો એમ મહાત્માપાર્થનો તથા ॥ સંવાદ સાંભળ્યો આ મેં રોમાંચકારી અદ્ભુત ॥ ૭૬ ॥
શ્રીવ્યાસની કૃપાથી મેં સાંભળ્યું અતિગુહ્ય આ ॥ કહેતા યોગને સાક્ષાત્ કૃષ્ણ યોગેશ્વર સ્વયં ॥ ૭૭ ॥
કૃષ્ણ અર્જુન બન્નેનો પુણ્ય સંવાદ અદ્ભુત ॥ હે રાજન્ બહુ સંભારી હર્ખું છું હું પુનઃ પુનઃ ॥ ૭૮ ॥
કૃષ્ણનું રૂપ સંભારી સંભારી તેજ અદ્ભુત ॥ ઘણો થયો વિસ્મય ને હર્ખું છું હું ફરી ફરી ॥ ૭૯ ॥
જ્યાં યોગેશ્વર છે કૃષ્ણ જ્યાં છે પાર્થ ધનુર્ધર ॥ ત્યાં શ્રી વિજય સંપત્તિ સ્થિર છે એમ માનું છું ॥ ૮૦ ॥

इति श्री मद् भगवद् गीतायां त्रिगुण जगद्विवरण पूर्वक ब्रह्मप्राप्तियोगो नाम अष्टादशोऽध्यायः संपूर्णः ॥ १८ ॥

॥ संपूर्णम् ॥

इति श्री राजवैद्य जीवराम कालिदास शास्त्रि कृत समश्लोकी गीता गुर्जरी संपूर्ण थइ

॥ संवत् २००४ ना फागण वदी ८ गुरुवार ता. १-४-१९४८ ॥

ગીતા ગુર્જરી–સમશ્લોકી સમજણ

(કઠણ શબ્દ સાથે આપેલા આંકડા તે તે અધ્યાયના શ્લોકના સમજવા)

અધ્યાય ૧

૨ સજ્જ–તૈયાર

૧૦ અમર્યાદ–વિશાળ પાંડવોથી મોટું મર્યાદિત–અમારાથી નાનું

૧૧ વ્યૂહ–લડવા માટે લશ્કરની વિવિધ પ્રકારે કરાતી રચના

૨૦ કપિધ્વજ–હનુમાનના ચિત્રવાળી જેની ધજા-વાવટો છે એવો અર્જુન.

૨૨ રણાંગણે–રણ સંગ્રામમાં.

૧૬ આતતાયિઓને–ઉગામેલા હથિયાર વાળાઓને.

૩૯ નાશે–નાશ પામે.

અધ્યાય ૨

૧ દયાવિષ્ટ–દયાળુ.

૨ અનાર્યને–મ્લેચ્છને.

૩ પરંતપ–શત્રુઓને બાળનારો

૫ સુવર્ણ ભોગો ન હણી ગુરૂને–આહી સુવર્ણ ભોગો ગુરૂને હણી ના, આ વાકય હશે તો વાંચનારને સરલ પડશે. આ શ્લોકમાં કાશ્મીરી અને ભોજપત્રીમાં થોડો પાઠ ભેદ છે તે વધુ સારો છે. આ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે. પૂજ્ય મુરબ્બીઓને ન હણવાથી રાજ્ય ન મળે અને તેથી અમારે ભીખ માગવી પડે તેને હું ઉત્તમ માનું છું. પણ પૂજ્ય ગુરૂ મુરબ્બીઓને હણીને વૈભવ રાજ્ય સુખ ભોગવવું એને હું કલ્યાણકારી સમજું નહીં. “ ગુરૂને હણી સુવર્ણભોગો વૈભવો કલ્યાણકારી ન સમજું ”

૭ કાર્પણ્ય–કુળના નાશ જન્ય પાપ સામે દેખાતું હોવાથી તેથી ઉત્પન્ન થયેલ વિહ્વળતાને કારણે વિહત સ્વભાવ મારો સ્વભાવ બુદ્ધિ બ્હેર મારી ગઇ છે. ધર્મ સંમૂઢ આ વખતે મારો ધર્મ કર્તવ્ય શું છે તે બાબતમાં અસ્થિર અવ્યવસ્થિત થયેલા ચિત્તવાળો.

૧૬ આ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે “ જે શીત ઉષ્ણાદિ અસત્ છે નાશવંત છે તે સત્ નિત્ય અવિનાશી નથી થઇ શકતા અને જે સત્ અવિનાશી છે તે અસત્ નાશવંત બનતું નથી. તત્ત્વજ્ઞાનિઓ એ બન્નેનો અંત નિર્ણય તોડ દેખે–કરી શકે છે ”

૨૦ અજ–અજન્મા નિત્ય નાશ રહિત. શાશ્વત–ત્રણે કાળમાં અખંડ પુરાણ–અગણિત કાળથી ચાલ્યો આવતા.

૨૩ અવ્યય–અખંડ ક્ષીણ ન થાતો

૨૪ સ્થાણુ–સર્વ વ્યાપી સ્થિર.

૨૭ અવ્યક્ત–મન બુદ્ધિ ચક્ષુથી જોઇ જાણી ન શકાય તેવો.

૪૨ પ્રત્યવાય–પાપ પણ નથી. અતિક્રમનાશ ન-ક્રમ નિયમના ઉલંઘનથી થાતો વિનાશ પણ આમાં નથી.

૪૪ વ્યવસાયાત્મિકા બુદ્ધિ–સંસારની અનેક ઉપાધિઓથી ઘેરાયેલી, સંસારના સુખ દુઃખાદિથી ઘુંચવાઇ ગયેલી કુંઠિત, યોગ માટે ઉપયોગની નહિ એવી બુદ્ધિ.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫ નિર્દ્વન્દ્વ–સુખ દુઃખાદિ વિનાનો. નિત્ય સત્ત્વસ્થ–હમેશાં મનને કાબુમાં રાખ્ય મનનું સમતોલપણું ગુમાવ્ય નહિ. નિર્યોગક્ષેમ–લૌકિક વસ્તુઓ મેળવી તેનો ભોગવટો કરવા માટે તું આ બધી ઉપાધિ કરછ એવી માન્યતા છોડી દે આત્મવાન્–મહાપ્રાણ જ્ઞાની થા.

૫૧ નિરાશીર્બંધના–જેની બધી પ્રર્વૃત્તિઓ ભોગ વિલાસની આશા આકાંક્ષાના બંધન વિનાની હોય છે.

૫૫ શ્રોતવ્ય શ્રુત–જાણવા યોગ્ય અને જાણેલું, સાંભળવા યોગ્ય અને સાંભળેલું બન્નેમાં વૈરાગ્ય ઉપજશે

૫૬ શ્રુતિ વિકૃત શ્રુતિવિપ્રતિપન્ના ફળશ્રુતિથી અમુક કર્મોથી સ્વર્ગનું અપ્સરાઓનું નંદનવનનું સુખ મળશે એ પ્રકારનું ફળ સાંભળવાથી મુંઝાઇ ગયેલી બુદ્ધિ

૭૪ આ શ્લોકનો અર્થ–જેને માટે કોઇ નિર્ણય બાંધી શકતું નથી તે તત્ત્વનો જેણે નિર્ણય કરેલો છે. અને તે નિર્ણયને કોઇ જાણી શકતું નથી. જે તત્ત્વ પોતાને જ્ઞાની માનનારાઓથી પણ અજાણી છે અને જેઓ એ તત્ત્વથી અજાણ્યા જેવા લાગે છે તેઓયે જ ખરી રીતે એ તત્ત્વ જાણ્યું હોય છે.

૮૧ સાયુજ્ય–એકતા પ્રત્યક્ષપણું.

અધ્યાય ૩

૧૦ કામદુ–મનોરથ પુરા કરનારા.

૨૫ અનાસક્ત–મોહ પામ્યા વિના–લપટાયા વિનાં.

૨૬ બુદ્ધિભેદ–બુદ્ધિનો ભ્રમ શંકા.

૨૭ વિમૂઢધી–મંદ બુદ્ધિવાળો.

૨૮ ગુણો અર્થે ગુણો વર્તે ઇંદ્રિયો તેનું કામ કરે છે અર્થાત સત્ત્વ રજ તમ તે તે ગુણવાળી ઇંદ્રિયોના વિષય પ્રત્યે પ્રેરાય છે.

૨૯ અપૂર્ણજ્ઞ–ઓછા જ્ઞાન વાળા અજ્ઞાનીને પૂર્ણજ્ઞે–જ્ઞાની માણસેં

૩૩ નિગ્રહ–એકાગ્રતા મનની સ્થિરતા.

૩૫ ખાંત્યે–હોંશથી. વિધર્મમાં બીજા વર્ણના કામ ધંધામાં કે બીજાના ધર્મ કર્તવ્યમાં

૩૬ ખાવરો–ખાઘુકડો ખાઉકડ બભુક્ષત ભુખની ઘોડે ખા ખા કરનારો.

અધ્યાય ૪

૨૭ સંયમાગ્નિમાં–મન ઉપરના કાબુ રૂપી અગ્નિમાં

૩૪ પ્રણિપાતે થી–પ્રણામથી નમ્રતાથી, સ્વને–પોતાને

અધ્યાય ૫

૭ આત્મ રૂપાત્મ–બીજાના આત્મા સરખો જ છે આત્મા જેનો છે અર્થાત્ પોતાના આત્મા જેવો બીજાના આત્માને માનનારો

૮ શ્વસે–શ્વાસ લ્યે

૧૩ નવદ્વારપુરે–નવદ્વારવાળા શરીર રૂપી આ નગરમાં

૨૪ પેલાં–પહેલાં

૨૫ અંતરારામ–અંતરમાં આત્મામાં આનંદ પામનારો, અંતઃસુખી–આત્મામાં સુખ પામતો, અંતઃપ્રકાશ માન–અંતરમાં જેને જ્ઞાનનો પ્રકાશ થયો છે એવો.

૨૬ યતાત્મા–નિયમમાં મન જેને છે એવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અધ્યાય ૬

૧ ન નિરગ્નિ ન અક્રિય-પંચ મહાયજ્ઞ અગ્નિ હોત્રાદિ ન કરનાર કે બધાં કર્મ છોડનારો સંન્યાસી કહેવાતો નથી પણ ગૃહસ્થી છતાં નિત્ય નૈમિત્તિક કર્મ કરે છતાં ફળની આશા ન રાખે તે સંન્યાસી કહેવાય

૪ ઇંદ્રિયાર્થોમાં-શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધમાં

૬ અનાત્માને-જેણે મન કાબુમાં નથી રાખ્યું તેને

૭ જીતાત્માને જેણે મન જીત્યું છે તેને

૮ કૂટસ્થ-જ્ઞાન રૂપે રહેલો નિર્વિકારી

૯ દ્વેષ્ય-દ્વેષ ઘૃણા કરવા યોગ્ય

૧૦ અપરિગ્રહ-જંજાળ રહિત ઉપાધિ વિનાનો

૧૧ કૈલેયાજીન-હીરાગળ રેશમી અને મૃગ ચર્મનું આસન

૨૩ દુઃખ સંયોગ વિયોગ-આવી પડેલા દુખને મટાડનારો

૩૨ અરણિ ઉત્તરારણિ-અગ્નિહોત્રનો અગ્નિ પ્રકટાવવા માટે અરણી અને ઉત્તરારણિનો ઉપયોગ થાય છે તે દ્રષ્ટાંત આપ્યું છે

અધ્યાય ૭

૭ પારા-માળાના મણકા

૧૩ ત્રિગુણાવૃત-સત્વ રજ તમોગુણથી વીંટાયેલા

૧૪ દુરત્યયા-ન તરી શકાય એવી

૧૮ યુક્તાત્મા-યોગમાં જોડેલ છે મન જેણે એવો

૨૬ છતો-પ્રત્યક્ષ છતરાયો.

૩૦ જરા-વૃદ્ધાવસ્થા

અધ્યાય ૮

૧૦ અણુમાં અણુ-જીણાણાં જીણો સૂક્ષ્મમાં અતિ સૂક્ષ્મ

૧૪ અનોમત-મનથી નિર્ણય કરેલું.

૧૬ અશાશ્વત-નાશવંત

૨૯ અવ્યક્તથી-પરમાત્માથી

અધ્યાય ૯

૨ રાજવિદ્યા-સર્વ વિદ્યાઓમાં શિરોમણિ રૂપ વિદ્યા રાજગુહ્ય-ગુહ્ય રાખવા યોગ્ય સર્વમાં બહુજ ગુહ્ય

૫ ભૂતધારી-પ્રાણિ માત્રને પોષનારી ભૂતસ્થ-પ્રાણિ માત્રમાં રહેલો ભૂતોત્પાદક-પ્રાણિ માત્રને ઉત્પન્ન કરનારો

૮ સર્વભૂતો-બધાં પ્રાણીઓ અથવા પૃથ્વી જળ અગ્નિ વાયુ આકાશ

૧૩ વ્યર્થાશા-નિષ્ફળ આશા રાખનારા, વ્યર્થકામાળા-નિષ્ફળ છે કામ જેનાં એવા, વ્યર્થજ્ઞ-મિથ્યા જડ જ્ઞાન વાળા

૧૫ નિત્યયુક્ત-હમેશાં યોગમાં જોડાયેલા

૧૬ વિશ્વ મુખને-જગતમાં બધે વ્યાપેલાને

૧૭ ક્રતુ-અમુક જાતનો યજ્ઞ હવિ-હોમવાનાં પદાર્થો

૨૧ ત્રિવેદજ્ઞા-ત્રણ વેદને જાણનારા, સોમપા-સોમરસ પીનારા

૨૨ ત્રયીવેદ-ઋગ્ યજુ સામ ત્રણ વેદ

૩૧ વિરજ-નિર્વિકારી

અધ્યાય ૧૦

૬ મદ્ભાવા માનસા-મારામાં ભાવવાળા માનસ પુત્રો

૧૧ આત્મ ભાવસ્થ-અંતઃકરણમાં રહેલો

૨૮ પ્રજોત્પાદક-સંતાન ઉત્પન્ન કરનારો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અધ્યાય ૧૧

૨૫ વ્યથિતાંતરાત્મા–પીડાયેલા અંતઃકરણવાળો
૩૫ હિ ણ્ય–ઐશ્વર્યરૂપ
૪૨ વેત્તા–જાણનારો. વેદ્ય જાણવા યોગ્ય, પરંધામ-પર-બ્રહ્મનું સ્થાનક વિશ્રાંતિ સ્થાનરૂપ.
૪૩ અનાદિમાન્ અપ્રતિમ પ્રભાવ સર્વેશ્વર સર્વમહાવિભૂતે–જે તમારી પહેલાં કોઈ થયું નથી એવા છો, જેના પ્રભાવની બરોબરી કોઈ કરી શકે એમ નથી, બધાના નિમાયક છો, જગતની બધી મોટી વિભૂતિરૂપ તમે છો
૪૮ અમિત–અસાધારણ અમાપ
૫૪ સહસ્રકર–હે હજાર હાથવાળા, હે જગત્‌ના મૂર્તિરૂપ ભગવાન્
૬૩ મત્કર્મકૃત્–મારે માટે જ બધી પ્રવૃત્તિ કરનાર, મત્પરમ મારે આધીન, મદ્‌ભક્ત–મારો ભક્ત

અધ્યાય ૧૨

૩ અનિર્દેશ્ય–મન બુદ્ધિથી જેનું રૂપ શક્તિ પ્રભાવ વર્ણવી ન શકાય એવા.
૧૩ ક્ષમી–ક્ષમાવાળો, નિયતાત્મા–નિયમમાં છે મન જેનું એવો
૧૯ સ્થાનહીન–એક જ ઠેકાણે નિવાસ કરે નહી તેવો અર્થાત્ કોઈ પણ સ્થાનને ગળે બાંધે નહી તેવો
૨૦ ધર્મામૃત આ અધ્યાયમાં કહેલું જ્ઞાન

અધ્યાય ૧૩

૬ રસના–જીભ, ઘ્રાણ–નાક પાણિ–હાથ પાયુ–ગુદેંદ્રિય ઉપસ્થ–જનનેંદ્રિય, ઇંદ્રિયગોચર–ઇંદ્રિઓએ ગ્રહણ કરવાના, ઇંદ્રિયોને પ્રત્યક્ષ અનુભવાતા
૯ દોષાનિદર્શન–જન્મ મૃત્યુ વગેરેમાં જે કષ્ટ છે તે બતાવવું
૧૨ તત્ત્વજ્ઞાનાર્થદર્શન–તત્વ જ્ઞાનના અર્થની સમજણ
૧૬ બાર બહાર
૨૩ હેમાભ સુવર્ણ સરખી કાંતિવાળા
સ્વપ્નબુદ્ધિની–સ્વપ્નધીગમ્ય સમાધિયુક્ત બુદ્ધિથી જાણી શકાય એવા
૨૪ અનુમંતા–અનુમોદન આપનારા
૩૦ રયા–રહ્યા
૩૨ ભૂતપૃથગ્ભાવ–પૃથ્વી પાણી અગ્નિ વાયુ આકાશના જુદાં જુદાં તત્વોને બ્રહ્મમાં એક થયેલાં દેખે

અધ્યાય ૧૪

૪ બ્રહ્મ મહદ્ યોનિ–તે મૂર્તિઓનું મહત્ સર્વવ્યાપક યોનિઃ કારણ રૂપ બ્રહ્મ છે
૧૧ તદ્યે–ત્યારે
૨૩ રેતા–રહેતા

અધ્યાય ૧૫

૬ નિર્માનમોહા જીતસંગ દોષા અધ્યાત્મનિષ્ઠા વિનિવૃત્ત કામા–માન અને મોહથી પર, સંસર્ગના સહવાસના દોષથી અલિપ્ત અધ્યાત્મ યોગમાં જોડાયેલા, નિવૃત્ત થયેલ છે બધી અભિલાષાઓ જેની એવા.
૭ પરામૃતા–પર બ્રહ્મરૂપી અમૃત જેઓએ મેળવ્યું છે એવા
૧૩ મૂઢધી–જડ બુદ્ધિવાળો
૧૯ ગુહાશય–હૃદયમાં રહેલા, નિષ્કલ–સ્વરૂપ વિનાના અદ્વિતીય–એકલા જ બ્રહ્માંડને ધારીને રહેલા

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અધ્યાય ૧૬

૨ અપૈશુન–ચાડી ચુગલી આઘીપાછી ન કરવી તે, હ્રી–શરમ લાજ, અચાપળ–સ્થિરતા

૯ કેતા–કહેતા, ઉગ્રકામાળા–ભયંકર કર્મ કરનારા,

૧૦ દુષ્પૂર–અમાપ હદ વિનાના

૧૫ દેશ–દક્ષ

૧૭ નામસારૂ–નામના કાઢવા માટે કીર્તિ માટે

૨૪ કાર્ય અકાર્યમાં–શું કરવું શું ન કરવું એના નિર્ણય માટે

અધ્યાય ૧૭

૬ ભૂમ્યાદિ–પૃથ્વી જળ અગ્નિ વાયુ આકાશ

૮ રસ્ય–રસવાળો હૃદ્ય–હૃદયને પ્રિય લાગે તેવો

૧૦–એઠું ઉચ્છિષ્ટ–એંઠવાડ

અધ્યાય ૧૮

૨ ન્યાસ–છોડવા

૭ સંન્યાસ–ત્યાગ

૧૨ આ શ્લોકનો અર્થ–"જેઓ કર્મના ફળનો ત્યાગ નથી કરી શકતા ફળની ઇચ્છા રાખે છે તેઓને અનિષ્ટ–ગમતું ન હોય તેવું, ઇષ્ટ–ગમતું હોય તેવું અને મિશ્ર સારૂં અને ખરાબ બન્ને જાતનું ફળ મરણ પછી મળે છે પણ જેઓ ફળની આશા નથી રાખતા તેવા ગૃહસ્થી છતાં ત્યાગ વૃત્તિવાળા સંન્યાસીને મરણ પછી નહિ પણ આ જન્મમાં જ ફળ ઇશ્વર આપે છે."

૧૩ કૃતનિર્ણય–નિર્ણય કરેલાં

૧૪ અધિષ્ઠાન–મન બુદ્ધિથી કરવામાં આવતાં કર્મ કે તેનું સ્થાનક કર્તા–માયા તથા બુદ્ધિ સાથે જોડાયેલો આત્મા કે પરમાત્મા કરણ–ઈંદ્રિયોથી થતાં કર્મનાં સાધન.

૨૨ કાર્યાસક્ત-કાર્યમાં લીન થયેલ અકારણ **अहेतुकं** કોઇ પણ આશય વિના કરાતું કર્મ, **तत्त्वार्थहीन अ तत्त्वार्थवत्** નકામા તત્ત્વવાળું

૨૭ કર્મફળેચ્છુક-કર્મના ફળની ઇચ્છાવાળો

૪૨ આસ્તિક્ય-ઇશ્વર પર આસ્થા રાખવી

૪૩ દાક્ષ્ય-ડહાપણ

૪૭ લાભથી-બીજાનો ધર્મ પાળવાથી અર્થાત્ બીજા વર્ણના કામ કરવાથી લાભ મળે તેના કરતાં.

૪૯ દેવતા-અગ્નિ

૫૩ લઘ્વાશી-હળવું સાદું જમનારો

૫૪ પરિગ્રહ-જંજાળ

૫૯ મતચ્ચિત્ત-મારામાં મન રાખીને

૬૦ રણે-યુદ્ધમાં

૬૫ વાલો-પ્રિય

૬૬ મન્મના-મારામાં મન જોડીને

૭૪ નિગમાગમ તિભ-વેદ અને શાસ્ત્રોના સિદ્ધાંતોથી ભરેલું શ્રુતિ સ્મૃતિ પ્રતિપાદિત ધર્મના રહસ્યવાળું.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્રકઃ—

પૃષ્ઠ	શ્લોક	અશુદ્ધ	શુદ્ધ
૧	૧	મારાને	મારા નેં
,,	૪	સદ્દશ	સદ્દ્રશ
,,	૬	ઉતમોજા	ઉત્તમોજા
,,	૧૩	શખો	શંખો
૩	૩૭	મિત્રદોહ	મિત્રદ્રોહ
૪	૨	મુશકેલ	મુશ્કેલ
,,	૯	મૂંગા	મૂંગો
,,	૧૦	મેઢું	મોઢું
૪	૫	ન હણી ગુરૂને	ગુરૂને હણી ના,
૫	૧૨	મરેલાને જીવતાને	મરેલા કે જીવતાને
૫	૧૩	પૂર્વ	પૂર્વે
,,	૨૦	લક્ષ	લક્ષ્ય
,,	૨૧	આજે	આને
,,	૨૪	મનષ્ય	મનુષ્ય
૬	૪૪	બધુય	બધુંય
૭	૫૦	કર્યેજા	કર્યેંજા
,,	૫૪	કર્મનુ	કર્મનું
,,	૬૧	ઇંદ્રીયોને	ઇંદ્રિયોને
,,	૬૨	નિવૃત્તિ	નિવૃત્તિ
૮	૭૦	જલમાં	જળમાં

પૃષ્ઠ	શ્લોક	અશુદ્ધ	શુદ્ધ
૯	૬	મિથાચારી	મિથ્યાચારી
,,	૭	કર્મેદ્રિય	કર્મેન્દ્રિય
,,	૧૨	દેવે	દેવેં
૧૦	૨૯	ગુણે	ગુણેં
,,	૩૦	લક્ષ તું સુખે	લક્ષ્ય તું સુખેં
૧૧	૪૪	શત્રુએ	શત્રુ એ
,,	૪૮	હણ	હણ્ય
,,	૫૧	અજુન	અર્જુન
૧૨	૫	ઘણાં	ઘણા
,,	૭	જ છુ	જ છું
,,	૮	યુગે યુગે	યુગેં યુગેં
૧૩	૧૮	મનુષ્યે માં	મનુષ્યોમાં
,,	૨૧	વૈરગ્ય	વૈરાગ્ય
,,	૨૪	બધુય	બધુંય
,,	,,	બ્રહ્મદ્દષ્ટિથી	બ્રહ્મદ્રષ્ટિથી
,,	૩૦	પ્રણમાં	પ્રાણમાં
,,	૩૧	શિષ્ટાન	શિષ્ટાન્ન
૧૪	૪	પડિતો	પંડિતો
૧૫	૮	ખાઈ	ખાય
૧૬	૨૭	જ્ઞાનિએને	જ્ઞાનિઓને
,,	૩	યેગે	યોગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પૃષ્ઠ	શ્લોક	અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ઠ	શ્લોક	અશુદ્ધ	શુદ્ધ
૧૬	૪	લે ભાય	લોભાય	૩૬	૯	નિરહંકરિતા	નિરહંકારિતા
"	૨૭	જ્ઞનિઓને	જ્ઞાનિઓને	"	૧૮	જ્ઞનગમ્ય	જ્ઞાનગમ્ય
૧૭	૧૨	જોડવા	જોડવો	૩૭	૨	જ્ઞન	જ્ઞાન
"	૧૩	મસ્ત ડોકને	મસ્તક ડોકને	૩૮	૯	કર્મમાં હિ	કર્મ માંહિ
૧૭	૧૭	દુખ્ખ	દુઃખ્ખ	૩૯	૨૭	સ્થન	સ્થાન
"	૨૮	આત્માંને	આત્માને	૪૦	૯	ખેચે છે	ખેંચે છે
૧૮	૩૫	સવભૂતોમાં	સર્વભૂતોમાં	૪૧	૬	આલોકે	આ લોકે
૨૨	૧૧	સોગબળે	યોગબળે	"	૮	હીન નો	હીન નૈં
૨૫	૨૨	સ્વર્ગભેગ	સ્વર્ગભોગ	૪૩	૧૦	પ્હોરનું	પોરનું
"	૩૪	સઘ	સદ્ય	"	૧૬	ચિતની	ચિત્તની
૨૭	૩૧	પવન	વાયુ હું	૪૪	૨	કર્મોને	કર્મોનો
૨૮	૧૦	દર્શન	વિભૂતિ	"	૯	ફૂળને	ફળને
"	૭	વયુઓ	વાયુઓ	૪૫	૧૭	બધાય	બંધાય
૨૯	૧૬	દેખું	દેખૂં	"	૨૩	છેડીને	છોડીને
૩૦	૨૪	મુખાણુ	મુખાણું	૪૬	૪૮	દુખ નો	દુઃખ ના
૩૧	૩૩	જગત	જગત્	૪૭	૬૧	કરીશ તું	કરીશ યૈ
"	"	ઊગ્ર	ઉગ્ર	"	૬૯	સભળાવશે	સંભળાવશે
૩૩	૫૧	તમેને	તમોને	૪૮	૭૨	શ્રદ્ધણુ	શ્રદ્ધાણુ
"	૫૪	તમેને	તમોને	"	"	મેક્ષ	મોક્ષ
"	"	વિશ્વમર્તે	વિશ્વમૂર્તે	"	૮૦	જયાં	જ્યાં
૩૪	૬૧	દાને	દાનેં	"	૧૮	સંમશ્લોકી	સમશ્લોકી
૩૫	૧૯	સ્થનહીન	સ્થાનહીન				

જ્યાં જ્યાં સત્વ છે ત્યાં સત્ત્વ અને સાત્વિક છે ત્યાં સાત્ત્વિક વાંચવું અર્થાત અર્ધો ત જોડલો વાંચવો.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रसशाला औषधाश्रम, गोंडल, काठिआवाड. विक्रेय पुस्तकानां सूचीपत्रं

रूप्यकाः

१ **श्रीमद् भगवद् गीता**—भोजपत्रोपरि हस्तलिखित प्रतिकाधारेण मुद्रिता ७४५ श्लोकात्मिका संस्कृत प्रस्तावना ६० पृष्ठानि, आंग्ल इंट्रोड्युक्शन ९० पृष्ठानि, द्वितीया वृत्तिः मुद्यते.

२ **श्रिमद् भगवद् गीता**—काश्मीरि पाठानुसृता मूलेन सह आंग्ल संस्कृत टीकायेता (मुद्यते)

३ **सप्तशती**—चंडीपाठः षोडशांगयुतः । पूर्ण सप्तशत ७०० मंत्रोपेतः पत्ररूपः ४

४ **श्रीसूक्तं**—श्रीप्रसादिनी संस्कृत टीका प्रयोगादिभिः संवलितम् चतुर्थ्यावृत्तिकं १।

५ **श्री भुवनेश्वरी पूजा पद्धतिः** ०॥

६ **दशरूपकं**—प्रथमः प्रकाशः मूलेन सह आंग्ल भाषांतरोपेतं, १०

७ **पूर्वपाणिनीयं** ०॥

८ **यज्ञफलं**—भासकृतं नाटकं, श्री राम जन्मारंभात्सीता स्वयंवर पर्यंतं अतिदुर्लभं ४

९ **शिवलहरी**—४० शिखरिणी वृत्तात्मिका भगवन्महेश्वर स्तुतिः ०।

रूप्यकाः

१० **राजवैद्य भाषणं**—लाहोर ओ इं. आ. कोंग्रेसीयं आंग्लं भाषायां १

११ **कृष्णचरितं**—हस्तलिखित ग्रन्थाधारेण सम्राट् समुद्रगुप्त विरचितं अपूर्णं १

१२ संध्या वैश्वदेवः मूलसह गुर्जर विवरणं ०।

१३ **राज्याभिषेक पद्धतिः**—संस्कृत-गुर्जर-आंग्ल भाषायां। २

१४ **गीता गुर्जरी**—गुर्जर भाषात्मिका समश्लोकी गीता। ७४५ श्लोकानां गुर्जर भाषायां राजवैद्य कृता पद्यात्मिका २

१५ **कायाकल्पः**—मूलेन सह आंगल भाषायां। ०॥

१६ **कायाकल्पः** मूलेन सह गुर्जरभाषायां ०॥

१७ **ऋद्धिखंडः**—धातुवादीय सुवर्ण सिद्धिप्रदो संस्कृत ग्रन्थः ४

१८ **रसप्रकाश सुधाकरः**—मूलेन सह गुर्जरभाषांतर सहितः रसचिकित्सात्मकः २

२९ **व्याधि निग्रहः**—मूलमात्रः १।

२१ **आयुर्वेद उपचारशास्त्रं**— १, तमावृत्तिः गुर्जर भा[illegible] ५

गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar